દૈનિક

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 99 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ વૈશાખ સુદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 April 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૨૮ એપ્રિલ ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## ડેડલાઈન પછી ભારતમાં રહેનારા પાક. નાગરિકને ત્રણ વર્ષની જેલ થશે


SCAN FOR TODAY'S GOLD RATE

ANTARA GOLD RATE

WE BUY OLD GOLD AT BEST RATE

ANTARA GOLD & DIAMONDS

DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


નવી દિલ્હીઃ સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી સમયમર્યાદામાં ભારત ન છોડી જનાર પાકિસ્તાની નાગરિકને થશે વધુમાં વધુ ત્રણ વર્ષની જેલની સજા, રૂ. ૩ લાખ દંડ અથવા બંને.

બાવીસ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાનના નાગરિકોને ૪૮ કલાકની અંદર ભારત છોડી જવાનો હુકમ કર્યો હતો.

સાર્ક વિઝા ધરાવનારા પાકિસ્તાની નાગરિકો માટે આ માટેની અંતિમ સમયમર્યાદા ૨૬ એપ્રિલ મુકરર કરવામાં આવી હતી. મેડિકલ વિઝા ધરાવનારાઓ માટે ૨૯ એપ્રિલ સુધીની મુદત નક્કી કરવામાં આવી હતી તો વિઝા ઑન એરાઈવલ, બિઝનેસ, ફિલ્મ, ટ્રાન્ઝીટ, કૉન્ફરન્સ, માઉન્ટેનિયરિંગ, સ્ટૂડન્ટ, વિઝિટર, ગ્રૂપ ટૂરિસ્ટ, યાત્રા, અને ગ્રૂપ યાત્રા વિઝાધારકોને ૨૭ એપ્રિલ સુધીમાં ભારત છોડી દેવા જણાવવામાં આવ્યું હતું.

ચાર એપ્રિલથી અમલી બનેલા ઈમિગ્રેશન ઍન્ડ ફોરેનર્સ ઍક્ટ ૨૦૨૫ મુજબ ઑવરસ્ટેઈંગ, વિઝાના નિયમોનો ભંગ, ઘૂસણખોરી જેવા ગુના બદલ ત્રણ વર્ષની જેલ, રૂ. ત્રણ લાખનો દંડ કે પછી બંને થઈ શકશે.

કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે દેશના તમામ રાજ્યના મુખ્ય પ્રધાનને વ્યક્તિગત રીતે ફોન કરી સરકાર દ્વારા મુકરર કરવામાં આવેલી સમયમર્યાદા બાદ તેમના રાજ્યમાં એક પણ પાકિસ્તાની ન રહે તેની ખાતરી કરવા જણાવ્યું હતું.

અમિત શાહે દેશના પ્રત્યેક રાજ્યના મુખ્ય પ્રધાન સાથે ટેલિફોન પર વાતચીત કર્યાના તુરંત બાદ ગૃહ સચિવ ગોવિંદ મોહને જે પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરવામાં આવ્યા હોય તેઓ સરકાર દ્વારા મુકરર કરવામાં આવેલી સમયમર્યાદા પહેલા ભારત છોડીને જતા રહે તેની ખાતરી કરવા તમામ રાજ્યના મુખ્ય પ્રધાનને જણાવ્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળકરાર રદ કરવા, પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરવા, પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડી જવાનો હુકમ આપવા સહિતનાં વિવિધ પગલાંની જાહેરાત કરી હતી જેને કારણે ભારત-પાકિસ્તાનના સંબંધ વધુ વણસ્યા હતા. (એજન્સી)■






## 'મુંબઈ સમાચાર'ની ડૉક્યુમેન્ટરી 'કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં રજૂ થશે

મુંબઈઃ એશિયાના સૌથી જૂના દૈનિક અખબાર 'મુંબઈ સમાચાર' પર આધારિત દસ્તાવેજી ફિલ્મ (ડૉક્યુમેન્ટરી) 'મુંબઈ સમાચાર ૨૦૦ નૉટ આઉટ' ચાલુ વર્ષે ૧૫થી ૨૦ મે સુધી યોજાનારા 'કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં દર્શાવાશે. મુંબઈ સમાચારની દાયકાઓ જૂની નકલો ડિજિટલ સ્વરૂપમાં સાચવવા વ્યાપક પ્રયાસ હાથ ધરાઇ રહ્યા છે તેમ જ તાજેતરમાં 'મુંબઈ સમાચાર'ની ઇંગ્લિશ વેબસાઇટ શરૂ કર્યા બાદ આ અખબાર મરાઠી અને હિંદીમાં પણ વેબસાઇટ શરૂ કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેએ જણાવ્યું હતું કે અમે અમારા અખબારની દાયકાઓ જૂની નકલો ડિજિટલ સ્વરૂપમાં સાચવવા વિવિધ એજન્સીની સાથે વાટાઘાટ કરી રહ્યા છીએ. અખબારમાં પ્રસિદ્ધ થયેલી અંદાજે ૧૦,૦૦૦ સ્ટોરીનો પણ વેબસાઇટમાં સમાવેશ કરીશું. હાલમાં અમારી પાસે અખબારની ૧૯૩૨થી ૧૯૪૭ સુધીની અને તેની પહેલાની ૧૮૫૭ સુધીની કેટલીક નકલ છે, પરંતુ તે ઘણી જૂની હોવાથી તેના કાગળ સારી સ્થિતિમાં નથી અને તેથી તેને ડિજિટલ સ્વરૂપમાં સાચવવી જરૂરી છે.

નીલેશ દવેએ જણાવ્યું હતું કે અમે 'મુંબઈ સમાચાર'ની ઇંગ્લિશ વેબસાઇટ તાજેતરમાં શરૂ કરી છે અને હવે મરાઠી તેમ જ હિંદીમાં પણ શરૂ કરાશે.

તંત્રીએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દસ્તાવેજી ફિલ્મ 'મુંબઈ સમાચાર ૨૦૦ નૉટ આઉટ'નું ટ્રેલર લૉન્ચ કર્યું હતું અને બાદમાં કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે મુંબઈમાં ૨૦૨૪ના સપ્ટેમ્બરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં આ ડૉક્યુમેન્ટરી રિલીઝ કરી હતી. હવે આ દસ્તાવેજી ફિલ્મ


(જુઓ પાનું ૨) ▸▸


### 'મુંબઈ સમાચાર'ના સ્થાપના દિનને 'ગુજરાતી પત્રકારત્વ દિવસ' તરીકે જાહેર કરવાની બાંયધરી



ગાંધીનગરઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એશિયાના સૌથી જૂના દૈનિક અખબાર 'મુંબઈ સમાચાર'ના સ્થાપના દિન પહેલી જુલાઇને 'ગુજરાતી પત્રકારત્વ દિવસ' તરીકે જાહેર કરવાની બાંયધરી તંત્રી નીલેશ દવેને આપી હતી.

નીલેશ દવેએ અહીં ભૂપેન્દ્ર પટેલને મળીને 'મુંબઈ સમાચાર'ના સ્થાપના દિને યોજાનારા કાર્યક્રમમાં હાજર રહેવાનું આમંત્રણ આપ્યું હતું.


(જુઓ પાનું ૨) ▸▸


## સુરતમાં ગુજરાતનું પહેલું ગોલ્ડ એટીએમ શરૂ થયું

### એક ગ્રામથી ૨૦ ગ્રામ સોનાની ખરીદી કરી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનું સૌપ્રથમ પહેલા ગોલ્ડ એટીએમની શરૂઆત સુરતથી કરવામાં આવી છે. અહીંથી લોકો ૨૪ કલાકમાં ગમે ત્યારે સોના કે ચાંદીના સિક્કાની ખરીદી કરી શકશે. આ એટીએમમાંથી ૧ ગ્રામથી લઈને ૨૫ ગ્રામ સુધીના સોના-ચાંદીના સિક્કાની ખરીદી કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. મહત્ત્વની વાત એ છે કે, ડિજિટલ ટ્રાન્જેક્શનથી હવે સોના અને ચાંદીના સિક્કા ખરીદી કરી શકાશે. આ મશીનનું વજન ૬૦૦ કિલો જેટલું છે, તેની સુરક્ષા માટે કૅમેરા પણ ગોઠવવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારોમા ભાવોમાં જે ફેરફાર થાય છે, તે એટીએમની સ્ક્રીન ઉપર દેખાશે. આ એટીએમમાં કોઈ પણ પ્રકારનું ટેમ્પરીંગ થઈ શકશે નહીં. મહત્ત્વની વાત એ છે કે, હવે અદાણીના તમામ દેશના એરપોર્ટ પર અને અન્ય એરપોર્ટ ઉપર પણ મશીન મૂકવાનું આયોજન ચાલી રહ્યું છે. આ સાથે દેશના તિરુપત્તિ બાલાજી સહિત અન્ય મોટા મંદિરોમાં પણ આ ગોલ્ડ એટીએમ મૂકવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ■

## પહલગામ હુમલાની તપાસ એનઆઈએએ હાથમાં લીધી

નવી દિલ્હીઃ ૨૮ નિર્દોષ નાગરિકનો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલાની તપાસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ હાથમાં લીધી છે, એમ અધિકારીઓએ રવિવારે કહ્યું હતું.

એનઆઈએની તપાસમાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ હુમલામાં ત્રણ વિદેશી (પાકિસ્તાની) આતંકવાદી અને એક સ્થાનિક ત્રાસવાદી હતો. આ સ્થાનિક આતંકવાદી આદિલ થોકર હતો. આતંકવાદીઓ લગભગ વીસથી બાવીસ કલાક ચાલીને બૈસરન ખીણપ્રદેશમાં પહોંચ્યા હતા. તેમની પાસે એકે-૪૭ અને એમ-ફોર જેવા અત્યાધુનિક શસ્ત્રો હતો.

ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ (આઈજીપી), ડેપ્યુટી જનરલ ઑફ પોલીસ (ડીજીપી) અને સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (એસપી)ના વડપણ હેઠળની એનઆઈએની ટીમ હુમલાના સાક્ષીઓની પૂછપરછ કરી રહી છે, એમ તેમણે કહ્યું હતું.

ઘટનાક્રમને જોડવા સાક્ષીઓને બારીકમાં બારીક વસ્તુઓ પૂછવામાં આવી રહી છે.

આતંકવાદીઓની મોડસ ઑપરેન્ડી સમજવા અને સગડ મેળવવા ઘટનાસ્થળની એન્ટ્રી અને એક્ઝિટ પૉઈન્ટની પણ એનઆઈએ દ્વારા સઘન તપાસ


(જુઓ પાનું ૨) ▸▸


## ત્રાસવાદ સામે દરેક ભારતીયનું લોહી ઊકળી રહ્યું છેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'મન કી બાત' નામના માસિક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ત્રાસવાદી હુમલાને કારણે દેશના દરેક નાગરિકનું લોહી ઊકળી ઊઠ્યું છે. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાંના ત્રાસવાદી હુમલાનો ભોગ બનેલા લોકોને જરૂર ન્યાય અપાવીશું.

મોદીએ જણાવ્યું હતું કે ત્રાસવાદ સામેની લડતમાં દેશના ૧.૪૦ અબજ નાગરિકોની એકતા જ સૌથી મોટી તાકાત બનીને રહેશે. ત્રાસવાદીઓના હુમલાને લગતા ફોટા જોઇને દરેક ભારતીય ગુસ્સે ભરાયા છે.

તેમણે પાકિસ્તાનનું નામ લીધા વિના તેના પર શાબ્દિક-પ્રહાર કરતા જણાવ્યું હતું કે ત્રાસવાદને ફેલાવનારા રાષ્ટ્રની સામે કડક કાર્યવાહી કરતા નહિ અચકાઇએ. જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ હતી, પર્યટકો મોટી સંખ્યામાં આવી રહ્યા હતા અને વિકાસકાર્યો મોટા પાયે હાથ ધરાઇ રહ્યા છે, પરંતુ આ સારી વાત દુશ્મનોને નથી ગમતી એટલે અશાંતિ ફેલાવવા આ હુમલા કરાવાયા હતા.

વડા પ્રધાને અંતરિક્ષમાંના દેશના વિવિધ કાર્યક્રમ અંગે જણાવ્યું હતું કે ભારતે હવે અંતરિક્ષ ક્ષેત્રે હરણફાળ ભરી છે અને તેમાં 'મહાસત્તા' બની ગયું છે. ભારતના 'સ્પેસ પ્રોગ્રામ' વિશ્વમાં સૌથી ઓછા ખર્ચવાળા હોય છે. ઘણાં યુવાનોએ અંતરિક્ષના ક્ષેત્રે સ્ટાર્ટ-અપ્સ શરૂ કરી છે. દેશમાં 'સ્પેસ પ્રોગ્રામ' માટે હાલમાં ઓછામાં ઓછી ૩૨૫ કંપની કામ કરી રહી છે. આપણે બે દિવસ પહેલાં જ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)ના ભૂતપૂર્વ વડા કસ્તૂરીરંગનને ગુમાવ્યા હતા. તેમણે દેશના અંતરિક્ષ ક્ષેત્રના કાર્યક્રમોમાં મોટું યોગદાન આપ્યું હતું.

મોદીએ જણાવ્યું હતું કે દેશે આર્યભટ્ટ ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂક્યો, તેને આ વર્ષના એપ્રિલમાં પચાસ વર્ષ પૂરા થયા છે અને આ સમયગાળા દરમિયાન ભારતે અંતરિક્ષ ક્ષેત્રે હરણફાળ ભરી છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર અવકાશયાન ઉતારનારો દુનિયાનો પ્રથમ દેશ બન્યો હતો. ભારત હવે 'ગગનયાન', 'સ્પેડેક્સ' અને 'ચંદ્રયાન-ફૉર'ની તૈયારી કરી રહ્યું છે. આ ઉપરાંત, શુક્ર તેમ જ મંગળના ગ્રહ માટેના મિશન પણ હાથ ધરાશે.

ચંપારણ સત્યાગ્રહને યાદ કરીને મોદીએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીએ ૧૯૧૭માં કરેલા આ સત્યાગ્રહની સામે અંગ્રેજોએ નમતું જોખવું પડ્યું હતું. ગાંધીજીએ ૧૨ માર્ચથી છ એપ્રિલ સુધી 'દાંડીકૂચ' કરી હતી. જલિયાંવાલા બાગ હત્યાકાંડ પણ એપ્રિલમાં થયો હતો. સ્વતંત્રતાની ચળવળના પ્રારંભનો


(જુઓ પાનું ૨) ▸▸


### ઓટીટી અને સોશ્યલ મીડિયા પર અશ્લીલ કન્ટેન્ટ પર રોક લગાવવાની માગ

## સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી

નવી દિલ્હીઃ ઓટીટીને લઇને અનેકવાર એવી ચર્ચા થાય છે કે તે વધુ બોલ્ડ અને અશ્લીલ સામગ્રીને પ્રોત્સાહન આપે છે. ઘણા લોકોએ ઓટીટી સામે કડક કાયદો લાવવાની વાત પણ કરી છે. હવે સુપ્રીમ કોર્ટ આજે સોમવારે આ મામલાને લગતી અરજી પર સુનાવણી કરશે. આ અરજીમાં કેન્દ્રને ઓટીટી અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ખુલ્લેઆમ અશ્લીલ કન્ટેન્ટના સ્ટ્રિમિંગને રોકવા માટે યોગ્ય પગલાં લેવા નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે.

આ અરજીમાં ઓટીટી પ્લેટફોર્મ પર અશ્લીલ કન્ટેન્ટના સ્ટ્રિમિંગ પર પ્રતિબંધ મૂકવા માટે નેશનલ કન્ટેન્ટ કન્ટ્રોલ ઑથોરિટીની રચના માટે માર્ગદર્શિકા નક્કી કરવાની માગ કરવામાં આવી છે. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચ આ અરજી પર સુનાવણી કરશે.

અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે સોશિયલ મીડિયા સાઇટ્સ પર એવા પેજ અથવા પ્રોફાઇલ છે જે કોઈપણ ફિલ્ટર વિના અશ્લીલ કન્ટેન્ટ બતાવી રહ્યા છે, જ્યારે વિવિધ ઓટીટી પ્લેટફોર્મ્સ પણ ચાઇલ્ડ પોર્નોગ્રાફી સંબંધિત અશ્લીલ કન્ટેન્ટ પણ સામેલ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આવા અશ્લીલ કન્ટેન્ટ યુવાનો, બાળકો અને લોકોના મન પર નકારાત્મક અસર કરે છે, જેના કારણે ગુનામાં પણ વધારો થાય છે. જો તેના પર કોઈ નિયંત્રણ ન રાખવામાં આવે તો તેના પરિણામો વધુ ગંભીર હોઈ શકે છે.

અરજીમાં કેન્દ્ર સરકારને સોશિયલ મીડિયા અને ઓટીટી પ્લેટફોર્મ પર પોર્નોગ્રાફિક સામગ્રીને દરેકને ઍક્સેસ મળતી રોકવા માટે નિર્દેશો આપવાની


(જુઓ પાનું ૨) ▸▸


## ઉત્તર પ્રદેશના શ્રાવસ્તીમાં ગેરકાયદે ચાલતા ૧૦ મદરેસા બંધ કરાવાયાં

શ્રાવસ્તી (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના શ્રાવસ્તી જિલ્લામાં વહીવટીતંત્રે ગેરકાયદે રીતે કાર્યરત ૧૦ મદરેસાને બંધ કરી દીધા છે. રવિવારે એક અધિકારીએ આ માહિતી આપી હતી. જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારી દેવેન્દ્ર રામે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''શ્રાવસ્તીમાં કુલ ૨૯૭ મદરેસા છે, જેમાંથી ૧૯૨ માન્યતા પ્રાપ્ત છે. શનિવારે નેપાળ સરહદની ૧૫ કિલોમીટરના વિસ્તારમાં ભારતીય ક્ષેત્રમાં ૧૦ મદરેસા બંધ કરવામાં આવ્યા હતા. આમાં અનેક પ્રકારની અનિયમિતતાઓ જોવા મળી છે.''

તેમણે કહ્યું હતું કે ''આમાંથી મોટાભાગના ગુપ્ત રીતે ચલાવવામાં આવી રહ્યા હતા, કેટલાક ગેરકાયદે ભાડાના મકાનો અથવા રહેઠાણોમાં અને કેટલાક નિર્માણાધીન ઇમારતોમાં ચાલી રહ્યા હતા.''

જિલ્લા મેજિસ્ટ્રેટ કાર્યાલય (માહિતી વિભાગ દ્વારા) તરફથી જાહેર કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, જિલ્લા મેજિસ્ટ્રેટ અજય કુમાર દ્વિવેદીના નિર્દેશ પર જિલ્લામાં કાર્યરત ગેરકાયદે અને માન્યતા પ્રાપ્ત ન હોય તેવા મદરેસાઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.■




એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગુજરાતમાં બાંગ્લાદેશીઓ સામે પહેલાં કેમ કાર્યવાહી ના થઈ?

**કાશ્મીરના** પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી શું થશે ને આ હુમલાનો જવાબ આપવા મોદી સરકાર શું કરશે તેની અટકળો ચાલી રહી છે. મોદીએ આતંકવાદીઓએ કલ્પના પણ ના કરી હોય એવો જવાબ આપવાનો હુંકાર કર્યો પણ આ પગલાં શું હશે તેનો ફોડ નથી પાડ્યો. એ સ્વાભાવિક પણ છે કેમ કે દુશ્મન પર વાર આપણી સ્ટ્રેટેજી જાહેર કરીને ના કરાય. આપણી વ્યૂહરચના દુશ્મન જાણી જાય તો એ વ્યૂહરચના જ ના રહે કેમ તે દુશ્મન પાસે તેનો તોડ તૈયાર જ હોય.

મોદી સરકાર એ રીતે પરફેક્ટલી યુદ્ધના નિયમો પ્રમાણે વર્તી રહી છે ત્યારે કેટલીક ટીવી ચેનલો, વેબસાઈટ્સ અને અખબારો પણ યુધ્ધનીતિના નિષ્ણાત બનીને મોદી આમ કરી નાંખશે ને તેમ કરી નાંખશે તેની ફેંકાફેંકમાં લાગેલા છે.

મોદી આતંકવાદીઓને નેસ્તનાબૂદ કરી નાખવા ફલાણી વ્યૂહરચના અપનાવશે ત્યાંથી માંડીને પાકિસ્તાનને ખતમ કરી નાંખવા પૂંછડું કરી નાખશે ત્યાં સુધીની વાતોનાં વડાં કરાઈ રહ્યાં છે. મોદી તેમને પૂછીને બધું કરવાના હોય એ રીતે ફેંકાફેંક ચાલી રહી છે. આ ફેંકાફેંક મીડિયા પોતાની મરજીથી કરી રહ્યું છે કે સરકારના ઈશારે કરી રહ્યું છે તેની ખબર નથી પણ તેના કારણે નુકસાન મોદી સરકારને થઈ રહ્યું છે. મોદી સરકાર પર વણજોઈતું દબાણ પેદા થઈ રહ્યું છે અને અપેક્ષાઓ વધી રહી છે. આ અપેક્ષાઓ પર સરકાર ઊણી ઊતરે તો લોકોમાં નિરાશા પણ વ્યાપશે અને હતાશા પણ ફેલાશે. સરકાર માટે એક પ્રકારની નકારાત્મકતાનો માહોલ ઊભો થશે.

આ સ્થિતિ પેદા ના થાય એટલે મીડિયાએ ચૂપ રહેવું જોઈએ. આતંકવાદીઓને જવાબ આપવાનું અને તેના માટે સ્ટ્રેટેજી ઘડવાનું કામ સરકારનું છે ને સરકારને એ કામ કરવા દેવું જોઈએ. સરકાર સારી રીતે કામ ના કરી શકે તો લોકો ભવિષ્યમાં તેનો હિસાબ કરશે પણ અત્યારે નકારાત્મક માહોલ ઊભો ના થાય એ જરૂરી છે. દેશના હિતમાં સરકાર જે પણ પગલાં લે તેને ટેકો આપવો એ દેશપ્રેમી નાગરિક તરીકે બધાંની ફરજ છે ને તેમાં મીડિયા પણ આવી ગયું...

મીડિયાને લાગુ પડે છે એ જ વાત ભાજપ શાસિત સરકારોને પણ લાગુ પડે છે. ગુજરાત સરકારે કહેવાતા ગેરકાયદે રીતે રહેતા બાંગ્લાદેશીઓ સામે શરૂ કરેલી ઝુંબેશ છે. પહલગામ આતંકવાદી હુમલાના ચાર દિવસ પછી અચાનક ગુજરાતની ભાજપ સરકારે ગુજરાતમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓની અટકાયતનો કાર્યક્રમ શરૂ કરી દીધો. મુખ્યત્વે અમદાવાદ અને સુરત એ બે શહેરોમાં આ કામગીરી કરાઈ છે.

અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચે ૯૮૦ થી વધુ બાંગ્લાદેશીઓની અટકાયત કરી છે જ્યારે સુરતથી ૧૩૪ બાંગ્લાદેશી પકડાયા છે. બધું મળીને ગુજરાતમાંથી ૧૧૦૦થી વધારે બાંગ્લાદેશીઓની અટકાયત કરાઈ છે. આ અટકાયત પછી ગુજરાત સરકારે પ્રેસ કોન્ફરન્સ કરી અને ગુજરાતના રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ ગેરકાયદે અમદાવાદમાં રહેતા બાંગ્લાદેશીઓ સામેની આ સૌથી મોટી કાર્યવાહી બદલ અમદાવાદ અને સુરત પોલીસને અભિનંદન આપ્યા. હર્ષ સંઘવીએ દાવો કર્યો કે, અમદાવાદ અને સુરતના ખૂણા ખૂણામાંથી શોધીને બાંગ્લાદેશીઓને બહાર કાઢ્યા છે.

સંઘવીએ ચેતવણી પણ આપી કે, આ બાંગ્લાદેશીઓને આશરો આપનારાના પણ ખરાબ હાલ થશે. સંઘવીએ દાવો પણ કર્યો કે, બંગાળથી ફેક ડોક્યુમેન્ટના આધારે આ બાંગ્લાદેશીઓ ગુજરાત આવ્યા હતા અને તેમાંથી કેટલાક લોકો ડ્રગ્સ, હ્યુમન ટ્રાફિકિંગ તથા અલ કાયદાના સ્લીપર સેલ સાથે જોડાયેલા છે. અમદાવાદમાં તો પોલીસ ફૂટબોલ ગ્રાઉન્ડથી બાંગ્લાદેશીઓનું સરઘસ કાઢીને પોલીસ સ્ટેશન સુધી લઈ ગઈ.

પોલીસ ગેરકાયદે ભારતમાં રહેતા વિદેશીઓને શોધી કાઢે એ સારું છે. ગેરકાયદે રહેતા વિદેશીઓ દેશની સુરક્ષા સામે ખતરો પેદા કરતા હોય છે તેથી તેમની સામે કાર્યવાહી કરવામાં કશું ખોટું નથી, પણ સવાલ એ થાય કે, અત્યાર સુધી આ બાંગ્લાદેશીઓ પર સરકારની કે પોલીસની નજર કેમ ના પડી ? આ બાંગ્લાદેશીઓ અમદાવાદમાં કે સુરતમાં ચાર દિવસ પહેલા તો આવીને રહ્યા નથી પણ વરસોથી રહેતા હશે ને છતાં તેમના અસ્તિત્વ વિશે પોલીસને કેમ ખબર નહોતી ?

ગુજરાતના રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન કહે છે તેમ તેમાંથી ઘણા ડ્રગ્સ, હ્યુમન ટ્રાફિકિંગ તથા અલ કાયદાના સ્લીપર સેલ સાથે જોડાયેલા છે. આ લોકો સમાજ માટે કેટલા ખતરનાક બની શકે એ કહેવાની જરૂર નથી. આવા ખતરનાક લોકો ગુજરાતમાં રહે છે તેની પોલીસને ખબર જ નહોતી તો પોલીસ શું કરતી હતી ? ઈન્ટેલિજન્સ એજન્સીઓ શું કરતી હતી ? અત્યાર સુધી આ લોકોને પકડીને તેમની સામે કેમ કોઈ કાર્યવાહી ના કરાઈ ?

આ સવાલના જવાબ બધાને ખબર છે. આ બધી મથામણ પહલગામ આતંકવાદી હુમલાના કારણે વઢાયેલું નાક પાછું જોડવાની છે. આતંકવાદીઓ હુમલો કરીને અને લોકોનાં ઢીમ ઢાળીને જતા રહ્યા. આતંકવાદીઓને પોષનારા પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈના અધિકારીઓ આપણી પહોંચની બહાર છે, આતંકવાદીઓના આકા સુધી પણ આપણે પહોંચી શકતા નથી તેથી સૌથી સોફ્ટ ટાર્ગેટ એવા બાંગ્લાદેશીઓને ઝૂડવાનો કાર્યક્રમ શરૂ થઈ ગયો છે.

આ કાર્યક્રમ કેટલા દિવસ ચાલશે અને કેટલા બાંગ્લાદેશીઓને ડીપોર્ટ કરાશે એ સમય કહેશે. આશા રાખીએ કે ગુજરાતમાં ભાજપની સરકાર ગેરકાયદે રહેતા તમામ બાંગ્લાદેશીઓને તગેડીને જ દમ લે. ચાર દિવસ ધમાધમી કર્યા પછી બધું ટાઢું ના પડી જાય. બાકી ત્રણેક મહિના પહેલાં પણ ગુજરાતમાંથી ૧૦૦થી વધારે ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને પકડેલા. તેમાંથી કેટલાંને ડીપોર્ટ કરી દેવાયા ને કેટલા હજુ અહીં જ છે તેનો સરકાર હિસાબ આપતી નથી.

ગુજરાતની ભાજપ સરકાર પોતાની મતિ પ્રમાણે વર્તી રહી છે, પણ ભાજપની સરકારોએ ખરેખર આવાં ફાંફાં મારવાની જરૂર જ નથી. મોદી સરકારે પોતે સ્વીકાર્યું છે કે, સુરક્ષામાં ચૂક થઈ ગઈ છે અને આ ચૂક નિવારવા પગલાં લેવાઈ રહ્યાં છે. આતંકવાદીઓને જવાબ આપવાની પણ મોદીએ પોતે ખાતરી આપી છે ત્યારે ભાજપના નેતાઓએ મોદીની વાત પર ભરોસો રાખવો જોઈએ. આતંકવાદ સામેની લડાઈઓ લાંબી ચાલે છે, તેમાં રાતોરાત કશું થતું નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,
સોમવાર, તા. ૨૮–૪–૨૦૨૫, ઈષ્ટિ, દેવદામોદર તિથિ

- ભારતીય દિનાંક ૮, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ –૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ–૧
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૨જો અર્દીબહેસ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧લો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૧–૩૭ સુધી પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૩ સુધી (તા. ૨૯), પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૦, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ.૫૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ધ્ર
- ભરતીઃ બપોરે ક. ૧૨–૨૭, મધ્યરાત્રે ક. ૦૦–૧૬ ● ઓટઃ સાંજે ક. ૧૮–૨૭,
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ – પ્રતિપદા. ઈષ્ટિ, દેવદામોદર તિથિ (આસામ). ● શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- વૈશાખ માસ સંક્ષિપ્તઃ (તા. ૨૮–૪–૨૫થી તા. ૨૭–૫–૨૫) શુક્લ પક્ષમાં ક્ષય વૃદ્ધિ નથી. દિવસ–૧૫ છે. કૃષ્ણપક્ષમાં છઠ્ઠની વૃદ્ધિ, સાતમનો ક્ષય, દિવસ–૧૫ એમ કુલ ૩૦ દિવસનો આ માસ છે. વૈશાખી પૂનમના રોજ ચંદ્રગ્રહણ નથી. વૈશાખી અમાસના રોજ સૂર્યગ્રહણ નથી. આ માસનું મુખ્ય મુહૂર્ત પર્વ અક્ષયતૃતીયા, બદ્રીકેદાર યાત્રાનો પ્રારંભ છે. આદિ શંકરાચાર્ય, શ્રી રામાનુજાચાર્ય જયંતી તા. ૨જીમેએ છે. આદિ શંકરાચાર્ય કૈલાસગમન તા. ૧૧મેએ છે. ધનિષ્ઠા નવક, મડાપંચક તા. ૧૯થી ૨૭ છે. તેમાં નવા ફર્નિચરનો પ્રારંભ, પેન્ટિંગનો પ્રારંભ, નવા બાંધકામ, જિર્ણોદ્ધારનો પ્રારંભ કરવો નહીં, ચૈત્રાદિ માસથી દિવાળી પર્યંતમાં મહાપર્વો ઉત્સવો ઉજવાય છે.
- મુહૂર્ત વિશેષઃ યમ દેવતાનું પૂજન, માલ વેંચવો, મધ્યાહ્નમાં નીકળવું નહીં, ખેતીવાડીના કામકાજ, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, આમલીનું વૃક્ષ વાવવું, ચંદ્ર–શુક્ર ગ્રહદેવતાનું પૂજન, શિવ–પાર્વતી પૂજા, હાથીની લેવડદેવડ. આચમનઃ ચંદ્ર–શનિ અર્ધચતુષ્કોણ મતલબી સ્વભાવ. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, માર્ગી મંગળ–કર્ક, માર્ગી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, માર્ગી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# કૅનેડાના વૅનકુંવરમાં કાર હુમલામાં નવનાં મોત

વાનકુંવરઃ કૅનેડાના વાનકુંવરમાં શનિવારે સ્ટ્રીટ ફેસ્ટિવલ (ફિલિપો કલ્ચર)ની ઉજવણી દરમિયાન રાત્રે ૮.૧૪ વાગે કરવામાં આવેલા કાર હુમલામાં નવ જણનાં મોત અને અનેક ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

વાનકુંવર પોલીસના જણાવ્યાનુસાર કાર શનિવારે રાત્રે ૮:૧૪ વાગે સ્ટ્રીટમાં પ્રવેશી હતી જ્યાં લોકો લાપુ લાપુ ડે ફેસ્ટિવલની ઉજવણી કરી રહ્યા હતા.

કારચાલકે ઉપસ્થિત જનમેદનીને નિશાન બનાવી કરેલા કાર હુમલામાં અનેક લોકોનાં મોત થયાં હોવા ઉપરાંત સંખ્યાબંધ લોકો ઘાયલ થયા હોવાનું પોલીસે કહ્યું હતું. જોકે, મૃતકો અને ઘાયલોની સંખ્યાનો આંક જાણવા મળી શક્યો નહોતો.

ઘટનાને મામલે વાનકુંવરના ૩૦ વર્ષના રહેવાસીની ધરપકડ કરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

સાઉથ વાનકુંવરના પડોશમાં આ તહેવારની ઉજવણી કરવામાં આવી રહી હતી. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં રસ્તા પર અનેક મૃતદેહ તેમ જ કાટમાળ પડેલા જોવા મળ્યા હતા.

કાળા રંગની એસયુવી કારનો આગળનો હિસ્સો પણ તસવીરમાં જોવા મળ્યો હતો.

વાનકુંવરના મેયર કૅનેથ સિમે ઘટના અંગે ખેદ વ્યક્ત કર્યો હતો અને અસરગ્રસ્ત પરિવારો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

વડા પ્રધાન માર્ક કાર્નિ સહિતના રાજકારણીઓએ આ આઘાતજનક ઘટના અંગે ખેદ અને સહાનુભૂતિ વ્યક્ત કરતી પૉસ્ટ સોશિયલ મીડિયા પર મૂકી હતી. (એજન્સી) ■

# પીઓકેમાં કટોકટીઃ ડૉક્ટર્સ, પેરામેડિકલ સ્ટાફની રજા રદ

લાહોરઃ પહલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. ઝેલમ નદીમાં અચાનક જળસ્તર વધતાં પાકિસ્તાનના તાબા હેઠળના પીઓકેએ અનેક પ્રતિબંધો લગાવ્યા છે. સ્વાસ્થ્યકર્મીઓની રજા રદ કરી દેવામાં આવી છે, તેમ જ હૉસ્પિટલોને પણ કટોકટી માટે તૈયાર રહેવા આદેશ આપવામાં આવ્યો છે. સરકારી વાહનોના ખાનગી ઉપયોગ પર પણ પ્રતિબંધ લગાવ્યો છે.

પાકિસ્તાની મીડિયા અનુસાર પાકિસ્તાનના મુઝફ્ફરાબાદ જિલ્લાની આસપાસ પાણીનું સ્તર ઝડપથી વધી રહ્યું છે અને પૂર જેવી સ્થિતિ ઉત્પન્ન થઇ છે. આ દરમિયાન આ વિસ્તારમાં કટોકટી પણ લાદવામાં આવી છે. પાકિસ્તાની મીડિયાએ આ બધા માટે ભારતને જવાબદાર ઠેરવ્યું છે. અહેવાલ મુજબ ભારતે પાકિસ્તાનને જાણ કર્યા વિના ઝેલમ નદીમાં પાણી છોડી દીધું છે. જેના કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ હોવાથી પાકિસ્તાનના સ્થાનિક વહીવટીતંત્રે હટિયન બાલામાં કટોકટી જાહેર કરી છે અને મસ્જિદોમાં જાહેરાતો દ્વારા સ્થાનિકોને ચેતવણી આપવામાં આવી છે. ઉત્તર કાશ્મીરના બારામુલા જિલ્લામાંથી પાણી પ્રવેશ્યું હતું અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના ચકોઠી વિસ્તારમાં પણ જળસ્તર વધી રહ્યું છે. દેશમાં કટોકટીની સ્થિતિને જોતાં તમામ સ્વાસ્થ્ય કેન્દ્રોના પ્રભારીને અનિચ્છનીય ઘટના બને તો તમામ જિલ્લા હૉસ્પિટલો, સારવાર કેન્દ્રોમાં ડૉક્ટર્સ, પેરામેડિકલ સ્ટાફ અને એમ્બ્યુલન્સ ચાલકોને તૈયાર રહેવા જણાવ્યું છે. ઉપરાંત જે ડૉક્ટર, પેરામેડિકલ સ્ટાફ રજા પર હોય તેમને તાત્કાલિક રજા કેન્સલ કરીને ફરજ પર હાજર થવાનું કહેવામાં આવ્યું છે. બેદરકારી દાખવનારા ડોક્ટર, પેરામેડિકલ સ્ટાફ સામે કાર્યવાહી કરવામાં આવશે. આદેશ તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે. ભારત ગમે ત્યારે મોટી કાર્યવાહી કરશે તેવા ભયથી પાકિસ્તાન ફફડી ઉઠ્યું છે. ભારતીય સુરક્ષા એજન્સીઓએ ઈમરજન્સીના આદેશથી ગંભીરતાથી લીધો છે. ગુપ્તચર રિપોર્ટ અનુસાર, પહલગામ અને તેની આસપાસના વિસ્તારમાં અસામાન્ય સૈન્ય કે આતંકી ગતિવિધિ વધી શકે છે. પાકિસ્તાની સેનાએ એકતા બતાવવા અને ભારત સામે આક્રમક પગલાં લેવા કરાચીમાં રેલી કાઢી હતી. ■

### પહલગામ હુમલા બાદ સરકારનો એક વધુ સખત નિર્ણય

# ચારધામની યાત્રા નહીં કરી શકે પાકિસ્તાની હિન્દુઓ

નવી દિલ્હીઃ પહલગામ હુમલા બાદ કેન્દ્ર સરકારે ઘણા સખત પગલાં લીધા છે. માત્ર શસ્ત્રો દ્વારા જ નહીં પણ વ્યૂહાત્મક રીતે પણ પાકિસ્તાનને ઘેરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન સરકારની છત્રછાયામાં મોટા થઈ આતંક ફેલાવતા આતંકવાદીઓને લીધે અહીંની જનતાએ પણ સહન કરવાનો વારો આવ્યો છે. ભારતે વિઝા સાથે ભારતમાં રહેતા પાકિસ્તાનીઓને પણ દેશ છોડી જવાનો આદેશ આપ્યો છે.

આ દરમિયાન કેન્દ્ર સરકારે વધુ એક સખત નિર્ણય લીધો છે. ૩૦મી એપ્રિલથી શરૂ થનારી પવિત્ર ચારધામ યાત્રામાં પાકિસ્તાની હિન્દુઓ ભાગ નહીં લઈ શકે, તેમ કેન્દ્ર સરકારે જણાવ્યું છે. સરકારના આ નિર્ણયથી રજિસ્ટ્રેશન કરાવેલા ૭૭ પાકિસ્તાની હવે ચારધામની યાત્રામાં ભાગ લઈ શકશે નહીં.

ચારધામ યાત્રા માટે અત્યાર સુધીમાં ૨૧ લાખ જેટલા શ્રદ્ધાળુએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે જેમાં ૨૪,૦૦૦ કરતા પણ વધારે યાત્રીઓ વિદેશના હોવાનું જાણવા મળ્યું છે. સરકારે સુરક્ષાના કારણો આપી પાકિસ્તાની હિન્દુ યાત્રીઓ પર પ્રતિબંધ મૂક્યો છે.

પહલગામ હુમલા બાદ ચારધામ યાત્રા માટે સુરક્ષા સરકારની પહેલી પ્રાથમિકતા છે. ૩૦મી એપ્રિલથી કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમનોત્રીની યાત્રાએ લાખો શ્રદ્ધાળુઓ આવશે. ■

# પહલગામ મુદ્દે એફબીઆઇએ ભારતને ટેકો આપ્યો

વૉશિંગ્ટનઃ ફેડરલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિશન (એફબીઆઈ)ના ડિરેક્ટર કાશ પટેલે કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલાને મામલે ભારતને અમારો સંપૂર્ણ ટેકો છે.

પહલગામ જેવા આતંકવાદી હુમલા વિશ્વને આતંકવાદના જોખમની સતત યાદ અપાવે છે, એમ તેમણે કહ્યું હતું.

હુમલાને પગલે ભારતના સુરક્ષા દળે કરેલી કાર્યવાહીની તેમણે પ્રશંસા કરી હતી. આતંકવાદીઓએ મંગળવારે પહલગામમાં કરેલા હુમલામાં ૨૮ નિર્દોષ લોકો (મોટાભાગના પર્યટકો)નાં મોત થયાં હતાં. વર્ષ ૨૦૧૯માં કરવામાં આવેલા પુલવામા હુમલા બાદનો આ સૌથી ઘૃણાસ્પદ અને જીવલેણ આતંકવાદી હુમલો હતો.

પાકિસ્તાનસ્થિત પ્રતિબંધિત આતંકવાદી જૂથ લશ્કરે તૈયબાના પ્રોક્સી 'ધ રેસિસ્ટન્સ ફોર્સ' (ટીઆરએફ)એ પહલગામ હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

ઘટનાનો ભોગ બનેલા લોકોના પરિવારજનો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી તેમણે ભારત સરકારને સંપૂર્ણ ટેકો આપવાની જાહેરાત કરી હતી.

બાવીસ એપ્રિલે પહલગામમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાને વિશ્વભરના દેશોએ એક સૂરે વખોડી કાઢ્યો હતો.

પચીસ એપ્રિલે ડિરેક્ટર ઑફ નેશનલ ઈન્ટેલિજન્સ તુલસી ગબાર્ડે પણ કહ્યું હતું કે આ મામલે અમેરિકા ભારતની સાથે છે. અમેરિકાના વિદેશ ખાતાએ પણ આ મામલે ભારતને ટેકો જાહેર કર્યો હતો અને પહલગામ હુમલા સાથે સંકળાયેલા તમામ લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની હાકલ કરી હતી. (એજન્સી) ■

# મધ્ય પ્રદેશમાં વૅન બાઈક સાથે અથડાઈને કૂવામાં પડીઃ ૧૧નાં મોત

મંદસૌર : મધ્ય પ્રદેશના મંદસૌરમાં પૂરપાટ વેગમાં જતી વૅન એક બાઈક સાથે અથડાઈને કૂવામાં પડી જતાં અગિયાર જણ મૃત્યુ પામ્યાં હતાં. આમાં બાઈકસવાર અને એક બચાવકારનો પણ સમાવેશ થાય છે, એવી માહિતી પોલીસે આપી હતી.

બનાવ નારાયણગઢ પોલીસ સ્ટેશન એરિયામાં બન્યો હતો. રતલામ રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર (ડીઆઈજી) મનોજ સિંહે કહ્યું હતું કે વૅનમાં તેર જણ મુસાફરી કરી રહ્યા હતા. આમાંથી ચારને બચાવી લેવામાં આવ્યા હતા અને નવ વ્યક્તિ મૃત્યુ પામ્યાં હતાં. બચાવ કામ મટે કુવામાં ઊતરનારો મનોહર પણ મરણ પામ્યો હતો. વૅનના ડ્રાઈવરે ગાડી પરનો કાબૂ ગુમાવતા બાઈકસવાર પણ મરણ પામ્યો હતો.

મૃતકોના મૃતદેહો હજી કૂવાની અંદર જ છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને લશ્કરના બીજા એકમો બચાવ કાર્ય કરી રહ્યા હતા. નાયબ મુખ્ય પ્રધાન જગદીશ દેવડા ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. (એજન્સી) ■

# મણિપુરમાં દસ આતંકીની ધરપકડ

ઇમ્ફાલઃ મણિપુરમાં સુરક્ષા દળોએ ઇમ્ફાલ પૂર્વ અને ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લાઓમાંથી વિવિધ પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા ૧૦ આતંકવાદીની ધરપકડ કરી હતી. આ માહિતી પોલીસે રવિવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર પ્રતિબંધિત યુનાઇટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ (પંબાઇ)ના ચાર કાર્યકરો અને એક સહયોગીની શનિવારના રોજ ઇમ્ફાલ પૂર્વના વાંગખેઇ થંગાપટ માપનથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે ધરપકડ કરાયેલા આતંકવાદીઓ ઇમ્ફાલ ખીણમાં ખંડણી અને સ્થાનિક લોકોને ડરાવવા–ધમકાવવાની પ્રવૃત્તિઓમાં સામેલ હતા.

તેમણે જણાવ્યું કે પ્રતિબંધિત પીઆરઇપીએકે(પ્રો)ના એક સભ્યની ઇમ્ફાલ પશ્ચિમના લામ્ફેલપટમાંથી ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે કાંગલેઇપાક કોમ્યુનિસ્ટ પાર્ટી (પીડબ્લ્યુજી)ના પાંચ સક્રિય કાર્યકરની શનિવારે ઇમ્ફાલ પૂર્વના વિવિધ ભાગોમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

દરમ્યાન પોલીસે જણાવ્યું કે શનિવારે કાકચિંગ જિલ્લાના મોલ્ટિનચમ ગામમાં સર્ચ ઓપરેશન દરમિયાન બંદૂકો, રાઇફલ્સ અને ગ્રેનેડ સહિત હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હતો. છેલ્લા બે વર્ષમાં મણિપુરમાં વંશીય હિંસામાં ૨૫૦થી વધુ લોકોનાં મોત થયા છે, જ્યારે હજારો લોકો બેઘર થયા છે. ■

# પાક. નાગરિકો સમયમર્યાદા પહેલા બિહાર છોડી ગયા હોવાનો દાવો

પટનાઃ તાજેતરના સમયમાં બિહાર આવેલા તમામ પાકિસ્તાની નાગરિકો ૨૭ એપ્રિલની સમયમર્યાદા પહેલા બિહાર છોડી ચૂક્યા છે. આ જાણકારી બિહાર સરકારે આપી હતી.

રાજ્ય સરકારના આંકડા અનુસાર બિહારના વિવિધ જિલ્લાઓમાં વિઝિટ વિઝા અને ટુરિસ્ટ વિઝા પર આવેલા કુલ ૧૯ પાકિસ્તાની નાગરિકો ૨૫ એપ્રિલ અથવા તે પહેલા રાજ્ય છોડી ચૂક્યા છે. આ વિગત એ પાકિસ્તાની નાગરિકોની છે જે જાન્યુઆરી ૨૦૨૫ પછી રાજ્યમાં આવ્યા હતા. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ કુમાર ચૌધરીએ જણાવ્યું કે જિલ્લાઓએ અહેવાલ આપ્યા છે કે રાજ્યમાં હજુ સુધી પરત ફર્યા ન હોય તેવા એક પણ પાકિસ્તાની નાગરિક બાકી રહ્યા નથી. બિહારમાં ફક્ત તે પાકિસ્તાની નાગરિકો જ રહી રહ્યા છે જેઓ મેડિકલ વિઝા અને લોંગ ટર્મ વિઝા(એલટીવી) પર છે. મેડિકલ વિઝા ૨૯ એપ્રિલ સુધી માન્ય છે.

બિહાર સરકારે શુક્રવારે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે કેન્દ્ર દ્વારા નિર્ધારિત સમયમર્યાદા પછી કોઇ પણ પાકિસ્તાની નાગરિક ભારતમાં ન રહે. ■

# પહલગામ મુદ્દે સંસદનું વિશેષ સત્ર બોલાવવા વિનંતી કરવી જોઇએઃ સિબ્બલ

નવી દિલ્હીઃ રાજ્યસભાના સ્વતંત્ર સાંસદ કપિલ સિબ્બલે રવિવારે રાજકીય પક્ષોને પહલગામ આતંકવાદી હુમલાને પગલે મે મહિનામાં શક્ય તેટલું જલદી સંસદનું વિશેષ સત્ર બોલાવવા માટે સરકારને વિનંતી કરવાનો આગ્રહ કર્યો હતો. સિબ્બલે જણાવ્યું કે ૨૫ એપ્રિલના રોજ મેં સૂચન કર્યું હતું કે આ દુઃખની ઘડીમાં દેશની એકતા દર્શાવવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવું જોઇએ. હું બધા રાજકીય પક્ષોને વિનંતી કરું છું કે તેઓ સરકારને મે મહિનામાં શક્ય તેટલું જલદી આવું સત્ર બોલાવવા માટે વિનંતી કરે. સિબ્બલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સંસદનું ખાસ સત્ર બોલાવવા અને પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરતો ઠરાવ પસાર કરવા વિનંતી કરી હતી, જેથી વિશ્વને સંદેશ મળે કે દેશ સંગઠિત છે.સિબ્બલે સરકારને પાકિસ્તાન પર રાજદ્વારી દબાણ બનાવવા માટે શાસક અને વિપક્ષી સાંસદોના પ્રતિનિધિમંડળોને વિવિધ મહત્ત્વપૂર્ણ દેશોમાં મોકલવાનું સૂચન પણ કર્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### 'મુંબઈ સમાચાર'ની

'કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં રજૂ થશે.

તંત્રી નીલેશ દવેએ જણાવ્યું હતું કે દેશમાં ૧૯૭૫-૧૯૭૭ દરમિયાન લદાયેલી કટોકટી વખતે અખબારો પર સેન્સરશિપ લગાવાઇ હતી, ત્યારે પણ 'મુંબઈ સમાચાર'ને ખાસ અસર નહોતી થઇ અને લોકો સુધી નિષ્પક્ષ અને સાચા અહેવાલો પહોંચાડતું હતું. અમે સરકાર અને વિરોધ પક્ષના સમાચાર તટસ્થ રહીને પ્રસિદ્ધ કરતા હતા, કરીએ છીએ અને કરતા રહીશું. ■

### 'મુંબઈ સમાચાર'ના સ્થાપના દિનને

ગુજરાતના મુખ્ય પ્રધાને 'મુંબઈ સમાચાર'ના તટસ્થ અને નિષ્પક્ષ અહેવાલોની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે એશિયાનું સૌથી જૂનું દૈનિક અખબાર ગુજરાતીમાં હોવાની વાત સમગ્ર ગુજરાતીઓ માટે ગૌરવ લેવા જેવી છે.

'મુંબઈ સમાચાર'ના સ્થાપના દિને ૫૧ અગ્રણી ગુજરાતીના જીવનની ઝાંખી કરાવતી કૉફી-ટેબલ બુકનું વિમોચન કરાશે અને ૧૫ ડૉક્ટરનું સન્માન કરાશે. ■

### ત્રાસવાદ સામે

વાર્ષિક દિન દસમી મેએ આવે છે. ૧૮૫૭ના બળવાના હીરો બાબુ વીર કુંવર સિંહની પુણ્યતિથિ ૨૬ એપ્રિલે હતી.

મોદીએ જણાવ્યું હતું કે 'એક પેડ, મા કે નામ' ઝુંબેશનું એક વર્ષ પાંચ જૂને પૂરું થાય છે. આ વર્ષે માતાના નામે ૧૪૦ કરોડથી વધુ વૃક્ષ રોપવામાં આવ્યા હતા.

વડા પ્રધાને જણાવ્યું હતું કે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથૉરિટીએ દેશના લોકોને કુદરતી આફત અંગે અગાઉથી માહિતી આપવા 'સચેત ઍપ' તૈયાર કર્યું છે. (એજન્સી) ■

### પહલગામ હુમલાની

કરવામાં આવી રહી છે.

પુરાવાઓ એકઠાં કરવા એનઆઈએ ફારેન્સિક નિષ્ણાતોની સહાયથી સમગ્ર વિસ્તારની સઘન ચકાસણી કરી રહી છે.

એનઆઈએની ટીમ બુધવારથી ઘટનાસ્થળે છે અને હવે તેમણે પુરાવાઓ એકઠાં કરવાની પ્રક્રિયા ઝડપી બનાવી છે.

કેન્દ્રના ગૃહ ખાતાના આદેશને પગલે એનઆઈએએ આ તપાસ કાર્યવાહી હાથમાં લીધી છે.

પહલગામમાં મંગળવારે કરવામાં આવેલા આતંકવાદી હુમલામાં ૨૮ નિર્દોષ નાગરિક (મોટાભાગના પર્યટકો)એ જીવ ગુમાવ્યો હતો. (એજન્સી) ■

### સુપ્રીમ કોર્ટમાં

માગ કરવામાં આવી છે. જ્યાં સુધી આ પ્લેટફોર્મ અશ્લીલ કન્ટેન્ટને નિયંત્રિત કરવા માટે ખાસ કરીને તેને બાળકોથી દૂર રાખવા માટે કોઈ ફોર્મ્યુલા અથવા પદ્ધતિ વિકસાવતા નથી. અરજીમાં સુપ્રીમ કોર્ટને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશના નેતૃત્વમાં અને આ ક્ષેત્રના નિષ્ણાતોનો સમાવેશ કરીને એક સમિતિની રચના કરવાની માગ કરવામાં આવી છે. જે સેન્સર બોર્ડની જેમ ઓટીટી અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરની સામગ્રી પર નજર રાખી શકે, જ્યાં સુધી તેના માટે એક કાયદો બનાવવામાં આવે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે અરજદારોએ સંબંધિત સક્ષમ અધિકારીઓને ઘણી વખત ફરિયાદો મોકલી હતી, પરંતુ કોઈ અસરકારક પરિણામ મળ્યું ન હતું. તેને સમયની જરૂરિયાત ગણાવતા અરજીમાં કહેવામાં આવ્યું છે કે રાજ્યોએ આ સંદર્ભમાં કડક પગલાં લેવા જોઈએ જેથી ડિજિટલ સ્પેસ સમાજ માટે ઘાતક ન બને, કારણ કે ઇન્ટરનેટની સરળ ઍક્સેસને કારણે તે કોઈપણ સુરક્ષા વિના દરેક માટે સરળતાથી ઉપલબ્ધ બન્યું છે. ■

# મુંબઈ પોલીસનું ઑપરેશન ઑલ આઉટ: ૧૦ ફરાર આરોપી ઝબ્બે

## ત્રણ કલાકમાં ૧,૮૩૬ વાહનચાલક સામે કાર્યવાહી, ડ્રન્ક એન્ડ ડ્રાઇવમાં ૬૩ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ પોલીસ દ્વારા મહાનગરમાં હાથ ધરાયેલા ઑપરેશન ઑલ આઉટ દરમિયાન ૧૦ ફરાર આરોપીને પકડી પાડવામાં આવ્યા હતા. શહેરમાં ૧૧૧ સ્થળે નાકાબંધી કરી પોલીસે ત્રણ કલાકમાં ૧,૮૩૬ વાહનચાલકો વિરુદ્ધ મોટર વેહિકલ એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી, જ્યારે દારૂ પીને વાહન ચલાવનારા ૬૩ ચાલકને ઝડપી પાડવામાં આવ્યા હતા.

ઑપરેશન ઑલ આઉટમાં પાંચ રિજન, સ્પેશિયલ બ્રાન્ચના એડિશનલ પોલીસ કમિશનર, દરેક ઝોનના ડેપ્યુટી પોલીસ કમિશનર, આસિસ્ટન્ટ પોલીસ કમિશનર તેમ જ તમામ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર તથા અધિકારીઓ ફરજ પર હતા. શનિવારે રાતે ૧૧ વાગ્યાથી મોડી રાતે બે વાગ્યા સુધી ઑપરેશન ઑલ આઉટ ચાલ્યું હતું. પોલીસ દ્વારા ૧૯૨ સ્થળે કૉમ્બિંગ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ૧૦ ફરાર આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ૨૮ આરોપી સામે બિનજામીનપાત્ર વૉરન્ટ બજાવવામાં આવ્યા હતા. મુંબઈ પોલીસ એક્ટની કલમ ૧૪૨ હેઠળ ૪૦ આરોપીઓ સામે કાર્યવાહી કરાઇ હતી. શહેરમાં ૧૧૧ જેટલા સ્થળે નાકાબંધી દરમિયાન ૭,૨૩૫ વાહનોની તપાસ કરવામાં આવી હતી અને ૧,૮૩૬ વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ■

### નાકાબંધી વખતે પોલીસની મારપીટ: ત્રણની ધરપકડ

પાયધુની પોલીસ સ્ટેશનની હદમાં ઑપરેશન ઑલ આઉટ દરમિયાન નાકાબંધી વખતે પોલીસ કોન્સ્ટેબલની મારપીટ કરવા બદલ ત્રણ યુવકની ધરપકડ કરવામાં આવી હતી. ત્રણેયની ઓળખ મુસ્તફા શહબાઝ પાટકા, માવિયા મુસ્તફા શેખ અને અબ્દુલ રહેમાન અબ્દુલ ગફાર શેખ તરીકે થઇ હતી. પાયધુની પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા શનિવારે રાતે ચીમની પોઇન્ટ, વાય.એમ. રોડ પર નાકાબંધી કરવામાં આવી હતી ત્યારે તેમણે સ્કૂટી પર જઇ રહેલા બે જણને થોભવા કહ્યું હતું. જોકે તેઓ થોભ્યા નહોતા અને તેમને રોકવા આવેલા સબ-ઇન્સ્પેક્ટરને કચડવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ સ્ટાફે બંનેને રોક્યા ત્યારે તેમણે કોન્સ્ટેબલને ગાળો ભાંડી હતી અને તેની મારપીટ કરી હતી. તેમનો સાથીદાર એ સમયે મોબાઇલથી વીડિયો ઉતારવા લાગ્યો હતો અને તેને સોશિયલ મીડિયા પર અપલોડ કરવાની ધમકી તેણે આપી હતી.■

# બસ અકસ્માતમાં ડિલિવરી બોયનું મૃત્યુ

મુંબઈ: એક ચોંકાવનારી ઘટનામાં મુંબઈમાં બેસ્ટની બસની અડફેટે ડિલિવરી બોયનું મૃત્યુ થયું હતું. ડિલિવરી બોયને બેસ્ટની બસે ટક્કર મારતાં તેને ગંભીર ઈજા થઈ હતી અને તેનું મોત નીપજ્યું હતું. એક પોલીસ અધિકારીએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે આ ભયાનક ઘટના શનિવારે (૨૬ એપ્રિલ) રાત્રે ૯ વાગ્યાની આસપાસ બની હતી. પોલીસે ગુનો નોંધી બેસ્ટ બસચાલક સામે ગુનો નોંધ્યો છે. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે.

અકસ્માત પછી આરોપી બેસ્ટ બસચાલક ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. હાલ તેની શોધખોળ ચાલી રહી છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા ડિલિવરી બોયની ઓળખ વર્લીના કોલીવાડાના રહેવાસી સાર્થક જંગમ (૨૧) તરીકે થઈ છે.

રૂટ ૧૭૧ પર દોડતી બસે ડિલિવરી બોયને કચડી નાખ્યો હતો. આરોપી બસ ડ્રાઈવર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. સઘન તપાસ બાદ આરોપી સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ પોલીસે જણાવ્યું હતું.■

# કોચી વૉટર મેટ્રો જેવી જ વૉટર મેટ્રો મુંબઈમાં બનશે

મુંબઈ: કેરળની કોચી વોટર મેટ્રો જેવી મેટ્રો મુંબઈમાં શરૂ કરવા માટે કોચી મેટ્રોને વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ રજૂ કરવા જણાવાયું હોવાનું મહારાષ્ટ્રના બંદર ખાતાના પ્રધાન નિતેશ રાણેએ જણાવ્યું છે.

પીટીઆઈ સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે મહિનાના અંત સુધીમાં વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ મળવાની અપેક્ષા છે. ૫૦:૫૦ ઇક્વિટી ભાગીદારી પર કેન્દ્ર સરકારની સાથે મહાનગરમાં પ્રોજેક્ટના અમલ માટે એક વિશેષ યોજના બનાવવામાં આવશે.

મુંબઈ સાત ટાપુઓનું બનેલું છે, પરંતુ જળમાર્ગોનો અગાઉ ક્યારેય તેમની સંપૂર્ણ ક્ષમતા માટે ઉપયોગ કરવામાં આવ્યો નથી, એમ કહીને રાણેએ કહ્યું હતું કે આ પ્રકારના પ્રયાસથી રસ્તાઓ અને ઉપનગરીય રેલવે પરનો બોજ હળવો થશે.

''વોટર મેટ્રો પ્રોજેક્ટથી શહેરી પરિવહનમાં સુધારો થશે અને દેશની નાણાકીય રાજધાનીમાં પર્યટનને વેગ મળશે. કોચી વોટર મેટ્રો મહારાષ્ટ્ર સરકારને મદદ કરી રહી છે. તેના હેઠળ બેટરીથી ચાલતી ફેરી મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ના વિવિધ ભાગોને જોડશે,'' રાણેએ જણાવ્યું હતું.

ડિસેમ્બર /૨૦૨૩ માં પ્રથમ બોટ શરૂ થવાની સાથે કોચી વોટર મેટ્રો સિસ્ટમ ધરાવતું ભારતનું પ્રથમ શહેર બન્યું હતું, જેણે ત્યાંના રહેવાસીઓને ઇકો-ફ્રેન્ડલી વિકલ્પ તેમજ સરળ અને મનોહર મુસાફરી ઉપલબ્ધ કરી આપી હતી.

એમએમઆરમાં સંભવિત માર્ગોમાં નારંગી-ખારવાડેશ્વરી, વસઈ-મીરા ભાયંદર, ફાઉન્ટેન જેટી-ગાયમુખ -નાગલે, કોળસેટ-કાલહર -મુંબ્રા-કલ્યાણ, કલ્યાણ-મુમ્બ્રા-મુલુંડ-ઐરોલી, વાશી-ડોમેસ્ટિક ક્રુઝ ટર્મિનલ (ડીસીટી) જે ભાઉચા ધક્કા તરીકે પણ ઓળખાય છે, ગેટવે ઓફ ઇન્ડિયા, મુલુંડ-એરોલી- ડીસીટી-ગેટવે ઓફ ઇન્ડિયા, મીરા ભાયંદર-વસઈ-બોરીવલી-નરીમાન પોઇન્ટ-માંડવા, બેલાપુર-ગેટવે-માંડવા, બોરિવલી-ગોરાઇ-નરીમાન પોઇન્ટનો સમાવેશ થાય છે એવી જાણકારી રાણેએ આપી હતી. વૈતરણા નદી, વસઈ, થાણે, મનોરી અને પનવેલ ખાડીઓ અને મુંબઈ પોર્ટ ટ્રસ્ટના જળ વિસ્તાર સાથેનાં સ્ટેશનો માટે ૨૧ સૂચિત સ્થળો છે. આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં વોટર મેટ્રો હશે, જ્યારે બીજા તબક્કામાં રો-રો (રોલ ઓન-રોલ ઓફ) સેવા હશે, એમ પણ રાજ્યના પ્રધાને જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# નવી મુંબઈમાં ૧૨ વર્ષની છોકરીની હત્યા: સગીરને તાબામાં લેવાયો

થાણે: નવી મુંબઈમાં ૧૨ વર્ષની છોકરીની હત્યા કરવાના આરોપસર ૧૭ વર્ષના સગીરને તાબામાં લેવાયો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

તુર્ભે પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર આબાસાહેબ પાટીલે જણાવ્યું હતું કે છોકરી શુક્રવારે રાતે ટેકરીની તળેટીમાં ઘાયલ અવસ્થામાં મળી આવી હતી. છોકરીને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

શિરાવણે એમઆઇડીસી વિસ્તારમાં રહેતી છોકરી એ જ દિવસે ગુમ થતાં તેના પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે અપહરણનો ગુનો દાખલ કરાયો હતો.

દરમિયાન છોકરીના મૃત્યુ બાદ પોલીસે હત્યાની કલમ ૧૦૩ (૨) ઉમેરી હતી અને ગુનામાં સામેલ આરોપીની શોધ આદરી હતી.

પોલીસે મળેલી માહિતીને આધારે ૧૭ વર્ષના સગીરને તાબામાં લીધો હતો, જે છેલ્લા બાળકી સાથે નજરે પડ્યો હતો. પૂછપરછમાં સગીરે ગુનાની કબૂલાત કરી હતી.

પોલીસના કહેવા મુજબ સેલ્ફી લેવાને બહાને છોકરીને આરોપી ટેકરીની તળેટીમાં એકાંત જગ્યાએ લઇ ગયો હતો, જ્યાં અગાઉના ઝઘડાને લઇ તેણે ગુસ્સામાં છોકરી પર હુમલો કર્યો હતો અને તેના માથામાં મોટો પથ્થર ઝીંકી દીધો હતો. હુમલા બાદ આરોપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આરોપીને પકડી પાડવામાં આવ્યા બાદ જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ હાજર કરાયો હતો. (પીટીઆઇ)■

# સિંધુ જળ સંધી સંબંધી શંકરાચાર્યના મતનો નારાયણ રાણે દ્વારા વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેએ સિંધુ નદીના મુદ્દે ભારતની વ્યૂહરચનાની આધ્યાત્મિક ગુરુ શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી દ્વારા કરવામાં આવેલી ટીકાનો વિરોધ કરતાં કહ્યું હતું કે પહલગામ હુમલા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લીધેલા સુરક્ષા સંબંધી પગલાં અંગે જાહેરમાં ચર્ચા થવી જોઈએ નહીં.

કાશ્મીરના પહલગામમાં ૨૬ લોકોને ગોળીએ દેવામાં આવ્યા બાદ ભારતની કેન્દ્ર સરકારે પાકિસ્તાનને સજા આપવા માટે લીધેલા કેટલાક પગલાંમાં ૧૯૬૦થી ચાલતી સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

અમે તેમનું સન્માન કરીએ છીએ, પરંતુ સુરક્ષાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યા છે. દેશ કરતાં મોટું કોઈપણ નથી, એમ નારાયણ રાણેએ શંકરાચાર્યના વાયરલ વીડિયોના સંદેશા પર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું.

શંકરાચાર્યે એવો દાવો કર્યો હતો કે ભારત પાસે સિંધુના જળને વાળવા માટે અથવા તો પકડી રાખવા માટે માળખાકીય સુવિધાનો અભાવ છે અને આવી સુવિધાઓ વિકસાવવા માટે બે દાયકાનો સમય લાગી શકે છે. વીડિયો સંદેશમાં સરસ્વતીએ કહ્યું હતું કે કેન્દ્રનું સિંધુ સંધીને સ્થગિત કરવાનો નિર્ણય લોકોને બેવકૂફ બનાવવા માટે છે.

સ્થાનિક મુદ્દાઓ પર બોલતાં નારાયણ રાણેએ સિંધુદુર્ગના વિકાસની વાત કરી હતી. ■

# સ્કૂલ વૅનમાં વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ: ડ્રાઇવરની ધરપકડ

થાણે: નવી મુંબઈમાં સ્કૂલ વૅનમાં ચાર વર્ષની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ કરવા બદલ પોલીસે પચીસ વર્ષના ડ્રાઇવરની ધરપકડ કરી હતી. ૨૪ એપ્રિલે વિદ્યાર્થિનીને વૅનમાં સ્કૂલ લઇ જવાઇ રહી હતી ત્યારે આ ઘટના બની હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

વિદ્યાર્થિનીએ ઘરે આવ્યા બાદ વૅનના 'અંકલ'ના કૃત્યની જાણ તેના પરિવારજનોને કરી હતી. આ ઘટના બાદ પરિવારજનોએ સ્કૂલના પ્રિન્સિપાલનો સંપર્ક સાધ્યો હતો. વિદ્યાર્થિનીની પૂછપરછ કર્યા બાદ તેમણે એનઆરઆઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આ ફરિયાદને આધારે ડ્રાઇવર સંજીત દાસ સામે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી.

છેલ્લા થોડા વર્ષોથી ખાસ કરીને સ્કૂલ બસમાં બાળકીઓ સાથે દુષ્કર્મની ઘટનાઓ વધી રહી છે. આને રોકવા માટે અગમચેતીનાં પગલાંરૂપે અનેક વ્યવસ્થા કરવામાં આવી છે એ છતાં આવી ઘટનાઓ બનતી રહે છે એ ખરેખર નિંદનીય છે. પોલીસની કડકાઈને લીધે બસમાં સીસીટીવી કેમેરા લાગેલા હોય છે અને એનાથી જ આ ઘટના સંબંધે પણ પગેરું મળવાની આશા છે.

ડ્રાઇવરને કોર્ટમાં હાજર કરાતાં તેને ૩૦ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. પોલીસે વૅન જપ્ત કરી હોઇ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. (પીટીઆઇ)■

# ત્રીજા મુંબઈ માટે અલગ રેલવે કોરિડોર વિકસાવાશે


મુંબઈ: રાજ્ય સરકાર અને રેલવે સાથે મળીને આગામી નવી મુંબઈ એરપોર્ટ અને અટલ સેતુને અડીને આવેલા ૩૨૩ ચોરસ કિલોમીટરના વિસ્તાર 'થર્ડ મુંબઈ'માં વિકાસને વેગ આપી શકે એવી રેલવે વ્યવસ્થા નક્કી કરવા માટે કામ કરી રહ્યા છે.

મુંબઈ રેલ વિકાસ નિગમ (એમઆરવીસી) મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (એમયુટીપી)ના ચોથા તબક્કા હેઠળ આ રેલ કોરિડોરનું નિર્માણ કરશે, જેનો હેતુ મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં પરિવહન માળખાગત સુવિધામાં સુધારો કરવાનો છે એમ રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું.

આ પ્રોજેક્ટ હજી પ્રારંભિક તબક્કામાં છે અને ટૂંક સમયમાં એક સલાહકારની નિમણૂક થશે જે એક વ્યાપક યોજના તૈયાર કરી 'ત્રીજા મુંબઈ'ના વિકાસ માટે નવા રેલ કોરિડોરની દરખાસ્ત કરશે. એનું સત્તાવાર નામ કર્નાલા-સાઇ-ચિરનર (કેએસસી) ન્યૂ ટાઉન રાખવામાં આવ્યું છે.

નવી મુંબઈમાં મેટ્રો રેલ નેટવર્કનું નિર્માણ કરી રહેલી સિડકો (સિટી એન્ડ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન) સાથે વાત કર્યા પછી આ યોજના તૈયાર કરવામાં આવશે.

એમયુટીપી-૪ કેએસસી ન્યૂ ટાઉન, મુંબઈ અને નવી મુંબઈ વચ્ચેની કનેક્ટિવિટીમાં સુધારો કરી હાલના લોકલ ટ્રેન રૂટને ઝડપથી વિકસી રહેલા વિસ્તારમાં કાર્યરત કરવાને પ્રાધાન્ય આપશે એમ રેલવેના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું. ■

# છ મહિના પહેલા જ ખુલ્લી મુકાયેલી ખાર દાંડા સ્મશાનભૂમિ ફરી બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના એચ-પશ્ચિમ વોર્ડમાં આવેલી ખારદાંડા સ્મશાનભૂમિનું સમારકામ કરવામાં આવવાનું છે. તેથી સ્મશાનભૂમિના દહન સેવા પહેલી મે, ૨૦૧૫થી ૧૫ મે, ૨૦૨૫ સુધીના પખવાડિયા માટે બંધ રહેવાની છે. આ દરમ્યાન સ્મશાનભૂમિનો ઉપયોગ કરી શકાશે નહીં. ખારદાંડામાં એર પોલ્યુશન કંટ્રોલની યંત્રણા માટે કામ કરવા સ્મશાનભૂમિ બંધ કરવામાં આવી છે. સ્થાનિક નાગરિકોને ત્રાસ થાય નહીં તે માટે એચ-પશ્ચિમ વોડમાં સાંતાક્રુઝ સ્મશાનભૂમિમાં પર્યાયી વ્યવસ્થા કરવામાં આવી છે. સમારકામ બાદ સ્મશાનભૂમિ ફરી ચાલુ કરવામાં આવશે. અહીં છ મહિના પહેલા જ સમારકામ બાદ તેને ફરી ખોલવામાં આવી હતી અને ફક્ત છ મહિનામાં જ તેને સમારકામ માટે ફરી બંધ કરવામાં આવી રહી છે. ગયા વર્ષે જયારે તેનું સમારકામ ચાલી રહ્યું હતું એ સમયે ત્યાં એર પોલ્યુશન કંટ્રોલની સિસ્ટમ બેસાડી દેવાની માગણી ભૂતપૂર્વ નગરસેવિકા દ્વારા કરવામાં આવી હતી, પરંતુ તેનાથી ખર્ચ વધી જશે એવું કારણ આગળ કરીને પાલિકાએ તેના તરફ ધ્યાન આપ્યું ન હોવાનું કહેવાય છે. હવે છ મહિના બાદ એ જ કામ માટે પાલિકાએ ફરી સ્મશાનભૂમિને બંધ કરીને કામ કરવાની છે, તેની સામે સ્થાનિકોએ ભારે નારાજગી દર્શાવી હોવાનું કહેવાય છે.

# પ્રોપર્ટી ટૅક્સ ડિફૉલ્ટરોની પેનલ્ટી અડધી કરવા માગે છે સુધરાઈ, પણ સરકાર મચક નથી આપતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રોપર્ટી ટૅક્સ ભરવામાં વિલંબ કરનારા ડિફોલ્ટરો પાસેથી હાલ માસિક બે ટકાના દરે દંડ વસૂલ કરવામાં આવે છે, જેમાં હવે ઘટાડો કરીને પેનેલ્ટીનો દર એક ટકા કરવાની યોજના મુંબઈ મહાનગરપાલિકાએ બનાવી છે. તેને લગતો પ્રસ્તાવ ત્રણ વર્ષ અગાઉ જ રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો હતો. જોકે હજી સુધી તેના પર નિર્ણય લેવાયો નથી. છતાં નાગરિકો પર દંડની રકમનો વધુ બોજો ન આવે તે માટે પાલિકા સરકાર પાસેથી આ પ્રસ્તાવ પર જલદી મંજૂરી મળે તે માટે પ્રયાસ કરી રહી હોવાનું ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

પ્રોપર્ટી ટૅક્સ પાલિકાની આવકમાં મહત્ત્વનો હિસ્સો ધરાવે છે. તેથી નાગરિકો સમયસર ટૅક્સ ચૂકવે તે માટે પાલિકા પ્રયત્ન કરતી હોય છે. હાલ ટૅક્સ ચૂકવવામાં વિલંબ કરનારા ડિફોલ્ટરોને માસિક બે ટકાના દરે દંડ લાદવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આ દંડની રકમથી પાલિકાને વધારાના ૧૭૮ કરોડ રૂપિયાની આવક થઈ હતી. જોકે પાલિકાના અસેસમેન્ટ એન્ડ કલેક્શન ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મહિના બે અને વર્ષના ૨૪ ટકાનો દર નાગરિકો પાસેથી વસૂલ કરવામાં આવે છે, તેની સામે કરદાતાઓ તરફથી સતત ફરિયાદો આવી રહી છે. મહિનાના બે ટકા પેનલ્ટી વધુ કહેવાય છે. તેથી ૨૦૨૨ની સાલમાં જ તેમાં ઘટાડો કરીને તેને એક ટકા કરવાનો પ્રસ્તાવ સરકાર સમક્ષ રાખ્યો હતો, જેના પર હજી સુધી કોઈ નિર્ણય લેવાયો નથી.

ઉચ્ચ અધિકારીએ વધુમાં કહ્યું હતું કે દંડની રકમ વધુ હોવાને કારણે અમુક સમયે ડિફોલ્ટરોની મૂળ ટૅક્સની રકમ હોય તેનાથી પણ વધુ દંડની રકમ થઈ જતી હોય છે અને તે પછી ડિફોલ્ટરો પણ વધુ માત્રામાં બોજો આવી પડવાને કારણે તેઓ ટૅક્સ ચૂકવવાથી દૂર ભાગતા હોય છે. દંડની રકમમાં ઘડાડો કરવાનો પ્રસ્તાવ પાલિકાએ મોકલી દીધો છે પણ તેના પર નિર્ણય રાજ્યની કેબિનેટની બેઠકમાં જ થઈ શકે છે. લગભગ ત્રણ વર્ષથી આ પ્રસ્તાવ પર કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

# સીઆરપીએફના નિવૃત્ત અધિકારીએ ગોળી મારીને પુત્રીની કરી હત્યાઃ જમાઇ ઇજાગ્રસ્ત

મુંબઈઃ જળગાંવ જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના નિવૃત્ત અધિકારીએ રિવોલ્વરમાંથી ગોળી મારીને તેની પુત્રીને મોતને ઘાટ ઉતારી દીધી હતી, જ્યારે જમાઇને ઘાયલ કર્યો હતો. ચોપડા તહેસીલમાં શનિવારે રાતે લગ્ન સમારંભમાં આ ઘટના બની હતી.

જળગાંવ પોલીસના જણાવ્યા મુજબ સીઆરપીએફના નિવૃત્ત અધિકારી કિરણ માંગલે (૫૦)એ શનિવારે રાતે ગોળી મારી પુત્રી તૃપ્તિની હત્યા કરી હતી, જ્યારે જમાઇ અવિનાશને ગંભીર રીતે ઘાયલ કર્યો હતો.

તૃપ્તિનાં લગ્ન એક વર્ષ અગાઉ થયાં હતાં અને તે પતિ સાથે પુણેમાં રહેતી હતી. દંપતી લગ્નમાં હાજરી આપવા માટે જળગાંવ આવ્યું હતું. દરમિયાન કિરણ માંગલે લગ્ન સમારંભમાં આવ્યો ત્યારે તેણે પુત્રી અને જમાઇને જોયાં હતાં. કિરણે ગોળીબાર કર્યા બાદ ત્યાં હાજર લોકોએ તેને પકડીને માર માર્યો હતો, જેમાં કિરણ ઘવાયો હતો અને તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પોલીસે આ પ્રકરણે કિરણ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હોઇ હત્યા પાછળ કારણ જાણી શકાયું નહોતું. (પીટીઆઇ)

# કલ્યાણમાં એપીએમસી માર્કેટ ખાતે ફૂલવિક્રેતાની હત્યાઃ ભાગીદાર પકડાયો

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં એગ્રિકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી (એપીએમસી) માર્કેટ ખાતે પંચાવન વર્ષના ફૂલવિક્રેતાની કાતરના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી.

કલ્યાણની માર્કેટમાં રવિવારે સવારના નવ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા ફૂલવિક્રેતાની ઓળખ ચમનલાલ નંદલાલ કાર્લા તરીકે થઇ હતી. આ હુમલામાં ચમનલાલના પરિવારના બે સભ્ય પણ ઘાયલ થયા હતા. ડેપ્યુટી પોલીસ કમિશનર અતુલ ઝેંડેએ કહ્યું હતું કે બાઝારપેઠ પોલીસ સ્ટેશનમાં આરોપી ચિરાગ રાજકુમાર સોની (૨૧) વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેને કસ્ટડીમાં લેવાયો હતો. ચમનલાલ અને ચિરાગ બિઝનેસ પાર્ટનર હતા અને બજારમાં કેળાનાં પાન વેચતા હતા. તેમણે જળગાંવથી કેળાનાં પાન મગાવ્યાં હતાં, જેમાં ચાર બંડલ ચમનલાલના અને એક બંડલ ચિરાગનું હતું. જોકે ચમનલાલે પાંચેય બંડલ પોતાની પાસે રાખી લીધા હતા અને ચિરાગને હિસ્સો આપ્યા વિના તેને વેચવા માટે તે માર્કેટમાં લઇ આવ્યો હતો.આ બાબતને લઇ બંને વચ્ચે ઝઘડો થયો અને ચિરાગે કાતરથી ચમનલાલ પર હુમલો કર્યો હતો. (પીટીઆઇ)

# કૉંક્રીટાઇઝેશનની ૩૧ મેની મુદતને પહોંચી વળવા પાલિકાએ કમર કસી, સાત દિવસમાં સરેરાશ રોજની ૩૭૮ રેડી મિક્સ કૉંક્રીટ ટ્રકનો ઉપયોગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસાના આગમન પહેલા એટલે ૩૧ મે, ૨૦૨૫ની સુધીની મુદતમાં મુંબઈના રસ્તાઓના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનાં તમામ કામ પુરાં કરવાના છે અનેક જગ્યાએ કામ ધીમી ગતિએ ચાલી રહ્યા હોવાની સતત ફરિયાદો સ્થાનિક નાગરિકો અને પ્રતિનિધિઓ તરફથી આવી રહી છે ત્યારે પાલિકા પ્રશાસને એવો દાવો કર્યો છે કે છેલ્લા સાત દિવસમાં ૨,૬૫૦ રેડી મિક્સ કૉંક્રીટ મિક્સર ટ્રકનો ઉપયોગ કરીને રસ્તાનાં કામ ઝડપથી પુરાં કરવામાં આવી રહ્યાં છે અને ચોમાસાના આગમન પહેલા ખોદી મૂકવામાં આવેલા તમામ રસ્તાઓનાં કામ પુરા કરવામાં આવશે.પાલિકાએ મુંબઈના રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશન કરવાનું અભિયાન હાથમાં લીધું છે, જે હેઠળ અત્યાર સુધી ૧,૩૩૩ કિલોમીટર રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશનનું કામ પૂરું થયું છે. બાકીના રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશનનું કામ બે તબક્કામાં કરવામાં આવી રહ્યું છે. પહેલા તબક્કામાં કુલ ૬૯૮ રસ્તાનાં કામ (૩૨૪ કિલોમીટર) તો બીજા તબક્કામાં કુલ ૧,૪૨૦ રસ્તાના (૩૭૭ કિલોમીટર) કૉંક્રીટીકરણનાં કામ પ્રસ્તાવિત છે. રસ્તાનાં કામ માટે નવ કૉન્ટ્રેક્ટરોને કામ સોંપવામાં આવ્યું છે. તાજેતરમાં પ્રશાસને તેમની સાથે યોજેલી બેઠકમાં તેમને ૩૧ મે પહેલા કામ પુરાં કરવાનું ફરમાન કર્યું હતું. રસ્તાનાં કામ ઉતાવળે પૂરા કરવામાં કૉંક્રીટની ગુણવત્તા જાળવી રાખવા તરફ દુર્લક્ષ કરનારા બે કૉન્ટ્રેક્ટરો સામે તાજેતરમાં પાલિકાએ દંડ ફટકારીને આકરાં પગલાં પણ લીધાં હતાં.

# લાતુરમાં અથડામણઃ ઘટના સાથે સંબંધ ન હોવા છતાં શિક્ષકની હત્યા

લાતુરઃ તાલુર જિલ્લાના નિલંગા તહેસીલમાં બે જૂથ વચ્ચે થયેલી અથડામણ દરમિયાન ખેતરમાં કામ કરી રહેલા શિક્ષકની હત્યા કરવામાં આવી હતી, જેને પોલીસે રવિવારે ખોટી ઓળખનો મામલો ગણાવ્યો હતો. ૧૪ એપ્રિલે ઉજવાતી બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે નીકળેલી શોભાયાત્રા સંબંધે અહીંના ઔંધ ગામમાં શનિવારે બપોરે અથડામણ થઇ હતી, એમ કાસાર સિરસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. શુક્રવારે શોભાયાત્રા કાઢવામાં આવી હતી ત્યારે વિવાદ શરૂ થયો હતો.

આ વિવાદ પર શનિવારે ચર્ચાને લઇ અથડામણ થઇ હતી. બદુલ ગામનો શિક્ષક ગુરુલિંગ અશોક હસદ્રે (૩૮) તેના ખેતરમાં કામ કરી રહ્યો હતો ત્યારે તેને હરીફ જૂથનો સભ્ય સમજીને ટોળાએ તેના પર હુમલો કર્યો હતો, જેમાં તેનું મૃત્યુ થયું હતું. સબ-ઇન્સ્પેક્ટર અજય પાટીલે જણાવ્યું હતું કે અમે ૧૦ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે, જેમાંથી એકની ઓળખ થઇ નથી. (પીટીઆઇ)

## જૈન મરણ

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

મહુવા નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. બાબુલાલ છગનલાલ દોશીના પુત્ર શરદકુમાર (ઉં. વ. ૬૯) તા. ૨૭-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અલકાબેનના પતિ. માનવના પિતા. સ્વ. અનંતરાય, સ્વ. બળવંતરાય, સ્વ. ભૂપતભાઇ, પ્રફુલભાઇ તથા લીલીબેન, પ્રવિણાબેન, ભારતીબેનના ભાઇ. પીયર પક્ષે સ્વ. હરીલાલ દેવચંદ પારેખ (વરસડાવાળા)ના જમાઇ. શારદાબેન, દમયંતીબેન, રંજનબેન, મીતાબેનના દિયર. ઠે. સી-૯, ઉમેશ કિરણ, ભગતસિંહ રોડ, સન્યાસ આશ્રમની બાજુમાં, વિલેપાર્લે, (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

કામરોળ હાલ મલાડ ચંપાબેન અમૃતલાલ દામજીભાઇ શાહના સુપુત્ર હુકમચંદભાઇ (ઉં. વ. ૮૮) તે રવિવાર, તા. ૨૭-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભદ્રાબેનના પતિ. નિર્મળાબેન શાંતિલાલ, હીરાબેન પ્રવીણચંદ્ર, ચંદ્રકાન્તભાઇના ભાઇ. નિર્મળ, નિલેશ, તેજલના પિતા. અલ્પા, કાજલ અને મનિષકુમારના સસરા. મહુવાવાળા હીરાચંદ ત્રિભોવનદાસ ધામીના જમાઇ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

મો.રતડિયા ના જયંત પ્રેમજી દેઢિયા (ઉં. વ. ૭૧) તા. ૨૫-૪-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મણીબાઈ પ્રેમજી રવજીના સુપુત્ર. તીલાના પતિ. રૂચિ, જયના પિતા. કલ્પના-તિલક, ગીતા-તારાચંદ, સુશીલા-અરૂણ, હર્ષા-પંકજ, મહેન્દ્ર, સણોસરા ગુણવંતી સુંદરજી, લાયજા ચંદ્રાવતી ધીરજના ભાઈ. મા૫ર માતુશ્રી વિજયાબેન મગનલાલ ડુંગરશી સાવલાના જમાઈ. પ્રાઃ શ્રી માટુંગા મૂ. શ્વે. જૈન સંઘની શ્રી નારાયણજી શામજી મહાજનવાડી, માટુંગા. ટા-સાંજ ૪ થી ૫.૩૦.

કોડાય હાલે ભુજના લલીતાબેન ચંદ્રકાંત સાવલા (ઉં.વ. ૭૨) તા. ૨૬/૪/૨૫ના અરીહંત શરણ પામ્યા છે. કોડાયના માતુશ્રી રૂક્ષ્મણીબેન ખીમજી મોનજી સાવલાના પુત્રવધુ. ચંદ્રકાંતભાઇના ધર્મપત્ની. સ્વ. દિપ્તી, હેતલના મમ્મી. કપાયાના કસ્તુરબેન કલ્યાણજી ચનાભાઇની સુપુત્રી. કોડાયના ભાનુબેન ચીમનલાલ, નવીનારના લતાબેન કૌશીક, કપાયા વીણાબેન સુરેન્દ્ર અને નરેશ કલ્યાણજીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. એડ્રસ : ચંદ્રકાંત સાવલા, ૧૦૪, કૃષ્ણધામ એપાર્ટમેન્ટ, ભાનુશાલી નગર, ભુજ-કચ્છ .

### વાગડ વિ.ઓ.જૈન

ગામ ઘાણીથર હાલે સામખીયારીના સ્વ. રંજનબેન ભરત હિરજી ગડા(તેશીયાણી) (ઉં.વ.૫૪) સોમવાર તા.૨૧.૦૪.૨૦૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. હીરુબેન હિરજી ગોવારના પુત્રવધુ, ભરતભાઈના પત્નિ, મોનિકા, ખ્યાતી, દિપના માતુશ્રી, હિમેશ, વિશાલના સાસુ. રમેશ, મીના, કમળાના ભાભી. ભચાઉના લક્ષ્મીબેન નરશી વિસરીયાના દીકરી. પ્રાર્થના સભા સોમવાર તા.૨૮.૦૪.૨૦૨૫ના સમય ૨.૦૦ થી ૩.૩૦ બપોરે. સ્થળ. કરશન લધુ નિશર હોલ, દાદર-વેસ્ટ.

### ઘોઘારી દશા શ્રીમાળી જૈન

વલ્લભીપુર નિવાસી હાલ વાપી સ્વ. અનંતરાય ચંપકલાલ મહેતાના ધર્મપત્ની હંસાબેન (ઉં.વ.૯૧) તા. ૨૬/૪/૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે કેતન, કીર્તિ, ચેતના, સંજય, પંચમના માતુશ્રી, સ્નેહા, ચેતના, જાગૃતિ, સ્વાતિ તથા કલ્પનાના સાસુ, પિયરપક્ષે શારદાબેન ચુનીલાલ મોદીની દીકરી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮/૪/૨૫ના રોજ ૨ થી ૪ કલાકે ઉપાસના સ્કૂલ, લાયન્સ હોલ, ગુંજન ચોથે માળે, વાપી ઇસ્ટ.

### ઝાલાવાડી દેરાવાસી જૈન

ધ્રાંગઢા નિવાસી હાલ વડોદરા ગં. સ્વ. ઇંદિરાબેન (ઉં. વ. ૮૩) તે સ્વ. મહેન્દ્રભાઇ શીવલાલ શાહના ધર્મપત્ની. તે સ્વ. મનહરલાલ પારેખના સુપુત્રી. પંકજ, ધર્મેન્દ્ર, નીલેશના માતુશ્રી. સ્મિતા, સુનાલી, નેત્રાના સાસુમા. તે રુસત, રૂતુ, પંક્તિના દાદી તા. ૨૪-૪-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૯-૪-૨૫ના મંગળવારના સાંજે ૪થી ૫.૩૦. ઠે. પાવનધામ મહાવીર નગર, કાંદિવલી (વે.) મુંબઇ ખાતે રાખેલ છે.

## પારસી મરણ

પરવેઝ એરચ દારૂવાલા તે મરહુમો શહેરૂ તથા એરચ કેકોબાદ દારૂવાલાના દીકરા. તે કાર્લ ઇ. દારૂવાલા, કુરુશ ઇ. દારૂવાલા ને ખુશનુમા ઇ . દારૂવાલાના ભાઇ. તે નાઝબન કુરુશ દારૂવાલા ને ડેલના કાર્લ દારૂવાલાના કાકા. તે આરમયતી કાર્લ દારૂવાલા ને મેહેર કુરુશ દારૂવાલાના જેઠ. તે કાવસ કેકોબાદ દારૂવાલા ને મેહરુ કેકોબાદ દારૂવાલાના ભત્રીજા. (ઉં. વ. ૬૩) રે. ઠે. ૧૦, કાવસજી બાગ, એસ. વી. રોડ, સીટી સેન્ટરની નજીક, ગોરેગામ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૧૦૪.ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૪-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે જોગેશ્વરી મધે બહેરામબાગ અગિયારીમાં.

## હિન્દુ મરણ

### નાઘેર દશા શ્રીમાળી વણિક

ઉના નિવાસી હાલ વાશી ચીમનલાલ પ્રાણજીવનદાસ રાણા (ઉં. વ. ૮૩) તે સ્વ. હંસાબેનના પતિ. હિતેન, સમીર, સનત, અ. સૌ. રક્ષાના પિતા. ભારતી, દિશા, શીતલ, મનીષભાઇ મગનલાલ માવાણીના સસરા. સ્વ. લક્ષ્મીકાંતભાઇ, પ્રવીણભાઇ, સ્વ. તારાબેન જયંતીલાલ, ગં. સ્વ. હંસાબેન મધુકર, હસ્મિતાબેન જીતેન્દ્રના ભાઇ. તથા સ્વ. સુરેન્દ્રભાઇ, સ્વ. ભૂપેન્દ્રભાઇ, પ્રફુલભાઇ, ગં. સ્વ. ધનલક્ષ્મીબેન, સ્વ. અશ્રુબેન, ગં. સ્વ. ભાનુબેનના બનેવી બુધવાર, તા. ૨૩-૪-૨૫ના અક્ષરનિવાસી થયા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૮-૪-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર હોલ, સેક્ટર ૨૯, વાશી, નવી મુંબઇ.

### ઘોઘારી લોહાણા

સ્વ. શોભનાબેન છોટાલાલ ઠક્કર (ખાલપાડા)ના પુત્ર દીપકભાઈ (ઉં.વ.૬૫) તે મીનાબેનના પતિ. રશ્મિ શશીકાંત શેજાડે, જસ્મીના અનિલ યોગી, સ્વ. હિતેશના ભાઈ, ઝવેરભાઈ હીરજીભાઈ પોપટના બનેવી તા. ૨૫/૪/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

### કપોળ

અમરેલીવાળા હાલ બોરીવલી મગનલાલ હરજીવનદાસ ગાંધીના પુત્ર જીતેન્દ્રભાઈ (ઉં.વ.૮૦) તે પ્રફુલ્લાબેનના પતિ. દેવાંગ, નિશા હિતેન ગોરડીયા, અમિષા મેહુલ મહેતાના પિતા. સ્વ. વિઠ્ઠલભાઈ, સ્વ. જવાહરભાઈ, સુભાષભાઈ, જ્યોત્સનાબેન, સ્વ. સરોજબેન, સ્વ. કિર્તીદાબેન, સ્વ. રતિકાબેન, ભદ્રાબેન તથા નયનાબેનના ભાઈ, રાહુલ, જય, વિહા, વિધિના નાના, સાસરાપક્ષે ભાવનગરવાળા હરગોવિંદાસ લક્ષ્મીદાસ સંઘવીના જમાઈ. તા. ૨૫/૪/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### હાલાઇ લોહાણા

મૂળગામ રાજકોટ હાલ કાંદિવલી ગં. સ્વ. નિર્મળાબેન રતિલાલ ગોટેચા (ઉં.વ.૯૦) તે જયેશ, મહેશ, પલ્લવી દિપક આડઠક્કર, જયશ્રી રાજેન્દ્ર વિઠલાણીના માતુશ્રી. રૂપા તથા ઈલાના સાસુ. સ્વ. ગાંડાલાલા બેચરદાસ હરીયાણી ભાવનગરના દીકરી. ૨૬/૪/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮/૪/૨૫ ના રોજ ૪ થી ૬ કલાકે હાલાઇ લોહાણા મહાજનવાડી, શંકર મંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી લોહાણા

મોહન રતીલાલ સોઢા, (ઉં.વ.૭૭), રતીલાલ સોઢાના પુત્ર. દિલીપ સોઢા, રાજેન્દ્ર સોઢા, સ્વ. પ્રવિણ સોઢા, સ્વ. ભરત સોઢાના ભાઈ તા. ૨૬-૪-૨૦૨૫ના રોજ અવસાન પામેલ છે. કિરણ સોઢા અને અને દિપ્તી અઢીયાના પિતા. પ્રતિક્ષા સોઢા અને ભાવેશ કુમાર અઢીયાના સસરા. તનય, ધન્વી અને નીકેતના દાદા. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

## ક્લાસિફાઈડ


### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૭૫૭)

### ૧૪. નોકરી ખાલી છે

**રે રોડ - ઓફિસ બોય**

**પ્રખ્યાત પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં હોંશિયાર, વિશ્વાસુ, સાયકલ ચલાવનાર ઓફિસ પ્યુનની જરૂર છે. યોગ્ય અને સારો પગાર અનુભવ પ્રમાણે મળશે. email:alloysteel3@gmail.com CALL: 7021734143. (એસડીબી-૨૫૭૯)**

**મુલુંડ અને ઘાટકોપર**

માટે પાર્ટ-ટાઈમ અથવા ફુલ-ટાઈમ બેસિક કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે. સંપર્ક - 9322565600. (જેપી/૪૯૮૪-ઈ)

**WANTED**

B.Sc and 12th Pass with Science Subjects for Lab at Borivali Contact: 9870550891 / 9821322833. (15825-E)

### ૧૭. જગ્યા આપવી છે

**કાણકીયા સિલિકોન વેલી પવઈ**

**૨ બીએચકે, ૮૧૧' ચો.ફુટ, રેરા કારપેટ ડેક સાથે, વેચવાનો છે, ઉત્તમ બીલ્ડીંગ અને લોકેશન તૈયાર કબજો, ઓસી સાથે, સંપર્ક 'જયસિંહ ઠક્કર' ૯૮૬૯૪ ૭૩૭૦૮. (૧૫૮૩૧-એ)**

**માટુંગા (પૂર્વ)**

**વેચાણથી, ૩ બીએચકે, યોગ્ય ફ્લેટ એરિયા ૧૦૫૦' રેરા કાર્પેટ ૧ (કાર પાર્કિંગ) ઓસી પ્રાપ્ત. સંપર્કઃ- 'જયસિંહ ઠક્કર' ૯૮૬૯૪ ૭૩૭૦૮. (૧૫૮૩૧-બી)**

**માટુંગા (પૂર્વ)**

**સેમી ફર્નિશ્ડ ૩ બીએચકે ફ્લેટ લિવ એન્ડ લાઈસન્સથી, ૧ (કાર પાર્ક) યોગ્ય સુરક્ષા સાથે ઉત્તમ સોસાયટી. સંપર્ક 'જયસિંહ ઠક્કર' ૯૮૬૯૪ ૭૩૭૦૮. (૧૫૮૩૧-સી)**

**ઘાટકોપર (પૂર્વ)**

**૧ બીએચકે ફ્લેટ ૫૮૭ કાર્પેટ વેચવાનો છે યોગ્ય બિલ્ડીંગ સેન્ટ્રલી સ્થિત, ૧ (કાર પાર્કિંગ) સંપર્ક 'જયસિંહ ઠક્કર' ૯૮૬૯૪ ૭૩૭૦૮. (૧૫૮૩૧-ડી)**

**પેડર રોડ**

જશલોક પાસે, લિવલાયસંસ ૧ BHK ફર્નિશ્ડ, ભાડૂ 75000/- પાર્કિંગ નથી 9820296693 'કટારિયા એજન્ટ'. (૧૫૮૪૨-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ (ઈસ્ટ)**

**સાતીવલી, એનએચ 48, ઈન્ડસ્ટ્રીઅલ ગાળા 727' થી 4609' (RC) ગ્રાઉન્ડ, પહેલા, બીજા માળે, 16' હાઈટ, 1.5 ટન લીફ્ટ, OC. 8850050642 / 7304665227. (૧૫૮૪૦-એ)**

**ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ**

એરિયા ૬૦૦, ગ્રાઉન્ડ ફ્લોર. સસેક્સ ઇન્ડસ્ટ્રીયલ એરિયા ૬૦૦ & ૭૦૦. બન્ને લીવ લાઇસન્સ પર આપવાના છે. પાણી, પાવર સાથે. ઓફિસ, ફેક્ટરી, ગોડાઉન માટે ખાસ લાયક. જીતુભાઇઃ 9821041515 / 9702434343. (એસડીબીજી-૨૫૭૦)

### ૨૦. ધંધાદારી જગ્યા

**MALAD WEST**

**Office Available for Rent Area: 1700 Sq. Ft. Including Mezzanine. Fully Furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-15904)**

### ૩૨. જમીન - મિલકત

**મકાન જોઈએ છે**

ફાઉન્ટન, કોલાબા, ઓપેરાહાઉસ, મેટ્રો, ગામદેવીમાં ભાડુત સાથે/ વગર. સંપર્ક મહેશ શાહઃ 9820253026/ 23422261. (એસડીબીજી-૨૫૬૬)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

■ કોઈપણ વ્યવસાયમાં કંઈપણ ગુમાવ્યા વિના અમારી સાથે 20000થી વધુ રકમનું રોકાણ કરીને ઘરે બેઠા દર મહિને 10%નો નિશ્ચિત નફો મેળવો. સંપર્ક - ૮૪૩૩૭૬૩૧૯૨/ ૮૪૫૨૦૩૭૨૩૮. (બી-૧૫૮૮૭)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતીષ**

**(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુઃખ, સૌતન દુઃખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૭૮૨-ડી)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૮૩૪-સી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

### ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ બંધ**

સ્પેશિયાલીસ્ટ વોટરપ્રૂફિંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેન્ટીંગ. 9594599769. (બી-૧૫૮૮૦)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

## 'કહેવું સહેલું, કરવું મુશ્કેલ'

પહેલા અઠવાડિયામાં પાછા ફરે તેવી અપેક્ષા છે. પુનઃમિલનની ચર્ચા એવા સમયે પણ થઈ છે જ્યારે બંને પક્ષો તેમના ચૂંટણી પ્રદર્શન વિશે ખૂબ જ ખરાબ સ્થિતિમાં પહોંચી ગયા છે અને તેમના સૌથી મુશ્કેલ રાજકીય તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શિવસેના (યુબીટી)એ ૨૦ બેઠકો જીતી હતી, જ્યારે મનસે ખાલી રહી હતી. જોકે, બંને પક્ષોના નેતાઓએ કહ્યું છે કે રાજ ઠાકરેના આહ્‌વાન પર ઉદ્ધવ ઠાકરેના પ્રતિભાવથી આવી અટકળો ફેલાઈ હશે, પરંતુ જેટલું કહેવું સહેલું છે, તેટલું સંભવ નથી. શિવસેના (યુબીટી)ના એક નેતાએ કહ્યું કે બંને પિતરાઈ અલગ સ્વભાવના છે.

બે દાયકાથી વધુ સમયથી ભૂતકાળના અનુભવોને કારણે એકબીજા પ્રત્યે અવિશ્વાસ જાગ્યો છે. રાજ ઠાકરેએ ૨૦૦૫માં શિવસેના છોડી દીધી હતી અને તેના માટે ઉદ્ધવ ઠાકરેને દોષી ઠેરવ્યા હતા. તેમણે ઘણી વાર સ્પષ્ટ કર્યું છે કે તેઓ સ્વર્ગસ્થ સુપ્રીમો બાળ ઠાકરે સિવાય કોઈના હેઠળ કામ કરી શકે નહીં.

ગયા અઠવાડિયે, શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે રાજકારણને કારણે કૌટુંબિક સંબંધો તૂટી જતા નથી, પરંતુ વ્યક્તિગત સંબંધો ફક્ત બે વ્યક્તિઓ સુધી મર્યાદિત નથી, તે તેમના નજીકના પરિવારો વિશે પણ છે, ખાસ કરીને બંને પિતરાઈ ભાઈઓ, આદિત્ય (ઉદ્ધવ ઠાકરે) અને અમિત (રાજ ઠાકરે)ના પુત્રો, જેમને આખરે સંગઠનનું નેતૃત્વ કરવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે.

શિવસેનાના ઇતિહાસ પરના પુસ્તક 'જય મહારાષ્ટ્ર'ના લેખક પ્રકાશ અકોલકરે જણાવ્યું હતું કે, ૨૦૧૯માં અવિભાજિત શિવસેના, કોંગ્રેસ અને અવિભાજિત રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) વચ્ચેના જોડાણથી વિપરીત, આ ગઠબંધન અલગ હશે. 'ઉદ્ધવ અને રાજ વચ્ચેનો ઝઘડો વ્યક્તિગત અને કૌટુંબિક ઝઘડો છે, જ્યાં બંને ભાઈઓ કૌટુંબિક સંપત્તિ માટે સ્પર્ધા કરે છે. સંપત્તિ હંમેશા નાણાંકીય હોતી નથી. અહીં, સંપત્તિ બાલ ઠાકરેનો વારસો છે,' એમ અકોલકરે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે બાલ ઠાકરેનાં પત્ની મીનાતાઈ પરિવારનાં માતુશ્રી હતાં અને પડદા પાછળ પાર્ટીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતાં હતાં.

'હવે, ઉદ્ધવ અને રાજના જીવનસાથીઓ પોતપોતાના પક્ષોના માતુશ્રી છે અને જો સમાધાનની કોઈ શક્યતા હોય તો તેઓની પણ સમાન ભૂમિકા રહેશે,' એમ અકોલકરે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા નિતેશ રાણેએ ગયા અઠવાડિયે જ પ્રશ્ન કર્યો હતો કે શું ઉદ્ધવ ઠાકરેએ રાજ ઠાકરેના નિવેદનનો જવાબ આપતા પહેલા તેમની પત્ની રશ્મિની સલાહ લીધી હતી?

શિવસેના (યુબીટી)ના એક નેતાએ પણ સ્વીકાર્યું હતું કે બંને પક્ષોનું એક થવું દેખાય છે તેના કરતાં વધુ મુશ્કેલ છે.

બે પિતરાઈ ભાઈઓના એક સાથે આવવાની સંભાવનાએ બંને પક્ષોના સમર્થકોને ઉત્સાહિત કર્યા છે, પરંતુ કાર્યકર્તાઓ અને પાર્ટી નેતાઓના એક વર્ગ માટે આવું ન પણ હોય.

## ઈડીની ઓફિસમાં

મુજબ આગ ચોથા માળા પર આવેલી ઓફિસના લાકડાનાં ફર્નિચર, ઓફિસના સામાન વગેરેમાં લાગી હતી. આગ વિકરાળ હોવાથી આખી બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ ગયો હતો. ચોથા માળા પર કોમન પેસેજ અને બાલ્કનીમાં મૂકવામાં આવેલા ફર્નિચરને કારણે આગ બુઝાવવાની કામગીરીમાં અવરોધ નિર્માણ થયા હતા. બિલ્ડિંગની બારીના કાચ તોડવાને કારણે બિલ્ડિંગનો ધુમાડો બહાર નીકળી શક્યો હતો. સવારના લગભગ ૧૧.૪૭ વાગે આગને ચારે તરફથી નિયંત્રણમાં લાવવામાં સફળતા મળી હતી. તો બપોરના બાર વાગ્યાની આસપાસ આગને સંપૂર્ણપણે બુઝાવવામાં સફળતા મળી હતી. જોકે મોડે સુધી કુલિંગ ઓપરેશન ચાલુ હતું. ફાયરબ્રિગેડના અધિકારીએ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું જણાવ્યું હતું. આગનું ચોક્કસ કારણ તપાસ બાદ જ જાણી શકાશે એવું પણ તેમણે કહ્યું હતું. સિનિયર પોલીસ અધિકારીએ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું જણાવ્યું હતું અને આગની પૂરી ઘટનાની તપાસ કરવામાં આવશે એવું જણાવ્યું હતું. આગમાં મોટા પ્રમાણમાં દસ્તાવેજો અને ફર્નિચર બળીને ખાખ થઈ ગયું હતું. ચીફ ફાયર ઓફિસર રવિન્દ્ર આંબુલગેકરે એએનઆઈ સમાચાર સંસ્થાના હવાલે એક વેબસાઈટને એમ કહેતા ટાંક્યા હતા કે ફર્નિચર, કમ્પ્યુટર્સ અને મહત્ત્વની ઘણી સરકારી ફાઈલ્સનો આગમાં નાશ થયો હતો.

## ફડણવીસે ખખડાવતા

લીધી અને એકનાથ શિંદેને કડક શબ્દોમાં સમજાવવા કહ્યું હતું જેને પગલે હવે સંજય ગાયકવાડે માફી માંગી છે. 'મારું નિવેદન મહારાષ્ટ્રના સમગ્ર પોલીસ દળની હિંમત ઓછી કરવા માટે નહોતું, કે તેમની હિંમત અને બહાદુરીનું અપમાન કરવા માટે નહોતું. મેં મને થયેલા અનુભવો વ્યક્ત કર્યા હતા. જો મારા શબ્દોથી મહારાષ્ટ્રના પોલીસ દળ અથવા મહારાષ્ટ્ર સરકારનું કોઈ અપમાન થયું હોય, તો હું મહારાષ્ટ્ર પોલીસની જાહેરમાં માફી માગુ છું. પરંતુ મેં જે પણ નિવેદન આપ્યું છે તેનો મેં અનુભવ કર્યો છે. મારા પરિવાર સાથે પણ આવું જ થયું છે. તેથી જ મેં તે રીતે વાત કરી હતી, એમ સંજય ગાયકવાડે કહ્યું હતું .

## પંજાબ નેશનલ બૅન્ક

પીએનબી પાસેથી ૧૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમની ઉચાપત કરી હતી. બે સપ્તાહ પહેલા બેલ્જિયમમાં મેહુલ ચોકસીની ધરપકડ બાદ બ્રેડી હાઉસ ફરી ચર્ચામાં છે, પરંતુ આ શાખાની કામગીરી થોડા વર્ષો પહેલા ફોર્ટના સર પી. એમ. રોડ સ્થિત પીએનબી હાઉસમાં શિફ્ટ કરવામાં આવી હતી. ચોક્સી અને મોદી દેશ છોડીને ભાગી ગયા હતા અને સીબીઆઇ તેમજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ આ કૌભાંડની તપાસ હાથ ધરી છે. માર્ચ ૨૦૧૯માં મોદીની સીબીઆઈ અને ઇડીના આરોપોના આધારે પ્રત્યર્પણ વોરંટ પર લંડનમાં ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી તેઓ જેલમાં બંધ છે. બૅન્કે બ્રેડી હાઉસ શાખાની કામગીરી પીએનબી હાઉસમાં ખસેડી હોવાથી આ સ્થળ હવે કોફીની લિજ્જત સાથે પ્રોફેશનલ મીટિંગ્સ અને ગપસપ માટે એક લોકપ્રિય સ્થળ બની ગયું છે. (પીટીઆઈ)

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

# પરમાત્મા સર્વત્ર સમાનરૂપે વ્યાપ્ત છે, એને પ્રગટ કરવાની એક માત્ર વિદ્યા છે-પ્રેમ





માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com

'રામચરિતમાનસ'માં જે રૂપે મને પ્રેમનાં દર્શન થઈ રહ્યા છે, એ પ્રેમશાસ્ત્રની મુખ્યત્વે આ રામકથામાં ચર્ચા થશે..દેવસમાજ અને સમગ્ર પૃથ્વી ભગવાનને પોકારી રહ્યા હતા. અસુરોનો ત્રાસ વધી ગયો છે, આતંક ફેલાઈ ચૂક્યો છે, ચારે તરફ ભ્રષ્ટાચાર છે, ગોસ્વામીજી લખે છે-

**अस भ्रष्टाचारा भा संसारा धरम सुनिअ नहिं काना ।।**

ચારે તરફ આવું વાતાવરણ છે ત્યારે, આખી પૃથ્વી પોતાને મદદ કરવાને માટે શ્રીહરિને પોકારે છે. એ વખતે બધાં મળીને ભગવાનની સ્તુતિ કરીને પોકાર કરવા માટે 'માનસ'માં તૈયાર થાય છે, ત્યારે ભગવાનને ક્યાં પોકારી શકાય એવી એક ચર્ચા થઈ. કોઈ કહે વૈકુંઠમાં, કોઈ કહે સાકેતમાં. એકમતિ ન થઈ, ત્યારે ભગવાન ક્યાં મળશે એવું બ્રહ્માજીએ શંકરને પૂછ્યું હતું, એ વખતે શંકરના મુખમાંથી નીકળેલી આ પંક્તિ છે, 'જો આપ મને પૂછતા હો તો પરમાત્મા સર્વત્ર સમાનરૂપે વ્યાપ્ત છે, પરંતુ એને પ્રગટ કરવાની એકમાત્ર વિદ્યા છે અને એનું નામ છે પ્રેમ. જો આપણામાં પ્રેમ હશે, તો પરમાત્મા અહીં પ્રગટ થશે.' એ પંક્તિઓનો મેં આશ્રય કર્યો છે.

આવો, હવે આપણે વાણીને પવિત્ર કરવા માટે રામજન્મની ગાથા ગાઈએ અને નાથદ્વારામાં રામ પ્રાગટ્યનું ગાયન કરીએ. ભગવાન શિવ વેદવિદિત વટવૃક્ષની નીચે સહજાસનમાં બેઠા છે. પાર્વતી આવે છે. રામકથાની જિજ્ઞાસા કરે છે. કૈલાસની જ્ઞાનપીઠ પરથી શિવ પાર્વતીને કથા સંભળાવે છે. રામતત્ત્વ વિશે ખુલાસો કરતાં શિવ કહે છે, એ દશરથના પુત્ર છે જ, અવશ્ય; પરંતુ તત્ત્વતઃ રામ શું છે એ સાંભળો-

**बिनु पद चलई सुनई बिनु काना ।**
**कर बिनु करम बिधि नाना ।।**

તુલસીજી રામને વૈશ્વિક રૂપમાં પ્રસ્તુત કરે છે અને કહે છે, હે પાર્વતી,આવું બ્રહ્મતત્ત્વ મનુષ્યરૂપ લઈને ધરતી પર આવ્યું. 'માનસ'માં રામના અવતારપૂર્વે રાવણના અવતારની કથા કહેવામાં આવી છે. સૂરજ નીકળતા પહેલાં રાત્રિ હોય છે,એટલા માટે પહેલાં નિશાચર વંશની કથા અને ત્યારબાદ સૂર્યવંશની કથા છે. રાવણ, કુંભકર્ણ, વિભીષણ બહુ જ તપ કરે છે. ઘણાં દુર્લભ વરદાનો પ્રાપ્ત કરે છે. રાવણ જ્યાં સૌંદર્ય જુએ છે, સમૃદ્ધિ જુએ છે એને લૂંટવા લાગે છે. યજ્ઞયાગ રોકે છે. રાવણે આતંક ફેલાવી દીધો. આખી ધરતી કાંપવા લાગી. ધરતીએ ગાયનું રૂપ લીધું. ઋષિમુનિઓ પાસે જઈને રોવા લાગી,'હે મહાત્મા, મને બચાવો.' બધાં દેવતાઓ પાસે ગયાં. આખરે બધાં બ્રહ્માની પાસે ગયાં. હવે શું કરવું? ત્યારે બ્રહ્માએ કહ્યું, આપણે સૌ મળીને એ પરમતત્ત્વને પોકારીએ જેથી એ જ આપણને કોઈ ઉપાય બતાવે; અને ત્યાં એક પ્રશ્ન આવ્યો કે ભગવાનને ક્યાં પોકારવા? બ્રહ્માએ શિવજીને પૂછ્યું, ત્યારે શિવજીએ બ્રહ્મસભામાં કહ્યું, જે પંક્તિ આપણને આ કથાનું કેન્દ્રબિંદુ બનાવી છે, એ ત્યારે ગાવામાં આવી છે. ગોસ્વામીજીએ લખ્યું-

**हरि व्यापक सर्वत्र समाना ।**
**प्रेम तें प्रगट होहिं मैं जाना ।।**

એ સમયે એ સભામાં શિવજીએ કહ્યું, ભગવાન વ્યાપક છે, સૌમાં સમાનરૂપે છે. આપણામાં જો પ્રેમ હશે તો પ્રભુ અહીં પ્રગટ થશે. આપણે સૌ એમને પોકારીએ. પ્રેમથી એમને પોકારીએ. બધા દેવતાઓ સ્તુતિ કરે છે. આકાશવાણી થઈ, 'થોડું ધૈર્ય ધારણ કરો. હું ધરતી પર અયોધ્યામાં પ્રગટ થઈશ.'

પૂજ્યપાદ ગોસ્વામીજી, જ્યાં રામ પ્રગટ થવાના છે, એ અયોધ્યામાં આપણને લઈ જાય છે. અયોધ્યાનું સાર્વભૌમ સામ્રાજ્ય છે. અયોધ્યામાં સમ્રાટ રઘુકુલમણિ દશરથનું શાસન છે. કૌશલ્યાદિ રાણીઓનો પરિચય આપ્યો. આપણા જીવનમાં રામ પ્રગટ થઈ શકે એ માટે દામ્પત્ય કેવું હોવું જોઈએ એની એક ફોર્મ્યુલા તુલસીદાસજીએ બતાવી. માત્ર ત્રણ સૂત્ર, કૌશલ્યા અને દશરથ જેવું દામ્પત્ય હોય તો કોઈના પણ ઘરમાં રામ પ્રગટ થઈ શકે છે. ક્યારેક ક્યારેક લોકો મને પૂછે છે કે,'સંસારમાં આતંક છે, ભ્રષ્ટાચાર છે, આવું બધું ચાલે છે, તો હવે રામ ક્યારે પ્રગટ થશે?' હું કહું છું કે, રામ તો પ્રગટ થવા માટે સાકેતથી ઓલરેડી નીકળી ચૂક્યા છે, પરંતુ આકાશમાં ઘૂમી રહ્યા છે. એમને ક્યાંય દશરથ અને કૌશલ્યા નથી મળી રહ્યા, એટલે એ રોકાયા છે અને આજે લોકોનું દામ્પત્ય બહુ જ બગડ્યું છે, એવી મારી ચિંતા સાથે તમે સહમત નથી? કરવું શું? 'માનસ'કાર કહે છે, પુરુષ પોતાની પત્નીને પ્રેમ આપે, સ્ત્રી પોતાના પતિને આદર આપે અને પછી બંને મળીને પોતાના જીવનમાં થોડી ભગવદ્ ભક્તિ કરે. આ ત્રણ વસ્તુ હોય તો એમનાં ઘરમાં રામ પ્રગટ થાય છે; પરંતુ આટલું નથી થઈ રહ્યું!

દશરથના મનમાં એક ગ્લાનિ છે. બૂઢાપો આવી ગયો છે, પુત્ર નથી. ગોસ્વામીજીએ લખ્યું છે કે, રાજદ્વાર ગુરુદ્વાર ગયું. મારાં ભાઈ-બહેનો, જ્યારે ક્યાંયથી સમાધાન ન મળે ત્યારે કોઈને ખબર પણ ન પડે એ રીતે કોઈ બુદ્ધપુરુષ પાસે ચાલ્યા જવું. દશરથજી ગુરુના દ્વારે ગયા,'શું મારા ભાગ્યમાં પુત્રસુખ નથી?' વશિષ્ઠજીએ કહ્યું, 'રાજન, હું તો ક્યારનો પ્રતીક્ષા કરતો હતો કે આપ મારી પાસે આવીને 'અથવા તો બ્રહ્મ જિજ્ઞાસા' કરો તો બ્રહ્મને હું બાળક બનાવીને આપના આંગણામાં રમતાં કરી દઉં.' શૃંગી ઋષિને બોલાવાયા, ભક્તિ સાથે યજ્ઞ કરાવ્યો. અંતિમ આહુતિમાં યજ્ઞકુંડમાંથી અગ્નિના રૂપમાં યજ્ઞપુરુષ બહાર આવ્યા. પ્રસાદનો ચરુ આપ્યો. રાજાએ પોતાની રાણીઓને યથાયોગ્ય પ્રસાદ વહેંચ્યો. દિવસો વીતવા લાગ્યા, હરિ ગર્ભમાં પધાર્યા છે. દિશાઓ પવિત્ર થવા લાગી. જીવમાત્રના મનમાં આનંદાનુભૂતિ થવા લાગી. યોગ, લગન, ગ્રહ, વાર, તિથિ, પંચાંગ અનુકુળ થયાં. ત્રેતાયુગ, ચૈત્રમાસ, શુક્લપક્ષ,નૌમી તિથિ, અભિજિત, મધ્યદિવસ અને પાંચેય તત્ત્વો ભગવાનની સેવામાં હાજર થઈ ગયાં. પરમાત્માના પ્રાગટ્યની ક્ષણ નજીક આવે છે. અને એ બ્રહ્મતત્ત્વ, એ ભગવાન, એ ઈશ્વર, એ પરમાત્મા મા કૌશલ્યાના ભવનમાં ચતુર્ભુજ રૂપ ધારણ કરીને પ્રગટ થાય છે.

- સંકલન : જયદેવ માંકડ ■

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ત્રણ રત્નઃ પાણી-અન્ન ને સારી વાણી



જેને રત્ન માનવામાં આવે છે તે તો પથ્થરના ટુકડા છે. બજારમાં તેની કિંમત હોઈ શકે. તેના બદલામાં સુખ-સાહ્યબી મળે તેવાં ઉપકરણો વસાવી શકાય, એ રત્નથી જીવનમાં જરૂરિયાત કરતાં વધારે ઇચ્છિત બાબતો એકત્રિત પણ કરી શકાય, પણ વાસ્તવમાં આ પથ્થરના ટુકડા રત્ન નથી. સૃષ્ટિમાં પાણી, અન્ન અને સારી વાણી, આ ત્રણ જ રત્નો છે. તેની કિંમત સમજવી જોઈએ, તેનો સદુપયોગ થવો જોઈએ અને તેનું રક્ષણ થવું જોઈએ. પ્રખર વ્યવહારુ જ્ઞાની ચાણક્ય દ્વારા કહેવાયેલી આ વાત છે.

આમ તો શરૂઆત 'હવા'થી થવી જોઈએ. હવા વગર અસ્તિત્વ ૫-૬ મિનિટ સુધી જ ટકી રહે. પાણી વગર ૪-૫ દિવસ, તો અન્ન વગર ૬-૭ અઠવાડિયાં સુધી જીવન ટકી રહે. તપસ્વી લોકોની વાત જુદી છે. તેમનું અસ્તિત્વ તો જુદા જ સ્તરે હોય છે. તેથી જોવા જઈએ તો હવા એ સૌથી કીમતી રત્ન છે, પછી પાણી અને પછી અન્નની વાત થાય. અહીં હવાનો સમાવેશ નથી થયો. કારણ એ હોઈ શકે કે, વ્યક્તિની ઇચ્છા ન હોય તોપણ ઈશ્વર તો હવાનું 'પ્રદાન' કરે જ. હવા સર્વત્ર છે, સર્વમાન્ય છે. હવા શાશ્વત છે, હકીકત છે. એની માટે કોઈ પણ પ્રકારના પ્રયત્નોની જરૂર નથી. રત્નની પ્રાપ્તિ માટે પ્રયત્નનું મહત્ત્વ હોવું જોઈએ.

પાણી માટે થોડો ઘણો, વિવિધ પ્રકારનો પ્રયત્ન તો કરવો પડે, તેથી પાણી રત્ન છે. પ્રાચીન સમયમાં નદીકિનારેથી પાણી લાવવું પડતું અને આજે તે માટે પાણી પુરવઠાની વ્યવસ્થાનું સર્જન કરવું પડે છે. મહેનત તો બંનેમાં છે. પાણીની જરૂરિયાત પણ સ્વાભાવિક છે. પાણીનું મહત્ત્વ પણ વ્યવસ્થિત રીતે સ્થાપિત થયેલું છે અને બધા દ્વારા સ્વીકારાયેલું પણ છે. પાણી જીવનના પર્યાય સમાન છે. પાણી જીવન હોવાની સાબિતી છે. શરીરમાં ૮૦ પ્રતિશત જેટલું પાણી હોય છે, તે વાત જ પાણીનું મહત્ત્વ સ્થાપિત કરવા પૂરતી છે. પાણી રત્ન છે - રત્ન સમાન છે.

પૃથ્વીને અનેક રત્નોની જનની કહેવાય છે. પૃથ્વી પથ્થર સમાન રત્ન પણ આપે છે અને અન્ન પણ આપે છે. પૃથ્વીમાંથી ચમકતો હીરો પણ મળે અને રોજિંદા ખોરાકમાં વપરાતું ધાન પણ મળે. આમ તો આ બંનેને રત્ન તરીકે કહી શકાય, પરંતુ બંનેની ભૂમિકા ભિન્ન ભિન્ન છે. જ્યાં સુધી જીવનને લાગેવળગે છે ત્યાં સુધી અન્ન ખૂબ જરૂરી છે. એક ઉપનિષદમાં તો 'બ્રહ્મ' શું છે તેનું નિરૂપણ કરવાની પ્રક્રિયાની શરૂઆત 'અન્ન'થી થાય છે. શરૂઆતના તબક્કામાં અહીં કહેવામાં આવે છે કે અન્ન બ્રહ્મ છે, કારણ કે અન્ન થકી જ જીવનસર્જનનાં તત્ત્વો અસ્તિત્વમાં આવે છે, જીવનનું સર્જન થાય છે, જીવનનું પોષણ થાય છે અને જીવન કાર્યરત રહે છે. તેથી અન્ન બ્રહ્મ છે. જોકે આગળ જતાં આ સમગ્ર ચર્ચા યોગ્ય દિશા ધારણ કરી લે છે, પરંતુ તેનાથી અન્નનું મહત્ત્વ ઓછું નથી થતું.

અન્ન પણ રત્ન છે. અન્ન થકી જીવન ટકી રહે છે. અન્નમાં રહેલા વિવિધ પ્રકારના રસથી શરીરને તંદુરસ્તી તથા શક્તિ મળી રહે છે. અન્ન થકી જ જાત-જાતના રસ ઉત્પન્ન કરી માનવીએ ખોરાકમાં રસિકતા સ્થાપિત કરી છે. અન્ન ખોરાક પણ છે અને દવા પણ. અન્ન જરૂરિયાત પણ છે અને મોજશોખનો વિષય પણ. અન્ન મૂળ સ્થિતિમાં પણ હોય અને ચોક્કસ પ્રક્રિયાને આધારે નિર્ધારિત થયેલ સ્વરૂપમાં પણ. સાથે સાથે એ પણ સમજવાની જરૂર છે કે અન્ન યોગ્ય પણ હોય અયોગ્ય પણ, પણ એ તો વ્યક્તિગત બાબત થઈ ગઈ. મૂળભૂત રીતે અન્ન જીવનપોષક તત્ત્વ છે અને તેથી તે રત્ન છે.

'સારી વાણી'ની ગણના ભારતમાં રત્ન તરીકે થાય છે. કહેવાય છે કે હંમેશાં સારી વાણી બોલવી. કોયલ અને કાગડાનું ઉદાહરણ આપીને આ વાત દૃષ્ટાંતકથામાં વારંવાર કહેવામાં આવે છે. સામાજિક સુસંવાદિતતા માટે, પરસ્પરના વ્યવહારમાં દ્વેષ કે ઉદ્વેગ ઉત્પન્ન ન થાય તે માટે, જીવન સરળતાથી પસાર થાય તે માટે અને પરિસ્થિતિમાં વૈમનસ્ય ઊભું ન થાય તે માટે સારી વાણી જરૂરી છે. સત્યનું પોતાનું મહત્ત્વ છે, પણ સાથે સાથે સારી રીતે કહેવાયેલા સત્યનું વધુ મહત્ત્વ છે. સાચું બોલવું જોઈએ, પણ કથન કોઈને કડવું ન લાગવું જોઈએ. સત્યની સ્થાપના જરૂરી છે, પણ એ રીતે નહીં કે જેનાથી સામાજિક એકરસતા જોખમાય. સત્ય પણ જરૂરી છે અને સમરસતાવાળો સમાજ પણ. તેથી જ સારી વાણીને અહીં મહત્ત્વ અપાયું છે. કડવાં વેણ ઉચ્ચારવાની અહીં કોઈને છૂટ નથી. સમાજમાં અસ્વીકૃત બને તેવી વાણી બોલવાની સનાતન સંસ્કૃતિમાં છૂટ નથી. એનો અર્થ એ નહીં કે અસત્ય બોલવું, એનો અર્થ એવો જ કે અસત્ય કરતાં સત્યથી વધુ તકલીફો ઊભી થવાની સંભાવના હોય તો મૌન ધારણ કરવું.

સાંપ્રત સમયમાં અન્ય રત્નોની વાત પણ થઈ શકે, પણ અહીં ચાણક્ય દ્વારા આ ત્રણ બાબતને જ રત્ન તરીકે સ્થાપિત કરાઈ છે. કારણ સ્પષ્ટ છે. કોઈ એક બાબત જીવન માટે જરૂરી છે, તો કોઈ બાબત વિકાસ તથા 'રસ' માટે જરૂરી છે તો કોઈ બાબત સમાજના સંગઠન માટે જરૂરી છે. આ ત્રણેય બાબતો સિદ્ધ થયા પછી આગળનાં રત્નોની વાત થઈ શકે.

રત્નની સાચવણી જરૂરી છે. હવા પ્રદૂષણમુક્ત હોવી જોઈએ, એ રીતે તેની સાચવણી થઈ શકે. પાણીને અને પાણીના સ્રોતને પણ પ્રદૂષણથી મુક્તિ મળવી જોઈએ. આ સાથે પાણીની બચત પણ થવી જોઈએ, પાણીનો સંગ્રહ પણ થવો જોઈએ, અને પાણીનો બગાડ પણ અટકવો જોઈએ. અન્ન માટે પણ આમ જ કહી શકાય. સૌપ્રથમ તો અન્નની ગુણવત્તા યોગ્ય હોય તે જરૂરી છે. અન્ન એ રીતે હોવું જોઈએ કે જેનાથી શરીરનું ઘડતર અને વિકાસ થઈ શકે, રોગપ્રતિકારક શક્તિ કેળવાય અને શારીરિક અશક્તિની સંભાવના દૂર થાય. અહીં ક્યાંક પાણીપુરી સામે ચ્યવનપ્રાશનું મહત્ત્વ સ્થાપિત થાય છે. અન્નનો સંગ્રહ પણ જરૂરી છે.

સારી વાણીનો સંગ્રહ ન થઈ શકે. આ તો રોજ રોજ પ્રયોગમાં લેવાતી બાબત છે. પ્રત્યેક શબ્દના ઉચ્ચારણ વખતે, પ્રત્યેક વાતની રજૂઆત વખતે, પ્રત્યેક માન્યતા સ્પષ્ટ કરતી વખતે, પ્રત્યેક શ્રદ્ધાની સ્થાપના કરતી વખતે, પ્રત્યેક વિચારધારાને જણાવતી વખતે 'સારી વાણી' હોય તે ઇચ્છનીય છે. જો વાણી સારી હોય તો જે તે બાબતની સ્વીકૃતિ સરળ બને. એમ પણ કહી શકાય કે સારી વાણીથી કલહને દૂર કરી શકાય અને યુદ્ધ પણ અટકાવી શકાય. સારી વાણીથી સંદેશો સરળતાથી પહોંચી શકે, જે સમાજના બંધારણ માટે જરૂરી ઘટના કહેવાય. સારી વાણી મધુર તો લાગે જ, પણ એકવાર તે સાચી છે તેમ માનવા મન પણ પ્રેરાય. સારી વાણીની આ એક મોટી જીત કહેવાય. ■

# ઓમકાર શિવતત્ત્વને પામવાનું સાધન છે

અલૌકિક દર્શન
ભાણદેવ
bhandev@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

૭. કંઠમાં વિષઃ

શિવજીએ પોતાના કંઠમાં વિષ ધારણ કરી રાખ્યું છે, તેથી તેમના કંઠનો વર્ણ નીલ છે. આમ હોવાથી તેઓ નીલકંઠ કહેવાય છે.

દેવો અને અસુરોએ સાથે મળીને સમુદ્રમંથન કર્યું. સમુદ્રમંથનને પરિણામે ચૌદ રત્નો મળ્યાં, અમૃત પણ મળ્યું, પરંતુ સાથેસાથે વિષ પણ નીકળ્યું. આ વિષ ધારણ કરે કોણ? શિવજીએ વિષને કંઠમાં ધારણ કરી રાખ્યું છે.

આધ્યાત્મિક સાધના અમૃતની પ્રાપ્તિની સાધના છે. અમૃત અર્થાત્ કાલાતીત બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ માટે જે સાધના કરવામાં આવે છે તે એક સ્વરૂપે મંથન છે, જેમ દધિમંથનથી માખણ મળે છે, તેમ અધ્યાત્મ મંથનથી બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે. આ અધ્યાત્મ મંથનને જ કથાની ભાષામાં સમુદ્રમંથન કહેવામાં આવે છે. સમુદ્રમંથનથી અમૃત તો મળ્યું, પણ સાથે સાથે વિષ પણ મળ્યું. અધ્યાત્મપથ પર આકરી વિટંબણાઓ પણ આવે છે. આ આકરી વિટંબણાઓ તે જ વિષ છે અને તે વિષને પચાવી જવું પડે છે. આ વિષ પચાવે કોણ? સર્વવ્યાપી શિવતત્ત્વ જ આ વિષને પચાવી શકે છે. આ એક આધ્યાત્મિક સત્ય છે, અધ્યાત્મપથનું રહસ્ય છે. આ અધ્યાત્મરહસ્યને જ કથાની ભાષામાં શિવનું વિષપાન અને વિષધારણ કહેલ છે. શિવજી વિષને ગળાની નીચે ઉતારતા નથી, પેટમાં લેતા નથી અને બહાર પણ ફેંકી દેતા નથી. વિષને જીવનમાં સ્થાન આપવાનું નથી. અને વિષ બીજાને આપવાનું પણ નથી તેમ સૂચવવા માટે તેને કંઠમાં ધારણ કરી રાખેલ છે તેમ ગણેલ છે.

બીજી રીતે જોઈએ તો સમુદ્રમંથનની ઘટના એટલે સૃષ્ટિસર્જનની પ્રક્રિયા. સર્જનની પ્રક્રિયામાં અમૃત અને વિષ બંને ઉત્પન્ન થાય છે. વિષને કોણ ધારણ કરી શકે? જે કાલાતીત છે, જે સર્જનથી અતીત તત્ત્વ છે તે. આ પરમ તત્ત્વ તે જ શિવ છે અને સર્જનની પ્રક્રિયાના વિષને પણ તે શિવતત્ત્વ જ ધારણ કરી રાખે છે. આ સત્યને સૂચિત કરવા માટે શિવના કંઠમાં વિષધારણની ઘટના છે.

**૮. ત્રિશૂલઃ**

ત્રિશૂલ ઓમકારનું પ્રતીક છે. ત્રિશૂલના આકાર દ્વારા ઓમ્કાર સૂચિત થાય છે. શિવના હાથમાં ત્રિશૂલ છે. ત્રિશૂલ શિવનું હથિયાર છે અને ઓમકાર શિવતત્ત્વને પામવાનું સાધન છે. ઓમકારની ઉપાસના દ્વારા સાધક શિવતત્ત્વ-બ્રહ્મતત્ત્વને પામી શકે છે તેમ સૂચવવા માટે ત્રિશૂલરૂપી ઓમકારને શિવનું હથિયાર ગણેલ છે.

**૯. ડમરુઃ**

શિવના એક હાથમાં ત્રિશૂલ છે અને શિવના બીજા હાથમાં ડમરુ છે. ડમરુ નાદનું પ્રતીક છે. નાદાનુસંધાન ભારતીય અધ્યાત્મપરંપરાનું એક મહત્ત્વપૂર્ણ અધ્યાત્મ-સાધન છે. નાદ પરમાત્માની એક અભિવ્યક્તિ છે અને નાદ દ્વારા નાદાતીત સુધી પહોંચી શકાય છે. શિવને '**नादबिंदुकलात्मन्**' કહેલ છે. નાદ દ્વારા બિંદુમાં, બિંદુ દ્વારા કલામાં અને કલા દ્વારા સર્વ કલાઓના અધિપતિ શિવને પમાય છે. આ નાદતત્ત્વને સૂચવવા માટે શિવના એક હાથમાં ડમરુ મૂકેલ છે.

**૧૦. વ્યાઘ્રાંબરઃ**

શિવ વ્યાઘ્રચર્મ ધારણ કરે છે. વાઘ શક્તિ અને ક્રિયાનું પ્રતીક છે. શિવ શક્તિમાન છે, સર્વ શક્તિના નિધિ અને



આદિસ્રોત છે, પરંતુ શિવમાં આ શક્તિ સક્રિય નથી, અક્રિય છે. વાઘ પોતે સક્રિય શક્તિનું પ્રતીક છે, પરંતુ વ્યાઘ્રચર્મ અક્રિય શક્તિનું પ્રતીક છે, કારણ કે વ્યાઘ્રચર્મ તો મૃત વ્યાઘ્રનું માત્ર ચર્મ છે. તે જીવંત અર્થાત્ સક્રિય વાઘ નથી. શિવ શક્તિમાન હોવા છતાં ક્રિયાશીલ નથી તેમ સૂચવવા માટે તેમના વસ્ત્રરૂપે વ્યાઘ્રચર્મ મૂકવામાં આવેલ છે.

**૧૧. શક્તિના આધારરૂપે શિવઃ**

પ્રાચીન પરંપરાનાં કાલીમંદિરોમાં મૂર્તિની રચના વિશિષ્ટ સ્વરૂપની હોય છે. શિવજીની મૂર્તિ શયનાવસ્થામાં હોય છે. શિવજીની છાતી પર પગ મૂકીને મહાકાલી ઊભાં હોય છે. મૂર્તિની આ પ્રકારની અવસ્થા દ્વારા એક રહસ્ય સૂચિત થાય છે. સમગ્ર અસ્તિત્વ શિવ અને શક્તિની રચના છે. શિવ અક્રિય અને આધારરૂપ તત્ત્વ છે. મહાકાલી શક્તિસ્વરૂપિણી છે. મહાકાલી શિવની જ શક્તિ છે. મહાકાલી સક્રિય શક્તિ છે. મહાકાલી અર્થાત્ શક્તિને શિવનો આધાર છે. શિવ અને શક્તિ વચ્ચે આધાર-આધેય-સંબંધ છે. શિવ થકી શક્તિનું અસ્તિત્વ છે અને શક્તિ દ્વારા શિવ ક્રિયાશીલ બને છે. શિવ પોતાના મૂળ સ્વરૂપે શવવત્ અને અક્રિયાવસ્થામાં અવસ્થિત છે અને શક્તિ તેના આધારે રહીને આ સમગ્ર અસ્તિત્વને રચી રહ્યાં છે.

શિવ અને શક્તિના આ વિશિષ્ટ સંબંધને સૂચિત કરવા માટે શયનાવસ્થામાં રહેલા શિવની છાતી પર મહાકાલી ઊભાં હોય તેવી મૂર્તિ બની છે.

**૧૨. ચિતાભસ્મનું લેપનઃ**

શિવ શાશ્વત્ તત્ત્વ છે. શિવના આધાર પર બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે અને પ્રલયાવસ્થામાં તેમાં જ વિલીન થાય છે. પ્રલયકાળે બ્રહ્માંડનું વિસર્જન થાય છે ત્યારે તેનો અવશેષ અર્થાત્ તેની ભસ્મ શિવ પોતાના અંગ પર ધારણ કરે છે. ભસ્મ વિસર્જનનું પ્રતીક છે. બ્રહ્માંડ અગણિત વાર ઉત્પન્ન થાય છે અને અગણિત વાર વિસર્જિત થાય છે, પરંતુ શિવતત્ત્વ અચલ છે. આ બ્રહ્માંડ વિસર્જનની ભસ્મ શિવના અંગ પર રહે છે. સર્જન-વિસર્જનની આ ઘટના અગણિત વાર બને છે અને શિવ પોતે આદિ અને અંતથી રહિત છે તેમ સૂચવવા માટે શિવ-અંગ પર ભસ્મનું લેપન શોભે છે.

અહીં ભસ્મ બ્રહ્માંડ વિસર્જનના પ્રતીક સ્વરૂપે છે.

પ્રસંગોવશાત્ એ પણ નોંધીએ કે મહાકાલીના ગળામાં ખોપરીની માળા દ્વારા પણ આ જ સત્ય સૂચિત થાય છે. બ્રહ્માંડ વિસર્જન વખતે તે બ્રહ્માંડના નાશના અવશેષરૂપે મહાકાલી એક ખોપરી પોતાના ગળામાં ધારણ કરે છે. બ્રહ્માંડ વિસર્જન અગણિત વાર થાય છે, તેથી મહાકાલીના ગળામાં અનેક ખોપરીની માળા શોભે છે.

ખોપરી વિનાશ-વિસર્જનના અવશેષનું પ્રતીક છે. મહાકાલીના ગળામાં રહેલી એક-એક ખોપરી એક-એક બ્રહ્માંડના વિસર્જનનો અવશેષ છે- વિસર્જનનું પ્રતીક છે.

બ્રહ્માંડનાં સર્જન અને વિસર્જનની પ્રક્રિયા અનંતકાળથી ચાલ્યા જ કરે છે અને અનંતકાળ સુધી ચાલ્યા જ કરશે, પરંતુ આ સર્જન-વિસર્જન વચ્ચે શિવ-શક્તિ અનાદિ, અનંત અને અચલ છે.

ભસ્મ અને ખોપરીને શિવ અને શક્તિ આભૂષણરૂપે ધારણ કરે છે, અર્થાત્ શિવ અને શક્તિ સર્જન-વિસર્જનથી પર છે. આ સત્યને પ્રતીકાત્મક રૂપે સૂચિત કરવા માટે શિવ-અંગ પર ભસ્મ અને મહાકાલીના અંગ પર ખોપરીની માળા છે.

**શિવ-પરિવારનું રહસ્યઃ**

**૧. શિવ :**

શિવ પરિવારના પ્રધાન દેવ શિવ પોતે જ છે. આપણે જોયું છે તે પ્રમાણે શિવ નિર્ગુણ બ્રહ્મનું જ સ્વરૂપ છે.

આપણા દેશની ધાર્મિક-આધ્યાત્મિક પરંપરાની એક વિશિષ્ટતા છે કે દરેક દેવને પોતાનું વાહન હોય છે. આ વાહન દ્વારા દેવના સ્વરૂપ પર પ્રકાશ પડે છે. દેવના સ્વરૂપની વિશિષ્ટતા તેના વાહન દ્વારા સૂચિત થતી હોય છે.

શિવનું વાહન નંદી છે. નંદી આસનસ્થ છે અને સ્થિરતાનું પ્રતીક છે. શિવ નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ છે. નિર્ગુણ બ્રહ્મ સ્થિર, અચલ છે. નિર્ગુણ બ્રહ્મનું સ્થિરત્વ-અચલત્વ શિવના વાહન નંદી દ્વારા સૂચિત થાય છે.

**૨. પાર્વતીજીઃ**

શિવ-પરિવારનાં દ્વિતીય દેવ પાર્વતીજી છે. તેમને જ શક્તિ કે મહાશક્તિ પણ કહે છે. શક્તિનું વાહન વાઘ છે. વાઘ શક્તિ અને ગતિનું પ્રતીક છે.

શિવ અચલ તત્ત્વ છે. પાર્વતીજી શિવતત્ત્વની ક્રિયાશીલ શક્તિ છે. વાઘના વાહન દ્વારા પાર્વતીજીની ક્રિયાશીલતા અને શક્તિમત્તા સૂચિત થાય છે.

**૩. ગણપતિજીઃ**

ગણપતિજી શિવ પરિવારના તૃતીય દેવ છે. ગણપતિજી ગણોના અધિપતિ છે. '**गणानां त्वा गणपतिः।**' ગણપતિ શિવ-પાર્વતીના પુત્ર છે.

ગણપતિનું સ્વરૂપ ઘણું વિશિષ્ટ છે અને તેમના સ્વરૂપમાં સાંકેતિક તત્ત્વો ઘણાં છે. ગણપતિનું નાક ઘણું લાંબું છે. તે ઊંડી પરખશક્તિનું પ્રતીક છે. ગણપતિના કાન લાંબા છે, જે બહુશ્રુતપણું સૂચવે છે. ગણપતિની આંખો ઝીણી છે, જે સૂક્ષ્મ દૃષ્ટિની સૂચક છે. ગણપતિનું પેટ મોટું છે, અર્થાત્ તેઓ સાગરપેટા છે, જે ગણનાયક અર્થાત્ અધિનાયક હોય તેણે સાગરપેટા રહેવું જોઈએ.

ગણપતિનું વાહન ઉંદર છે. આવડા મોટા દૂંદાળા દેવનું વાહન આટલું નાનું કેમ? ઉંદરની સર્વત્ર ગતિ છે, સર્વત્ર પ્રવેશ છે. ગણનાયકનો સર્વત્ર પ્રવેશ હોવો જોઈએ તેમ સૂચવવા માટે ગણપતિનું વાહન ઉંદર ગણવામાં આવેલ છે.

ગણપતિ વિઘ્નહર્તા અને મંગલકર્તા દેવ છે. શુભ કાર્યોમાં ગણપતિનું પ્રથમ સ્મરણ અને દેવપૂજનમાં ગપણતિનું પ્રમ પૂજન થાય છે.

(ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# ભક્તિના પાંચ સોપાન



આધ્યાત્મિક પ્રગતિના પાંચ સોપાન છે. સૃષ્ટિ, સામીપ્ય, સાલોક્ય, સાયુજ્ય અને સારૂપ્ય. સનાતની સંસ્કૃતિમાં આ પાંચ સ્તર અથવા તબક્કા અનુસાર આધ્યાત્મિક પ્રગતિ સંભવ બનતી હોય છે. આ પ્રત્યેક તબક્કામાં ઈશ્વર સાથેનો ચોક્કસ પ્રકારનો સંબંધ સ્થાપિત થાય છે. આ પ્રત્યેક તબક્કામાં ઈશ્વર સાથે એક અનેરું સમીકરણ ઉદ્ભવે છે.

આ તબક્કામાં પ્રથમ સૃષ્ટિ આવે છે. અહીં ઈશ્વરને સમગ્ર સૃષ્ટિના સર્જનહાર તરીકે નિશ્ચિત કરવામાં આવે છે. જે કંઈ બ્રહ્માંડમાં પ્રતિત થઈ રહ્યું છે તેનાં મૂળમાં ઈશ્વર છે, સૃષ્ટિની પ્રત્યેક રચના ઈશ્વર દ્વારા અને ઈશ્વર કારણે અસ્તિત્વમાં આવી છે, સમગ્ર સર્જનનું કારણ આધાર તેમ જ સંભવિત પ્રલય તે ઈશ્વરના આધિપત્યનું ક્ષેત્ર છે, તે ઈશ્વર છે એટલે બધું જ છે અને બધું જ સંભવ છે - આ પ્રકારનો વિશ્વાસ આ સોપાન પર સ્થાપિત થાય છે. જો આ સોપાન ન હોય તો વાત જ આગળ ન વધી શકે. અહીં સાધક ઈશ્વરની રચનાત્મક તેમજ સર્જનાત્મક ક્ષમતાનો સ્વીકાર કરી, તેના તરફ ધ્યાન કેન્દ્રિત કરી, તે પ્રત્યે સમર્પણનો ભાવ જાગ્રત કરે છે.

બીજા તબક્કામાં સામીપ્ય આવે છે. અહીં ઈશ્વરની સમીપ પહોંચવાની તાલાવેલી સ્થાપિત થાય છે અને તે માટે પ્રયત્નો થાય છે. સમગ્ર આધ્યાત્મિક પ્રક્રિયામાં ઈશ્વરની નજીક જવું જરૂરી છે તેમ જાણી ઉપાસના, ધ્યાન, ભક્તિ, જ્ઞાન કે કર્મ દ્વારા ઈશ્વર સાથે 'નજીકતા' વધારવાનો પ્રયત્ન થાય છે. સ્વાભાવિક છે કે જેના માટે અત્યંત પ્રેમ હોય, જેના પ્રત્યે અત્યંત આદરભાવ હોય, જેની માટે અપાર સન્માનનો ભાવ હોય, તે તરફની ગતિ ઈચ્છનીય હોય. અહીં આ ગતિની વાત થાય છે.

એકવાર ઈશ્વર તરફની ગતિ સ્થાપિત થયા પછી, જો તે માટે યોગ્ય પ્રતિબદ્ધતા હોય, સંપૂર્ણ સમર્પણથી ભક્તિ કરાઈ હોય, ક્યાંય કોઈપણ શંકા કે સંશય ન હોય, ઈશ્વરના ઐશ્વર્ય માટે અભિભૂતતા હોય, ઈશ્વર સિવાય અન્ય કશાનું ચિંતન ન હોય, માત્ર ઈશ્વર પ્રાપ્તિની જ એક કામના બાકી રહી હોય અને સંસારના બધા જ બંધનોથી, એક પછી એક, મુક્તિ પ્રાપ્ત કરી દીધી હોય, તો સામીપ્ય પછીના સાલોક્ય તબક્કામાં પ્રવેશ શક્ય મળે. સામીપ્યનો તબક્કો સફળતાથી પસાર કર્યો હોય અને તે તબક્કાની 'અંતિમ પરિસ્થિતિ' પ્રાપ્ત કરવાની સંભાવના હોય તે પ્રાપ્ત થઈ ચૂકી હોય તો સાલોક્ય સંભવ બને.

સાલોક્ય તબક્કામાં ઈશ્વરના લોકમાં વસવાટ શક્ય બને છે. અહીં તે ઈશ્વરની સાથે, ઈશ્વરના ધામમાં રહેવાની અનુભૂતિ કરે છે. તે અનુભવે છે કે ઈશ્વર સમક્ષ જ છે, ઈશ્વર પ્રાપ્ત છે, ઈશ્વર અંગત છે, ઈશ્વર સમગ્ર છે. આ બધી બાબતોની અનુભૂતિ થતાં ભક્તને પરમ શાંતિ અને પરમ આનંદ પ્રાપ્ત થાય છે. આ એક અગત્યનો પડાવ છે જ્યાં ઉદ્ભવતી અનુભૂતિ અદ્ભુત, અનન્ય, અનેરી તથા આધ્યાત્મિક હોય છે. અહીં જાણે ઈશ્વર પ્રત્યક્ષ થાય છે. અહીં જાણે ઈશ્વર સુધી પહોંચી ગયાની પ્રતીતિ થાય છે.

પરંતુ હજી પણ ભેદ સ્થાપિત છે. હજી પણ ઈશ્વર અને ભક્ત ભિન્ન છે. હજુ પણ દ્વૈત ભાવ છે. ઈચ્છા તો અદ્વૈતની છે. ઈચ્છા તો એકાકાર થઈ જવાની છે. ઈચ્છા તો સમગ્ર અસ્તિત્વને ઓગાળી નાખીને પરમમાં લીન થઈ જવાની છે. ઈચ્છા તો ઈશ્વર સાથે બ્રહ્માંડમાં સૂક્ષ્મ સ્વરૂપે વ્યાપી જવાની છે. ઈચ્છા તો અહમ્ બ્રહ્માસ્મિને સાર્થક કરવાની છે. તેથી જ સાલોક્ય પછી સારૂપ્યનો તબક્કો આવે અને પછી અંતિમ સાયુજ્ય સ્થાપિત થાય.

સારૂપ્યના તબક્કામાં ભક્ત ઈશ્વર સમાન રૂપની કલ્પના સ્વયં માટે કરે છે. આ રૂપ એટલે ભૌતિક રૂપ નહીં પરંતુ ગુણાત્મક રૂપ. આ રૂપ એટલે મુકુટધારી, ચાર ભુજાધારી, અસ્ત્ર-શસ્ત્રધારી સૌમ્ય સ્વરૂપ નહીં પરંતુ ઈશ્વરનું નિરાકાર અખંડ અનંત સ્વરૂપ. એમ કહી શકાય કે અહીં ભક્ત ઈશ્વર સમાન સાત્વિક, પરમ જ્ઞાની, સ્થિતપ્રજ્ઞ, નિરહંકારી, દયાળુ, તટસ્થ, કરુણાસભર, પવિત્ર, શુદ્ધ, સાક્ષી, નિર્લેપ - જેવાં ગુણો ધારણ કરે છે, ધારણ કરવાં પ્રયત્નશીલ રહે છે. ઈશ્વરનું આવું સ્વરૂપ, ઈશ્વરની આવી વાસ્તવિકતા પામવી એટલે સારૂપ્યતા. અહીં ઈશ્વર સમાન દિવ્ય અને પવિત્ર ભાવ મનમાં સ્થાપિત થાય છે. ઈશ્વરને પામવાનું આ એક મહત્ત્વનું સોપાન છે.


અહીં હજુ પણ ભેદ પ્રવર્તમાન છે. તેથી જ ભક્તિના અંતિમ સાયુજ્ય તબક્કામાં ઈશ્વરમાં સંપૂર્ણ રીતે લીન થઈ જવાની વાત છે. પછી કોઈ ભેદ ન હોય. પછી કોઈ જુદાપણું ન હોય. પછી કોઈપણ સ્વરૂપની ભિન્નતા ન હોય. પછી કોઈ અલગાવ ન હોય. પછી તો ભક્ત અને ઈશ્વર એક થઈ જાય. પછી બધું એકાકાર થઈ જાય, એકરસ થઈ જાય, ઐક્ય પામે, એક ઈશ્વરમાં લીન થઈ જાય અને સમગ્રતામાં મૂળ સ્થિતિ સ્થાપિત થાય. સાયુજ્યના આ તબક્કામાં સમગ્ર સૃષ્ટિ ઈશ્વરમાં રૂપાંતરિત થઈ જાય, સમગ્ર બ્રહ્માંડ ઈશ્વર સાથે તાદાત્મ્યતા સ્થાપિત કરી દે. પછી ભક્તનું અસ્તિત્વ એ ઈશ્વરનું અસ્તિત્વ બની રહે અને ઈશ્વરનું અસ્તિત્વ એ જ ભક્તનું અસ્તિત્વ બની રહે. પછી અન્ય કશું જ બાકી ન રહે, પછી માત્ર એક જ બાકી રહે અને તે છે ઈશ્વર. મુક્તિનું, મોક્ષનું આ પરમ અને અંતિમ ચરણ છે.

ઈશ્વર પ્રત્યેની આધ્યાત્મિક યાત્રાના આ પાંચ સોપાન પસાર કર્યા પછી જ ભક્તિ પૂર્ણતાને પામી તેમ કહી શકાય, ભક્તિનો ઉદ્દેશ્ય સિદ્ધ થયો તેમ કહી શકાય, ભક્તિ પરિણામી તેમ કહી શકાય. સમજવાની વાત એ છે કે આ સમગ્ર ક્રમ એકદમ તર્કબદ્ધ તેમજ 'સ્થાપિત' છે. આ સમગ્ર ક્રમ એટલી સચોટતા, સંવેદનશીલતા અને વાસ્તવિકતા આધારિત છે કે તેમાં ક્યાંય વધારા-ઘટાડાની સંભાવના નથી. ■

# પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનું તપ ને તેજ

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com



'પ્રેમસખી' અને 'પ્રેમાનંદ' જેવા બે નામથી જેમને ભગવાન સ્વામિનારાયણે ભારે ભાવથી અલંકૃત કર્યા છે. સતત સતત સંનિકટ રાખીને જેમની સેવા લીધી અને સહવાસી બનાવ્યા. એમનો નિત્ય ક્રિયાધર્મ શ્રીહરિ જાગૃત થાય અને નિદ્રાધીન થાય ત્યાં સુધી એમની સેવામાં જ લીન રહેવાનો હતો. શ્રીહરિના અંગાંગનું આટલું અને આવું પ્રત્યક્ષ દર્શન સંપ્રદાયના કોઈ અન્ય સંતે કર્યું નથી. પોંડિચેરીમાં મહર્ષિ અરવિંદના ખરા-પૂરા સહવાસી પચીસવર્ષ સુધી ચંપકલાલ હતા. એમણે 'ચંપકલાલ સ્પીક્સ' નામનું પુસ્તક લખ્યું છે અને એ રીતે બીજા એક પ્રેમાનંદ સ્વામી જેમણે પંદર વર્ષ સુધી શ્રીહરિને સેવ્યા, સમર્પિત રહીને એ જ રીતે ભાવની નીજઅનુભૂતિને પદરાશિમાં પ્રગટાવી એને હું 'પ્રેમાનંદ સ્પિક્સ' ગણું છું. માનવ અવતાર ધારણ કરીને આ ભૂમિ પર અવતરેલા દિવ્યમૂર્તિની સેવાશુશ્રૂષા પ્રત્યક્ષ રીતે કરવાનું પરમ સદ્ભાગ્ય જેમને પ્રાપ્ત થયું એ એકમાત્ર પ્રેમાનંદસ્વામી. સેવા-શુશ્રૂષા, વિચરણ સહવાસ, ગાયન-વાદન અને નર્તનમાં પ્રાવિણ્ય તથા એ ઉપરાંત હિન્દી, ગુજરાતી ભાષામાં કાવ્યસર્જન કરવાનું કૌશલ્ય, શ્રીહરિની કૃપાનું જ સુફળ. સ્વયં શ્રીહરિએ ભરી સભામાં અનેક વખત સ્વહસ્તે પોતે ધારણ કરેલા પ્રસાદીરૂપ વસ્ત્ર પરિધાનથી એમને સન્માનિત કરવા કે પુરસ્કૃત કરવા ભારે સ્નેહાદર ભાવથી પ્રેરાયા હોય, એમના પદસર્જન લીલા ગાનના શ્રવણથી પ્રભાવિત થઈને આવા સંતને દંડવત પ્રણામ કરવાનું શ્રીહરિએ સૂચવ્યું હોય એવા શ્રીહરિના કૃપાપાત્ર સંત ભક્તકવિ પ્રેમાનંદસ્વામીના જીવન વિશે વિવિધ પ્રકારની વિગતો પ્રચલિત છે. જુદા જુદા આઠેક જેટલા સંતો, અભ્યાસીઓ અને સત્સંગીઓએ નોંધેલી-આલેખેલી એ વિગતોને ટૂંકમાં નિર્દેશવાનો તથા આજ લગીનું પ્રેમસખીની પદરાશિ સાથે વિવિધ રીતનું મારું જોડાણ, મારી ધારણાઓ, એમની વિપુલ પદરાશિને વિવિધ પ્રકારે મેં વિષયાનુસાર તારવીને નામકરણ કરેલી એ તમામ સાહિત્યકૃતિઓનો પરિચય તથા એમના પદોનું વૈશિષ્ટ્ય આલેખવાનો ઉપક્રમ આ અભ્યાસલેખમાં જાળવ્યો છે.

* * *

॥૧॥

પ્રેમાનંદ સ્વામી : જીવનચરિત્ર અને પ્રસંગશૃંખલા

પહેલા તો પ્રેમાનંદ સ્વામીની જીવનચરિત્રાત્મક વિગતો જુદા જુદા અભ્યાસીઓએ અલગ-અલગ રીતે દર્શાવેલ છે, એ બધી વિગતોના સંક્ષિપ્ત સારાંશને એક સાથે સમાવિષ્ટ કરવાનું મને ઉચિત જણાયું હોઈને અહીં પહેલાં તે દર્શાવવાનો પરિચય કરાવવાનો ઉપક્રમ જાળવ્યો છે.

મારી દૃષ્ટિએ ઈ.સ. ૧૯૬૧માં પ્રકાશિત 'સ્વામિનારાયણ સંપ્રદાયનો ઇતિહાસ' નામના ગ્રંથમાં સંપ્રદાયના અભ્યાસી શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસ દ્વારા મળતી પ્રેમસખીની ચરિત્રાત્મક વિગતો ઘણી શ્રદ્ધેય જણાઈ છે. એમણે સંપ્રદાયમાં કંઠોપકંઠ જળવાયેલી વિગતોને વણી લઈને ઘણી ચરિત્રાત્મક વિગતો નોંધી છે, પરંતુ એ પૂર્વે મૂળભૂત રીતે તો સત્સંગી એવા અભ્યાસી શ્રી ઈચ્છારામ દેસાઈએ પ્રેમાનંદની પદરાશિનું પ્રકાશન હાથ ધરેલું પણ એમનું અક્ષરધામગમન થવાથી સંપ્રદાયના સંનિષ્ઠ અભ્યાસી સુપુત્ર ઈશ્વરલાલભાઈએ પ્રકાશન હાથ ધરેલું 'પ્રેમાનંદ કાવ્ય ભાગ-૧' (ઈ.સ. ૧૯૧૯)માં અને બીજો ભાગ (ઈ.સ. ૧૯૩૧) પ્રકાશિત થયેલ. એની બીજી આવૃત્તિ ઈ.સ. ૧૯૯૩માં પ્રકાશિત થયેલી તેમાં પણ ભુજ મંદિરના મહંત પુરાણી હરિસ્વરૂપદાસજીએ પ્રેમસખી પ્રેમાનંદ વિશે ચરિત્રાત્મક વિગતો મૂકી છે. દલપતરામે દર્શાવેલ વિગતો પણ મહત્ત્વની છે. કનૈયાલાલ મુનશીએ ઈ.સ. ૧૯૨૬માં સંપાદિત 'મધ્યકાળનો સાહિત્ય પ્રવાહ' નામનો ગ્રંથ પ્રકાશિત કરેલો તેમાં 'સ્વામિનારાયણ સંપ્રદાય અને ગુજરાતી સાહિત્ય' શીર્ષકથી ઈશ્વરલાલ ઇચ્છારામ મશરુવાળાનો ખૂબ જ વિગતે અભ્યાસ લેખ પ્રકાશિત છે. આ ઉપરાંત બીજા ત્રણ પ્રકાશનો પણ મહત્ત્વના છે. એમાં મારી દૃષ્ટિએ જ્ઞાનબાગ વડતાલના પાર્ષદ કાનજી ભગત કૃત 'પ્રેમાનંદસ્વામી' ( ઈ.સ. ૧૯૮૦) 'પ્રેમપદાવલિ'ના કર્તા પ્રભુશાસ્ત્રી (ઈ.સ. ૧૯૭૯) અને 'પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામિના ગ્રંથો', (ઈ.સ. ૨૦૧૦) સંપાદક કુંડળધામના વિદ્વાન સ્વામી જ્ઞાનજીવનદાસજીએ પ્રેમાનંદ સ્વામીના જીવનચરિત્રની ઘણી અદ્યતન વિગતો મળી, એ બધી જ અહીં આવરી લીધી છે.

હરિપ્રસાદ ઠક્કરનો 'પ્રેમસખી પ્રેમાનંદ' નામથી ઈ.સ. ૧૯૬૭માં પીએચ.ડી. પદવી પ્રાપ્તિનો મહાનિબંધ ઈ.સ. ૧૯૭૧માં પ્રકાશિત થયેલો છે. આ શોધનિબંધમાં એમણે એમને પ્રાપ્ત થયેલી વિગતોને આધારે પ્રેમસખી પ્રેમાનંદના જીવનની ચરિત્રાત્મક વિગતોનો અભ્યાસ કરીને તારણો પ્રસ્તુત કર્યા છે. 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'માં મહેન્દ્ર પંડ્યાએ ખૂબ જ સંક્ષિપ્તમાં માત્ર છ-સાત કવિઓની થોડી વિગતો પ્રસ્તુત કરી છે. અનંતરાય રાવળે ઈ.સ. ૧૯૭૮માં પ્રેમસખી પ્રેમાનંદની કવિતાનું એક સંકલન 'પ્રેમસખી પદાવલિ' નામથી કરીને એમાં પ્રેમાનંદની જીવનવિષયક એમને પ્રાપ્ત વિગતો આલેખીને એમની કાવ્યકલાશક્તિનો આસ્વાદ કરાવેલ છે.

* * *

પ્રેમાનંદ સ્વામીના પ્રારંભકાળના અભ્યાસી તરીકે સંપાદક ઇચ્છારામ ઈશ્વરલાલને ગણવાના રહે, ઈ.સ. ૧૯૧૯માં તેમણે જૂની હસ્તપ્રતો, સંપ્રદાયનાં મંદિરોમાં સચવાયેલા-ગવાતા પદોને એકત્ર કરીને 'પ્રેમાનંદ કાવ્ય ભાગ-૧' (૧૯૧૯), (ભાગ-૨ ૧૯૩૧) પ્રકાશિત કરેલા. ભાગ-૧/૨માં એમણે પ્રેમાનંદ સ્વામીના જીવન વિષયક વિગતો મૂકેલી એવો સંદર્ભ હરિપ્રસાદ ઠક્કરે એમના મહાનિબંધ 'પ્રેમસખી પ્રેમાનંદ' (૧૯૬૭), (૧૯૭૧)માં ટાંકેલ છે.

આ ગ્રંથની ઈ.સ. ૧૯૯૩ની બીજી આવૃત્તિમાં 'પ્રેમાનંદ સ્વામીનું જીવન વૃત્તાંત' શીર્ષકથી મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીનો આલેખ અવલોકવા મળે છે. મને પ્રથમ આવૃત્તિ અવલોકવા મળી નથી. અને બીજી આવૃત્તિમાં તે સમયે ઈશ્વરલાલ દેસાઈ એમ નામછાપ છે. પાછળથી એમની નામછાપમાં દેસાઈને સ્થાને મશરુવાળા અટક રૂપે અવલોકવા મળે છે. મેં અહીં એ બન્ને લેખોને ચરિત્રાત્મક વિગત આલેખન માટે ખપમાં લીધા છે.

કનૈયાલાલ મુનશી સંપાદિત 'ગુજરાતી સાહિત્ય ખંડ-૫' 'મધ્યકાળનો સાહિત્ય પ્રવાહ' (૧૯૨૬)માં વિભાગ આઠમાં 'સ્વામિનારાયણ સંપ્રદાય અને ગુજરાતી સાહિત્ય'માં પૃષ્ઠાંક ૨૦૭ થી ૨૬૨ના સુદીર્ઘ આઠ પ્રકરણમાંનો એમનો અભ્યાસ ઈશ્વરદાસ ઈચ્છારામ મશરુવાળા એવી નામછાપ સાથે મળે છે.

આમ સ્વામિનારાયણ સંપ્રદાય અને સાહિત્યના પ્રારંભકાળના ખરા અભ્યાસી ઈશ્વરદાસ ઈચ્છારામ મશરુવાળાને જ ગણવાના રહે. મેં પ્રેમાનંદ સ્વામીના ચરિત્રલેખનમાં એમના દ્વારા દર્શાવાયેલી વિગતોનો પણ સમાવેશ કર્યો છે.

(ક્રમશઃ)■

# માતા, હું મારી વર્તણૂક પર શરમિંદો છું, મને માફ કરો!

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com



કૈલાસ ખાતે માતા પાર્વતી કહે છે, 'સ્વામી તમે તમારા એક ભક્ત મૂળનાથની કથા તો સંભળાવી હવે તમારા બીજા ભક્તની કથા સંભળાવો.' ભગવાન શિવ પ્રસન્ન ચિત્તે જણાવે છે કે, 'મારા બીજા ભક્ત છે શુક્રાચાર્ય, તમે એમના વિશે બધું જ જાણો છો. તેમણે પોતાનું પદ અને મહત્ત્વાકાંક્ષાને એટલું મહત્ત્વ આપ્યું છે કે તેની કોઈ સીમા નથી. હજારો વરસ અગાઉ તેમણે મારી આરાધના કરી મૃતસંજીવની વિદ્યા પ્રાપ્ત કરી હતી. દેવાસુર સંગ્રામમાં તેમણે મૃતસંજીવની વિદ્યાના પ્રયોગથી લાખો અસુરોને જીવીત કર્યા હતા, મૃતસંજીવની વિદ્યાનો ખોટો ઉપયોગ થતાં અંતે મૃતસંજીવની વિદ્યા પણ મૃત પામી હતી, તેમની મહત્ત્વકાંક્ષાથી હજારો અસુર ઉત્પન્ન થયા અને એ હજારો અસુરનો વિનાશ પણ થયો, જો તેમણે પોતાની વિદ્યાનો ઉપયોગ સંસારના ઉત્થાન માટે કર્યો હોત તો તેઓ આજે સંસારમાં દેવ તરીકે પૂજાતા હોત. ચર્ચા દરમિયાન જ ભગવાન શિવ અને માતા પાર્વતી કાશી જવા નીકળી પડે છે, આકાશ માર્ગે આગળ વધતાં તેઓ કનોજ પહોંચે છે. કનોજ રાજ્ય જોતાં જ માતા પાર્વતીની મૈત્રી વલ્લભાને મળવા ઉત્સુક થાય છે. માતા પાર્વતી અને ભગવાન શિવને જોઈ કનોજ નરેશ યશધવલ શાહી સન્માન સાથે તેમનું સ્વાગત કરે છે. સખી દ્વારા કંઈપણ ન કહેતાં માતા પાર્વતી પોતાના પતિ ભગવાન શિવ સાથે ત્યાં બેચાર દિવસ રોકાવાની ઇચ્છા વ્યક્ત કરે છે. વલ્લભાએ માતા પાર્વતીને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે, 'સખી તારો પતિ જોગી છે, તેનો ભયંકર વેશ નિહાળી સૌ કોઈ મારી મશ્કરી ઉડાવશે, માટે તું કનોજમાં બેચાર દિવસ રોકાવાનો વિચાર માંડી વાળ અને સત્વરે કનોજ છોડી દે તો સારું.' માતા પાર્વતીનો ક્રોધ ભભૂકી ઊઠે છે, તેમણે પોતાના પગની માછલી ત્યાં ઉતારીને ચૂપચાપ ફેંકી તે જ ક્ષણે કનોજ છોડીને ચાલ્યાં ગયાં. માતા પાર્વતી અને ભગવાન શિવના ગયા પછી કનોજનગરી પર વિપત્તીનાં વાદળો છવાયાં અને દુષ્કાળના ઓળા છવાઈ ગયાં. રાજા યશધવલે બોલાવતાં પંડિતો અને બુદ્ધજીવીઓ હાજર થઈ ગયા. તેઓની ઇચ્છા હતી કે મહારાજ વરુણ દેવને પ્રસન્ન કરવા યજ્ઞનું આયોજન કરે.

રાજા યશધવલ ૧૦૦૧ કુંડી યજ્ઞનું આયોજન કરે છે. યજ્ઞ પૂર્ણ થઇ ગયા પણ વરસાદ વરસ્યો જ નહીં. દેવર્ષિ નારદ ત્યાંથી પસાર થતા હતા. તેઓ રાજા યશધવલને કહે છે, 'તારી પત્ની વલ્લભાએ ભગવાન શિવ અને માતા પાર્વતીનો આતિથ્યસત્કાર કર્યો ન હતો અને શિવનિંદા કરી હતી. એટલે ત્યારથી તમારા રાજ્યની દશા બેસી ગઈ છે. તમારે અહીંથી ઉત્તર દિશા તરફ કૈલાસ પર 'ત્રિશૂળ' તેમજ 'નંદા-ઘુંઘુટી' નામના બે હિમાચ્છાદિત બરફથી ઢંકાયેલા શિખરો છે. આ બંને શિખરો પરથી નીકળતી ધારા જ્યાં નદીનું સ્વરૂપ ધારણ કરે છે ત્યાં વિશાળ શિલા પર હવનકુંડ છે. એ હવનકુંડમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર જો તું હવન કરીશ તો માતા પાર્વતીની કૃપાથી તારા રાજ્ય પર આવી પડેલું સંકટ દૂર થશે અને ભરપૂર વરસાદ વરસશે.' દેવર્ષિનું સૂચન સાંભળી રાજા યશધવલ મંત્રીઓ, પુરોહિતો, સૈનિકો, સેવકો અને પ્રજાજનો સહિત 'ત્રિશૂળ' તેમજ 'નંદા-ઘુંઘુટી' શિખરો પર પહોંચવાનો આદેશ આપે છે.

***

રાજા યશધવલનો આદેશ મળતાં જ મંત્રીઓ, પુરોહિતો, સૈનિકો, સેવકો, રાજનર્તકીઓ અને પ્રજાજનો પૂર્ણ ભક્તિભાવથી માતા પાર્વતીની પૂજા કરવા અને હવનકુંડમાં હવન કરવા રવાના થયા. આખાય નગરનો સમાજ વાંકીચૂંકી પગદંડીઓ, નદીનાળાં, ઝરણાં, જંગલો વગેરે વટાવીને ઊંચાઈએ પહોંચ્યો. કનોજનરેશ યશધવલે ત્યાં પડાવ નાખ્યો. થાકેલા યશધવલને પ્રફુલ્લિત કરવા રાજનર્તકીઓએ નાચગાનની મહેફિલનું આયોજન કર્યું. આ નૃત્યસંગીતનો જલસો જોઈ રાજપુરોહિત ક્રોધાયમાન થઈ ગયા.

રાજપુરોહિતઃ 'મહારાજ, ઉત્તરાખંડના આ પ્રદેશ પર દેવતાઓનો વાસ છે, આપણે નાચગાન અને મહેફિલનું આયોજન કર્યું તો દેવતાઓનું ગૌરવ નહીં જળવાય. કોઈ સંકટ આવી પડે તે પહેલાં આપણે આ નાચગાન બંધ કરી દેવું જોઈએ.'

મંત્રીઃ 'પુરોહિતજી તમે તો ખૂબ જ શંકાશીલ અને ડરપોક છો. તમે એવું કરો કે કોઈપણ એકાંત સ્થળે જઈ પંચાક્ષર મંત્રનો જાપ કરો ભજનકીર્તન કરો પણ અમને નાચગાનની મહેફિલ માણવા દો.'

રાજા યશધવલ પણ નર્તકીઓનો નાચ જોવામાં મશગૂલ હોય છે, તેઓ પણ રાજપુરોહિતની ગંભીર ચેતવણીનો દરકાર કરતાં નથી અને નાચગાનની મહેફિલ માણતાં રહે છે. પરંતુ આ શું? તેમના ઘુંઘરું બાંધેલા પગ પથ્થર બનીને ધરતી સાથે જડાઇ ગયાં! સૌ ગભરાઈ ગયાં. રાજા યશધવલને પુરોહિતની વાત સમજાઈ ગઈ, પરંતુ હવે બહુ મોડું થઈ ગયું હતું. પોતે ફરીથી દેવી કોપનો ભોગ બન્યો. શિવનિંદામાંથી છૂટવાના પ્રયાસ પછી રાજાએ પુરોહિતની અવગણના કરીને દેવભૂમિને ભ્રષ્ટ કરવાનું પાપ આચર્યું અને તે પવિત્ર ભૂમિને અપવિત્ર કરવાનો દંડ રાજારાણીએ નગરવાસીએ ભોગવવો પડ્યો અને પ્રજા તે કોપમાંથી ઊગરી ન શકી.

એકાએક વાદળો ઘેરાયાં, વીજળી ચમકી અને પ્રચંડ વાવાઝોડું ફૂંકાયું. સમગ્ર કનોજ શહેર જળમાં એકાકાર બની ગયાં. ચોતરફ પાણી પ્રચંડ વેગથી વહેવા લાગ્યું અને જળપ્રવાહમાં સમગ્ર કનોજ શહેર ડૂબી ગયું.

ગભરાયેલા યશધવલ અને રાણી વલ્લભા 'નંદા-ઘુંઘુટી' પર્વતની ટોચ પર પહોંચે છે અને માતા પાર્વતીને પ્રસન્ન કરવા આરાધના કરવા માંડે છે. ઘણાં વરસો સુધી આરાધના કરતાં વલ્લભા અને યશધવલનો સ્વર કૈલાસ સુધી પહોંચે છે. ભગવાન શિવ અને માતા પાર્વતી આ સ્વર સાંભળી પ્રસન્ન થાય છે અને વરદાન આપવા તેમની પાસે પહોંચે છે.

માતા પાર્વતીઃ 'યશધવલ અને વલ્લભા આંખ ખોલો. માગો તમારે શું વરદાન જોઈએ છે.'

યશધવલઃ 'માતા હું મારી વર્તણૂક પર શરમિંદો છું, મને માફ કરો.'

ભગવાન શિવઃ 'હવે કંઈ ફિકર ન કરો, તમે વરદાન માંગો.'

વલ્લભાઃ 'સખી હું પણ લજ્જિત છું, મને માફ કર, જો તમે વરદાન જ આપવા માગતાં હો તો મારું રાજ્ય ફરી અમને આપો.'

માતા પાર્વતીઃ 'તથાસ્તુ'

માતા પાર્વતીનું વરદાન મળતાં જ કનોજ રાજ્યમાં ફરી વળેલું પાણી દૂર થઈ ગયું. યશધવલ અને વલ્લભા ફરી રાજ્યની ધૂરા સંભાળવા લાગ્યાં અને ઘણાં વરસો સુધી તેણે રાજ કર્યું અને આજીવન શિવભક્તિનો પ્રચાર અને પ્રસાર કર્યો.

***

નંદભદ્ર નામનો એક પ્રમાણિક વૈશ્ય હતો. ત્યારે સમગ્ર સંસારમાં કહેવાતું કે નીતિમત્તા તો નંદભદ્રની! ક્યારેય અનીતિ ન આચરે. આ વૈશ્ય વેપારી એવો તો ધર્મનિષ્ઠ હતો કે લોકો તેને ધર્માત્મા કહીને બોલાવતા. કોઈ તેમની પ્રશંસા કરે તો તેને જરાય ગમતું નહીં, અને પોતે પણ કોઈ દિવસ પોતાના વખાણ કરતો નહીં. પોતાની પ્રશંસા સાંભળીને તે ત્યાંથી દૂર ચાલ્યો જતો. અહોનિશ શિવભક્તિમાં ડૂબેલો રહેતો. રાત્રે સૂતી વખતે સરવૈયું માંડે તેમ વિચારતો કે, 'પોતાનાથી દિવસ દરમિયાન કોઈ ખોટું કામ તો નથી થયું ને?' કદાચ કંઈ ખોટું થયું હોય તો પ્રાયશ્ચિત્ત માટે તૈયાર રહેતો.

નંદભદ્રની પડોશમાં સત્યવ્રત નામનો શૂદ્ર રહેતો હતો. તે હંમેશાં નંદભદ્રની નિંદામાં જ વ્યસ્ત રહેતો. નંદભદ્ર પૂરેપૂરો આસ્તિક હતો, ત્યારે સત્યવ્રત પૂર્ણ નાસ્તિક હતો. આ દૂરાચારી સત્યવ્રત એવા મોકાની રાહ જોતો રહેતો કે નંદભદ્રને ધર્મભ્રષ્ટ કરી શકાય.

(ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# કિંચિત કુસંગે રે, બોધ બગડે ઘણો રે...



*કિંચિત કુસંગે રે, બોધ બગડે ઘણો રે,*
*પ્રત્યક્ષ તેનું છે રે પ્રમાણ,*
*મણ દૂધ માંહે રે, છાંટો પડે છાશનો રે,*
*મરને તેનાં બીજાં થાય વખાણ...*
*કિંચિત કુસંગે રે, બોધ બગડે ઘણો રે....૦*
*અલ્પ અનાચારે રે, નળને કળિ નડ્યો રે,*
*ઘૂતે દીધો પાંડવને વનવાસ,*
*અસાધુને સંગે રે, આવી પડે આપદા રે,*
*વિષ જેમ કરે વપુનો વિનાશ...*
*કિંચિત કુસંગે રે, બોધ બગડે ઘણો રે....૦*
*ગંગા જળના ઘટને રે, મૂકે મદિરા વિષે રે, પછી તેને કોઈ ન માને પવિત્ર,*
*પુંચલીની સંગે રે, પળે જો પતિવ્રતા રે, પછી તેના કોઈ ન ગાય ચરિત્ર...*
*કિંચિત કુસંગે રે, બોધ બગડે ઘણો રે....૦*
*સારો કોઈ સજ્જન રે,ચાલે સંગે ચોરને રે, પાપીને પ્રસંગે પકડ્યો જાય,*
*ગાય સારી કોઈ દિને રે, હરાયા સાથે હળે રે, બિચારીને ગળે ડેરો બંધાય...*
*કિંચિત કુસંગે રે, બોધ બગડે ઘણો રે....૦*
*બ્રહ્મચારી ભૂલે રે, ભેટે કોઈ ભામની રે,*
*નિયમ તેનો સઘળો નિષ્ફળ થાય,*
*સંન્યાસીને સોનું રે, અડે જ્યારે અંગમાં રે,*
*વૃથા વેશધારી સમો કહેવાય...*
*કિંચિત કુસંગે રે, બોધ બગડે ઘણો રે....૦*
*વૈરાગી વનિતામાં રે, જઈ ભેળો વસે રે,*
*બાવાની તો બુદ્ધિનો થાય બગાડ,*
*ભ્રષ્ટ થાય જોગી રે, ભોગી ભેળો જે મળે રે,*
*ઝેરે જેમ જાય સમૂળું ઝાડ...*
*કિંચિત કુસંગે રે, બોધ બગડે ઘણો રે....૦*
*બુદ્ધિને બગાડે રે, નિંદા ચાલે લોકમાં રે,*
*કહેવાય તેનું જ નામ કુસંગ,*
*અફીણ પીવે એદી રે, ઝોકાં ખાય જાગતાં રે,*
*રહે નહીં સારો શરીરનો રંગ.*
*કિંચિત કુસંગે રે, બોધ બગડે ઘણો રે....૦*
*તે માટે તપાસી રે, તન મનથી તજો રે,*
*ભજો એક ભક્ત વત્સલ ભગવંત,*
*છોટમ સંગ કરીએ રે, સાચા સજ્જન તણો રે,*
*જો મળે જ્ઞાની ઘણા ગુણવંત...*
*કિંચિત કુસંગે રે, બોધ બગડે ઘણો રે....૦*

મનુષ્યને થોડોક પણ કુસંગ થઈ જાય તો એનું જીવતર નકામું થઈ જાય છે. એનાં અનેક દૃષ્ટાંતો સંતોએ પોતાની વાણીમાં આપ્યાં છે. એક મણ દૂધમાં માત્ર એકાદ છાંટો પણ છાશનો પડી જાય એટલે દૂધ બગડી જાય, પછી એ દહીં થયેલા - બગડેલા દૂધનું કોઈ જાણકાર- સદગુરુ મંથન કરે તો માખણ મળે પણ એ માટે તો મથવું પડે. થોડોક અનાચાર આદર્યો અને નળરાજાની કળિયુગે ખૂબ કસોટી કરી લીધેલી. પાંડવોને જુગાર રમતાં વનવાસ મળ્યો, એમ અસત્ય આચરનાર કોઈ અસાધુનો ભેટો થાય તો એ પાપને પંથે જ ખેંચી જાય. જેમ ઝેર કોઈપણ સારી વસ્તુને ઝેરી બનાવી નાખે. ગંગાજળના ઘડાને જો મદિરાના પાત્ર સાથે રાખવામાં આવે તો લોકો એ ગંગાજળને પણ મદિરા જ માને. કોઈ એને પવિત્ર ન માને. વેશ્યાની સંગત જો કોઈ પતિવ્રતા નારી કરે તો પછી એનું ચરિત્ર કોઈ વખાણે નહીં. ચોરની સંગાથે સારો-સજ્જન ચાલે તો એને પણ લોકો ચોર જ ગણે અને કોઈને ત્યાં ચોરી થાય ત્યારે એને પણ સિપાહી પકડી જાય. હરાયા ઢોરની સંગે પાળેલી ગાય હળી જાય તો એને ડોકમાં ડેરો પડે. કોઈ બ્રહ્મચારીને નારીનો સંગ થઈ જાય તો પછી એનું ચારિત્ર ન જળવાય, એમ સંન્યાસીના અંગે સોનાના અલંકારો ચડે પછી એ વૃથા વેશધારી જ મનાય, વૈરાગ્ય ધારણ કર્યું હોય અને પછી સ્ત્રીઓને ભેળી કરીને સત્સંગની મોટી મોટી વાતો કરે પણ એની બુદ્ધિમાં જરૂર બગાડ થાય, કોઈ ભોગીનો સંગ યોગસાધના કરનારો યોગી કરે તો જેમ ઝેરી દવાને કારણે સમૂળા ઝાડનો નાશ થઈ જાય એમ એની સાધના ભ્રષ્ટ થઈ જાય. કુસંગ એને જ કહેવાય જે પોતાની બુદ્ધિને બગાડે અને લોકોમાં એની નિંદા થવા લાગે. અફીણનો સંગ માનવીને એદી બનાવે, શરીર બગડી જાય, જાગતાં ય સતત એના ઘેનમાં ઝોકાં ખાતો રહે, એ માટે વિચારીને સંગત કરવી, ભક્તવત્સલ ભગવાનને ભજી લેવા અને સાચા સજ્જન -ગુણવાન-જ્ઞાનીજનો મળે તો એની સાથે જ સત્સંગ કરવો. બીજા એક પદમાં આ ધરતી પર વધી રહેલા પાખંડને ઉજાગર કરતાં છોટમ કહે છે :

*પૃથ્વી પાખંડે ખાધી રે, સત્યની શોધ નથી લાધી...*
*મહા અભિમાન મટે નહીં મનથી, માને હું મોટો,*
*પ્રપંચે પરધન હરવાનો, ખેલ કરે ઈ ખોટો રે...*
*-પૃથ્વી પાખંડે ખાધી રે, સત્યની શોધ નથી લાધી....૦*
*ધર્મ બ્રહ્મની વાત ન માને, ગુરુ થઈ ને ગાજે,*
*ઓથે રહી ને અનરથ કરતાં, લંપટ નવ લાજે રે...*
*-પૃથ્વી પાખંડે ખાધી રે, સત્યની શોધ નથી લાધી....૦*
*પ્રભુનું નામ ઘટી ને કહે છે, હું છું ઈશ્વર આપે,*
*એક રોમ નીપજે નહીં એથી, દુઃખ કોનાં કાપે રે...*
*-પૃથ્વી પાખંડે ખાધી રે, સત્યની શોધ નથી લાધી....૦*
*વેદ શાસ્ત્રની વાત ન જાણે, કહે મોટા જ્ઞાની,*
*કહે છોટમ ઠગ ગુરુથી થઈ છે, ધર્મ તણી હાનિ રે...*
*-પૃથ્વી પાખંડે ખાધી રે, સત્યની શોધ નથી લાધી....૦*

કવિ છોટમ-છોટાલાલ કાળિદાસ ત્રિવેદી/ત્રવાડી.(ઈ.સ.૧૮૧૨ થી ૧૮૮૫) સાઠોદરા નાગર જ્ઞાતિમાં મલાતજ(તા.પેટલાદ,જિ.ખેડા) ગામે જન્મ્ વ્રજલાલ કાળિદાસ શાસ્ત્રીના મોટાભાઈ. ગુજરાતી તથા વ્રજભાષામાં ચારસોથી વધુ પદો-ભજનો-કાવ્યોનું સર્જન. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombay
samachar.com


# ગૂગલ મેપ જેવું શાસ્ત્રોનું માર્ગદર્શન, આપણે વારંવાર રસ્તો બદલ્યા કરીએ છીએ...!

લંકાના યુદ્ધ મેદાનમાં વિભીષણના મનની શંકા દૂર કરતા ભગવાન શ્રી રામ જે ધર્મ રથનું વર્ણન કરે છે. તેમાં એક બીજી વાત પણ ઉમેરે છે કે કેવાં શસ્ત્રોથી યુદ્ધ જીતી શકાય? આમ તો આ રામ-રાવણનું યુદ્ધ છે. પરંતુ તેના દ્વારા શ્રી રામ વિભીષણને, અને તેના દ્વારા સમગ્ર જગતને માર્મિક ઉપદેશ આપે છે. શ્રી રામ જે યુદ્ધની વાત કરે છે તે રણમેદાનમાં નહિ, પરંતુ આપણા જીવનના મેદાનમાં લડાતું યુદ્ધ છે. જીવન અને મૃત્યુ વચ્ચે અનંતકાળથી યુદ્ધ ચાલ્યું આવે છે. જેમાં હંમેશાં મૃત્યુ જીતી જાય છે. મૃત્યુને કાયમ માટે હરાવી દેવું, એ જ મોક્ષ છે. મૃત્યુ જ્યાં સુધી હારે નહીં ત્યાં સુધી જન્મ-મૃત્યુના અનંત ચક્રમાંથી આપણી મુક્તિ અસંભવ છે.

તો આવા યુદ્ધ માટે કેવાં શસ્ત્રો જોઈએ? પ્રભુ કહે છે. 'અમલ, અચલ મન ત્રોન સમાના' શુદ્ધ (પાપ રહિત) અને અચળ (સ્થિર) મન એક ભાથા જેવું છે. તુલસીદાસજી શ્રી રામના મુખે જે કહેવડાવે છે તે અદભુત વાત છે. બાણ તો સારા જોઈએ જ, પણ તે જેમાં રહેશે તે ભાથું પણ ઉત્તમ જોઈએ! કેવું હોવું જોઈએ? શુદ્ધ અને અચલ મન રૂપી ભાથામાં જ બાણ રહી શકે.

આ નિર્મળ મનની વાત તો શાસ્ત્રકારોએ અનેક વખત, અનેક રીતે અને વારંવાર કહી છે. નિર્મળ મન કેવું? તો નરસિંહ મહેતા કહે છે, વૈષ્ણવ જન જેવું. શ્રીમદ ભગવદ ગીતામાં પણ ભક્તનાં લક્ષણોમાં આ વાત કહેવાઈ છે.

આપણે બાળકોને ભગવાનનું રૂપ કહીએ છીએ, કારણકે તેમનું મન નિર્મળ હોય છે. તેમાં લોભ, કપટ વગેરે હજી આવ્યા નથી હોતા. જો આપણું મન પણ બાળક જેવું રહી શકે, તો આપણે પણ ભગવદ સ્વરૂપ જ બની શકીએ તેમાં શંકાને કોઈ સ્થાન નથી. પણ બધી ગડબડ અહીંયા જ છે! આપણે તો મંદિરમાં ઊભાઊભા પણ સ્વાર્થ, કપટ, મારું-તારું, નિંદા, ક્રોધ જેવા અવગુણો છોડી શકતા નથી, ત્યાં મંદિરની બહારની તો



વાત જ શું કરવી? એટલે જ તો ભક્તિ ગીતમાં ગવાય છે,

મૈલી ચાદર ઓઢ કે કૈસે દ્વાર તુમ્હારે આઉં, હે પાવન પરમેશ્વર મેરે, મન હી મન શરમાઉં.

મનની મલિનતા દૂર ન થાય ત્યાં સુધી ઈશ્વરના સાચા સ્વરૂપના દર્શન થતા નથી, ન સાચી ભક્તિ થાય, ન સાચું તપ થાય, ન સાચો સ્વાધ્યાય થાય.

પાછું મન કેવું હોવું જોઈએ? અચળ, એટલે કે સ્થિર હોવું જોઈએ. સ્થિર મન એટલે શું? એક તો અર્થ એ કે, એકાગ્ર ચિત્ત હોવું. જેમ ધ્યાન કરતી વખતે મન ભટકતું હોય, જાતજાતના વિચારોમાં અટવાયેલું હોય તો ધ્યાન થઇ શકતું નથી. વિદ્યાર્થીનું ચિત્ત એકાગ્ર ન હોય તો અભ્યાસ થઇ શકતો નથી. એકાગ્રતા કેવી જોઈએ? પક્ષીની આંખ સિવાય કંઈ ન દેખાય તેવી! ધર્મમાં બીજો અર્થ એ છે કે, જેને તમે પૂજનીય માન્યા છે, તે એક ઈશ્વરની ભક્તિમાં લીન રહો. સંત કવિઓએ આ વાત પર ઘણા કટાક્ષભર્યા શબ્દોમાં ઉપદેશ આપ્યો છે.

અખો કહે છે, એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.

આમ નહીં, તમે જેના ઉપાસક હો તેની ઉપાસનામાં સ્થિર રહો. શિવની ઉપાસના કરો છો, તો તેમની, કૃષ્ણની કરો છો, તો તેમાં, રામની કરો છો તો ત્યાં મન લગાડો. કારણકે શાસ્ત્રોમાં કહ્યું છે, આકાશાત પતિતમ તોયમ યથા ગચ્છતિ સાગરમ, સર્વ દેવ નમસ્કારાન કેશવમ પ્રતિ ગચ્છતિ.. અર્થાત જેમ આકાશમાંથી વરસતો વરસાદ ગમે ત્યાં વરસ્યો હોય, તેનું જળ કોઈ પણ રસ્તે અંતે તો સાગરમાં જઈને ભળે છે. તેવી રીતે કોઈ પણ દેવને વંદન કર્યા હોય, તે અંતે કેશવને પ્રાપ્ત થાય છે. તેથી પંથોના વિવાદમાં પડવું નહીં. પોતાના દેવ ઊંચા ને બીજાના નીચા જેવી ભાવના રાખશો તો અંતે તમારા આત્માનું નુકસાન થવાનું છે. ઉપરાંત આપણાં કર્મોને કારણે નાહકનો ધર્મ બદનામ થાય છે, પરંતુ સ્થિરતા આવતી નથી.

આપણી ભક્તિ, તપ, સાધના અને સ્વાધ્યાય બધું સ્વાર્થ માટે છે. કોઈ કહે ફલાણા દેવળમાં માનતા માનો તો માગો એ મળી જાય તો ત્યાં દોડીએ, કોઈ કહે ફલાણી દરગાહ પર ચાદર ચઢાવો તો ત્યાં પહોંચી જઈએ, કોઈ કહે પેલા મંદિરમાં દેવ હાજરાહજૂર છે એટલે ત્યાં દોટ મૂકીએ. શાસ્ત્રકારોએ ગૂગલ મેપ જેવું માર્ગદર્શન આપ્યું છે. પાછું ભટકાવી દે એવું નહીં હોં, એકદમ ચોક્કસ! આપણે તેને અનુસરતા રહેવાનું છે. આપણાથી આ થતું નથી. આપણે વારંવાર રસ્તો બદલ્યા કરીએ છીએ અને લક્ષ્ય સુધી પહોંચાતું નથી. એટલે જ સ્થિરતા જરૂરી છે. શ્રદ્ધા જો સાચી હોય તો આ સ્થિરતા અનાયાસ જ આવી જાય છે.

જો આ બંને પ્રકારની સ્થિરતા, શુદ્ધ મન સાથે જોડાય તો જીવન-મૃત્યુના ચક્રને ભેદનાર ધર્મના માર્ગમાં વાંછિત લક્ષને પામવું સરળ બની જાય છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombay
samachar.com

# કોમળ મન ને ઋજુ વાણી...

તપને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ દૈવી ગુણોમાં ઋજુતાનો(કોમળતાનો) સમાવેશ કરે છે, તેને સમજીએ.

સંસ્કૃતનાં એક સુભાષિતમાં કહ્યું છે કે 'મહાપુરુષોની વાણી નવનીતસમી મધુર, મન કરુણાથી કોમળ ને આચરણ ધર્મના બીજ સમાન હોય છે, જ્યાંથી સદાચાર પાંગરે છે.'

આજે સમાજની વેદી પર ચારે કોર સમસ્યાઓમાં લેવાતી આહુતિઓ વેરની અગ્નિને વધુ ભભૂકતી કરી રહી છે. સર્વત્ર 'સ્વાર્થ' અને 'ભયની બીકે' માનવે સદ્‌ગુણોનો ભોગ લીધો છે. માનવતાથી પૂર્ણ માનવની રાહ જોવાય છે. હા, આધુનિક કાળમાં સમયનો દુકાળ તો છે પરંતુ માનવતાનો દુકાળ એથીય મોટો છે. આજના યુગનું શબ્દચિત્ર બનાવતાં કોઈ કવિએ કહ્યું છે કે

'દેશદેશાંતર બહોત ફિર્યા, મનુષ્ક કા બહુત સુકાળ.

જાકું દેખી છાતી ઠરે વાકા પડ્યા દુકાળ'

મેદની માનવોથી ખીચોખીચ ભરી છે પણ એમાં 'માનવતા' મળવી દુર્લભ છે. પરંતુ હજીય એવા વિરલ મહાપુરુષોનાં જીવનમાં દયા-કરુણા જેવા ગુણો આધુનિકતાનાં નાસ્તિક વાયરાઓની વચ્ચે પણ આસ્તિકતાની મજબૂત મશાલો પેટાવે છે, જેનો પ્રકાશ આધુનિકતામાં આશાવાદ જાળવી રાખે છે.

ઘણીવાર આપણા વિષે લોકોનો ભાવ પ્રતિભાવરૂપે 'સ્વભાવ' ને ઘડે છે, જો સારી લાગણી ને ભાવ તો સારપ અન્યથા ખરાબ



સ્વભાવો સર્જાતા વાર નથી લાગતી. આવા સમયે જો અંદર સ્થિરતા રાખી સૌ પ્રતિ કોમળતા દાખવવામાં આવે તો એ ખમીરી છે, જે ખરેખરા ખમતીધરનો ખેલ છે.

આપણે ભગવાન રામ વિષે વિચારીએ તો પિતાની ઇચ્છા ન હોવા છતાં ઋષિ દ્વારા યજ્ઞરક્ષામાં તેઓને જવાનું થયું, મુનિનાં કહેવાથી સીતાસ્વયંવરમાં જોડાયા, ત્યાં અન્ય રાજાઓ દ્વારા અપમાનના શબ્દો સહ્યા, વિવાહ પછી તરત જ પરશુરામજીના ક્રોધનો ભોગ બનવું પડ્યું, હજી માંડ અયોધ્યા આવ્યા ને 'વનવાસ'ની આજ્ઞા થઈ તે પણ ૧૪ વર્ષ સુધી. કેટલાં અગણિત કષ્ટો, વળી વનમાં રાવણ દ્વારા સીતા માતાનું અપહરણ...જ્યારે પુનઃ અયોધ્યા પધાર્યા ત્યારે ફરીથી અજ્ઞાની દ્વારા સીતામાતા વિષે અપવાદ ને 'લોકાપવાદ' કારણે સીતા માતાનો પરિત્યાગ...

એક રીતે રાજા હોવાથી અને અનેક કષ્ટ-પ્રતિકૂળતા વચ્ચે જીવન વીતવાથી તેઓનાં સ્વભાવમાં 'કોમળતા'ના સ્થાને 'કઠોરતા' હોવી એ ઉચિત ભાસે છે, પરંતુ તેઓનું વર્ણન કરતાં 'ઉત્તરરામચરિત' નાટ્યગ્રન્થના લેખક 'ભવભૂતિ' કહે છે કે 'તેઓ ફૂલથી પણ વધુ કોમળ છે.' એટલે કે આપણા સ્વભાવો કેવળ પરિસ્થિતિને આધીન નથી, પરંતુ આપણા વિચારો પર રહેલા છે.

એક પ્રજાજને તો સામે જ કટુ વેણ ઉચ્ચાર્યા છતાં ભગવાન રામે કટુવચન અથવા તો અયોગ્ય વચન ગણી દંડ ન દીધો, પરંતુ શાંતિપૂર્વક સમસ્યાનો ઉકેલ લાવ્યો. આ સમયે જ લોકાપવાદથી સીતામાતાનાં ત્યાગનું મહાદુઃખ તેઓ ઉપર હતું છતાં અન્ય પ્રત્યે તેઓએ દયા અને કોમળતા દાખવી.

૧૯૮૩માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને 'પ્રમુખ' તરીકે ૧૨ વર્ષ પૂરા થયેલાં ને ૬૦૦૦ જેટલાં ગામ-નગરો ઘૂમી વળેલાં. અતિ પરિશ્રમ અને સમાજસેવાથી તેઓને ભારે હૃદયરોગનો હુમલો થયો હતો ને કટોકટીની પળો વીતતી હતી. જ્યારે પોતાનાં જ સ્વાસ્થ્ય પર કુઠારાઘાત હોય ત્યારે બીજાની ચિંતા તો ક્યાંથી સૂઝે ? 'શીતળતાનો સ્વામી ને ફળનો દાતા પરોપકારી વૃક્ષ પણ જ્યારે બળવા લાગે ત્યારે પથિકને દઝાડે જ ને !'

પરંતુ એ વેળાએ બાપાએ તો મંદિરોમાં ફોન કરાવી કહેવડાવ્યું કે 'મારી તબિયત સારી છે, કોઈ ચિંતા ન કરે.' વળી, કહ્યું 'જે આવ્યા હોય એને દર્શને આવવા દો.' તો ટકોર કરી કે 'આ ડૉક્ટરોનું જમવાનું, રહેવાનં બધું ગોઠવી દેજો.' આ સાંભળી એક સંત કહે 'આ બધી ચિંતા કરવાની જ નહીં. બોલવાનું નહીં. આરામ કરો, સૌની વ્યવસ્થા થઈ જશે.' તે સંત સૂર ગયા તો બાપાએ ફરી સેવાની તક ઉપાડી લીધી, 'આ સંત અહિં રોકાવાનાં છે તો તેમનું ના'વા-ધોવાનું, ખાવાનું બધું ધ્યાન રાખજો.' તો 'યોગીન દવે' નામે યુવકની અટકી ગયેલી 'રેલવે ટિકિટ' પોતે બુક કરાવી હાથોહાથ આપી ને 'દિલીપ દેસાઈ' નામે કિશોરને કહ્યું 'તેં એકટાણા કર્યા એટલે મને સારું થઈ જશે પણ તારી તબિયત સારી રહેતી નથી, તો તારે આવું વ્રત ન કરવું.'

ભલે પોતે 'અગરબત્તી'ની જેમ ઘસાયા પરંતુ તેઓએ પોતાનાં શત્રુને પણ સદા ટાઢક જ અરપી ને કોમળતા રાખી સૌને ઉદાહરણ પૂરું પાડ્યું.

હા, 'જેવા સાથે તેવા થવું' એ વ્યવહારરીતિ છે ને 'દરેકનું હિત ચિંતવવું' એ અધ્યાત્મની નીતિ છે. વ્યવહારમાં રીતિ પ્રમાણે અનુસરવું પડે પરંતુ અધ્યાત્મ માર્ગે તો વાણી અને મન કોમળ જ રાખવા પડે, તો જ સાચી માનવતાનાં પુષ્પો પાંગરે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# સંતોષઃ માનસિક પ્રસન્નતા પૂરી પાડે!

ગુજરાતમાં એક અતિ પ્રચલિત કહેવત છે કે સંતોષી જીવ સદા સુખી...!

- મહાભારતમાં કહેવામાં આવ્યું છે કે

* સંતોષની પ્રાપ્તિ એ સ્વર્ગપ્રાપ્તિ કરતાં પણ શ્રેષ્ઠ છે, કારણ કે

* સાચું સુખ સંતોષની કૂખેથી જ આવિર્ભાવ થાય છે.

- ધર્મતેજ પૂર્તિના વ્હાલા જિજ્ઞાસુ વાચક મિત્રો!

- સંતોષનો અર્થ પ્રયત્નની સમાપ્તિ થાય એવો રખે કરશો.

- પરંતુ સંનિષ્ઠ પ્રયત્નને અંતે જે કાંઈ ઉપલબ્ધ થાય તેને

* દુઃખ,

* શોક, કે

* વિષાદ વગર પ્રસન્નતાપૂર્વક આવકારવાની મનોદશા છે.

- સંતોષમાં સુખ એટલા માટે સમાયેલું છે કે એ

- મનુષ્યને જાતજાતના માનસિક પરિતાપોથી દૂર રાખે છે.

* માણસનું મન તો ચંચળ છે,

* ઈચ્છાઓનો અનંત મહાસાગર એમાં હિલોળા લેતો જ રહે છે.

* એટલે જો તૃષ્ણાઓના તરંગો તોફાને ચઢવા દેવામાં આવે તો મનુષ્ય શાંતિ અને સ્વસ્થતા ખોઈ બેસે.

- અને એટલે જ

* મહાભારતમાં સંતોષી મનોવૃત્તિ પર ભાર મૂકવામાં આવ્યો જેથી માણસ સુખો માટે અકરાંતિયો ન બને.



* અતૃપ્ત વાસનાઓ,

* મહાત્ત્વાકાંક્ષી

* સ્વપ્નો પાછળ વિવેકહીન દોડમાં અટવાયા જ કરે તો માણસ માનસિક સંતુલન ખોઈ બેસે.

- કારણ કે

* જેમ તે પામતો જાય તેમ તેનાથી વધુ પામવાની વૃત્તિ તેનામાં વકરતી જાય.

- અસંતોષ ઘણીવાર માણસ પાસે એવા કાર્ય કરાવે છે કે જે તેના માટે ખતરારૂપ પુરવાર થાય.

- એટલે આપણી પાસે જે હોય તેનાથી સંતુષ્ટ રહેવું

- પણ...

* એનો અર્થ એ નથી કે આપણે જેવા હોઈએ તેનાથી સંતુષ્ટ જ રહેવું.

* શાળા-કોલેજમાં અભ્યાસ કરતાં સંતાનો, સ્ત્રી-પુરુષ દરેકને પ્રગતિ કરવાનો જન્મસિદ્ધ અધિકાર છે એને વિવેક અને સમજપૂર્વક આગળ વધવું જોઈએ.

- પરંતુ

* કેવળ આગળ વધવાની વિવેકશૂન્ય ભૂખ એની પાસે

* સાધનની શુદ્ધિ છીનવી લે,

* અસંતોષ એની પાસે મનમાન્યા કાર્યો કરાવે,

* તૃષ્ણા એને રાતદિવસ નચાવ્યા કરે

- અને એટલે જ

* સંતોષ એ માનસિક પ્રસન્નતા પૂરી પાડે છે

- અને

* રઘવાટ,

* અકળાટ,

* ઉકળાટથી મનુષ્યને દૂર રાખીને સંયમપૂર્વક આગળ વધવાનું બળ પૂરું પાડે છે.

પથ્થર કી લકિરઃ

- સંતોષ એ મનને વાસનાના કાંટાભર્યા ખરબચડા માર્ગે સુરક્ષાપૂર્વક ચાલવા માટે મદદરૂપ થતું પ્રકૃતિદત્ત પગરખું છે.

- સંતોષનો બંધ અપરિમિત ઈચ્છાઓના પ્રલયંકર પૂરને રોકવાનું કાર્ય કરે છે જેથી જિંદગીનું લીલુંછમ ખેતર પાયમાલીથી બચી જાય છે.

સંત સમાગમઃ

* સંતોષ એ નથી પરાજય કે નથી પ્રયત્નનું પૂર્ણવિરામ.

* એ તો છે તૃપ્તિનો ઓડકાર.

* આપણા ધાર્મિક ગ્રંથો, સાધુ, સંત, શાહ, ઓલિયાઓ થોડામાં ઘણું કહી જાય છે જેને તો આપણે સાચા મનથી હૃદયપૂર્વક આચરણ કરવાનું છે અને જીવનને ખુશહાલ બનાવવાનું છે. ■




## ‘બૅટ્સમૅન કૃણાલ પંડ્યા’એ બેંગલૂરુને વિજય અપાવ્યો

નવી દિલ્હીઃ બેંગલૂરુ (૧૮.૩ ઓવરમાં ૧૬૫/૪) એ અહીં રવિવારે દિલ્હી (૨૦ ઓવરમાં ૧૬૨/૮) સામે ૬ વિકેટે જીતીને પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરાનું સ્થાન મેળવી લીધું હતું. કૃણાલ પંડ્યા (૪ સિક્સર, ૫ ફોર સાથે ૭૩ અણનમ)એ બૅટ્સમૅનની ભૂમિકા ભજવી અને કોહલી (૫૧ રન) સાથે ૧૧૯ રનની ભાગીદારીથી બેંગલૂરુને જીતાડ્યું હતું. ■

# બુમરાહનો વિક્રમી ‘ચોક્કો’, મુંબઈનો પાંચમો ‘પાવર પંચ’

### મુંબઈએ લખનઊની ટીમને ૫૪ રનથી કચડી નાખીઃ સૂર્યકુમારે ‘ઑરૅન્જ કૅપ’ મેળવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આઇપીએલના પાંચ ટાઇટલ જીતી ચૂકેલી મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમે અહીં આજે વાનખેડે સ્ટેડિયમમાં હજારો એમઆઇ-તરફી બાળકોને ખુશ કરી દીધા હતા. હાર્દિક પંડ્યાના સુકાનમાં આ ટીમે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ને ૫૪ રનના તોતિંગ માર્જિનથી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં (દિલ્હી-બેંગલૂરુની રવિવાર રાતની મૅચ પહેલાં) બીજું સ્થાન મેળવી લીધું હતું.

બૅટિંગમાં ‘નસીબવંતા’ ઓપનર રાયન રિકલ્ટન (૫૮ રન, ૩૨ બૉલ, ચાર સિક્સર, છ ફોર) તેમ જ સૂર્યકુમાર યાદવે (૫૪ રન, ૨૮ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર) આતશબાજીથી વાનખેડે ગજવી નાખ્યું હતું તો પછીથી જસપ્રીત બુમરાહ (૪-૦-૨૨-૪)એ ચાર વિકેટના વિક્રમજનક પર્ફોર્મન્સથી તરખાટ મચાવ્યો હતો. બુમરાહ મુંબઈ ઇન્ડિયન્સ વતી સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો છે. મુંબઈની ટીમ લાગલગાટ પાંચમી મૅચ જીતી છે. સૂર્યકુમારે આ મૅચમાં આ સીઝનમાં કુલ ૪૨૭ રન સાથે તમામ બૅટ્સમેનમાં મોખરાનું સ્થાન મેળવીને ઑરૅન્જ કૅપ હાંસલ કરી હતી. જોકે ત્યારે બેંગલૂરુનો વિરાટ કોહલી (૩૯૨ રન) તેનાથી બહુ દૂર નહોતો.

એક તરફ પાંચ ટાઇટલ જીતનાર ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમ ૧૦ ટીમના પૉઇન્ટ્સ-ટેબલમાં ફક્ત ચાર પૉઇન્ટ સાથે સાવ તળિયે છે, જ્યારે પાંચ ટ્રોફી મેળવનાર મુંબઈ ઇન્ડિયન્સની ટીમ સતત પાંચ મૅચ જીતીને ૧૨ પૉઇન્ટ સાથે ટૉપ-ફોરમાં આવી ગઈ છે.

#### પાવરપ્લેમાં મુંબઈનો સુપરહિટ શોઃ

મુંબઈએ પાવરપ્લેની પહેલી છ ઓવરમાં એકમાત્ર રોહિત શર્મા (૧૨ રન, પાંચ બૉલ, બે સિક્સર)ની વિકેટ ગુમાવીને ૬૬ રન ખડકી દીધા હતા અને એમાં સૌથી મોટું યોગદાન રાયન રિકલ્ટનનું હતું. પાવરપ્લેના આ ૬૬ રન સાથે જ મુંબઈએ વિજયની દિશામાં સફર શરૂ કરી દીધી હતી. રિકલ્ટન ફક્ત પાંચ રન પર હતો ત્યારે રનઆઉટમાં તેને માર્કરમના હાથે જીવતદાન મળ્યું હતું જેનો ફાયદો લઈને તેણે આ સીઝનમાં બીજી હાફ સેન્ચુરી નોંધાવી હતી. આ પહેલાં, વાનખેડેમાં જ તેણે કોલકાતા સામે મૅચ-વિનિંગ અણનમ ૬૨ રન કર્યા હતા.

#### બુમરાહ થયો મલિન્ગાથી આગળઃ

બુમરાહના નામે હવે ૧૭૪ વિકેટ છે. તેણે મુંબઈ ઇન્ડિયન્સ વતી સૌથી વધુ વિકેટ લેનાર લસિથ મલિન્ગાનો ૧૭૦ વિકેટનો વિક્રમ તોડી નાખ્યો છે. હરભજન સિંહ ૧૨૭ વિકેટ સાથે ત્રીજા નંબરે છે.


સૂર્યા (ડાબે)ને ટૂર્નામેન્ટમાં હાઇએસ્ટ રન બદલ ઑરૅન્જ કૅપ મળી હતી, જ્યારે બુમરાહે મલિન્ગાનો રેકૉર્ડ તોડ્યો હતો. (બીસીસીઆઇ)

#### છેલ્લા ચારેય બૅટ્સમેન ક્લીન બોલ્ડઃ

મુંબઈની મૅચ હોય અને અસાધારણ ન બને આવું બને જ નહીં. થોડા દિવસ પહેલાં મુંબઈ સામે દિલ્હી કૅપિટલ્સના છેલ્લા ત્રણેય બૅટ્સમૅન રનઆઉટ થઈ જતાં મુંબઈનો અત્યંત રોમાંચક સ્થિતિમાં વિજય થયો હતો. આજે વાનખેડેમાં લખનઊના છેલ્લા ચારેય બૅટ્સમેન ક્લીન બોલ્ડમાં વિકેટ ગુમાવી બેઠા હતા. એમાંથી બે ક્લીન બોલ્ડ બુમરાહની બોલિંગમાં થયા હતા. તેણે ઓવરના છેલ્લા બે બૉલમાં અબ્દુલ સમદ (બે રન) તથા આવેશ ખાન (૦)ને ક્લીન બોલ્ડ કર્યા હતા. એ પહેલાં એઇડન માર્કરમ (નવ રન) તથા ડેવિડ મિલર (૨૪ રન)ને કૅચઆઉટ કરાવ્યા હતા. એ રીતે બુમરાહે આ સીઝનમાં પહેલી વાર ચાર વિકેટની સિદ્ધિ મેળવી.

છેલ્લા ચારમાંથી ક્લીન બોલ્ડમાં એક વિકેટ પહેલી જ વાર રમેલા કૉર્બિન બૉશ્ચે અને એક વિકેટ ટ્રેન્ટ બૉલ્ટે લીધી હતી. એકંદરે મુંબઈના બોલર્સમાં ફાસ્ટ બોલર બૉલ્ટ ત્રણ વિકેટ લઈને બુમરાહ પછીનો બીજો સફળ બોલર બન્યો હતો, જ્યારે સ્પિનર વિલ જૅક્સે બે વિકેટ લીધી હતી.

#### ૨૧૫/૭ના જવાબમાં ૧૬૧/૧૦ઃ

મુંબઈની ટીમે રવિવારે બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૧૫ રન કર્યા હતા જેમાં રિકલ્ટન અને સૂર્યા ઉપરાંત નમન ધીર (પચીસ અણનમ, ૧૧ બૉલ, બે સિક્સર, બે ફોર) અને પહેલી જ વાર રમેલા કૉર્બિન બૉશ્ચ (૨૦ રન, ૧૦ બૉલ, એક સિક્સર, બે ફોર)ના યોગદાન પણ હતા. લખનઊ વતી મયંક યાદવ અને આવેશ ખાને બે-બે વિકેટ તેમ જ પ્રિન્સ યાદવ, રવિ બિશ્નોઈ અને દિગ્વેશ રાઠીએ એક-એક બૅટ્સમૅનને આઉટ કર્યા હતા.

લખનઊની ટીમ ૨૦ ઓવરમાં ૧૬૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી.

#### લખનઊની બૅટિંગ સદંતર ફ્લૉપઃ

૨૧૬ રનના લક્ષ્યાંક સામે લખનઊનો એકેય બૅટ્સમૅન ૪૦ રન પણ નહોતો કરી શક્યો. આયુષ બદોનીના ૩૫ રન ટીમમાં હાઇએસ્ટ હતા, જ્યારે મિચલ માર્શે ૩૪ રન કર્યા હતા. નિકોલસ પૂરન (૨૭ રન, ૧૫ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર)એ ટૂંકી ઇનિંગ્સમાં થોડી આતશબાજી કરી હતી, પરંતુ વિલ જૅક્સે તેને સૂર્યકુમાર યાદવના હાથમાં કૅચઆઉટ કરાવીને વહેલો પૅવિલિયન ભેગો કરી દીધો હતો. કૅપ્ટન રિષભ પંત (ચાર રન) ફરી એક વાર બૅટિંગમાં નિષ્ફળ રહ્યો. ઓપનર એઇડન માર્કરમ (નવ રન) પણ અપેક્ષા જેવું જરાય ન રમ્યો. તેની અને માર્શ વચ્ચેની ફક્ત ૧૮ રનની ભાગીદારી થઈ ત્યાં જ લખનઊની ટીમે ૫૦ ટકા હાર સ્વીકારી લીધી હતી.

#### વિલ જૅક્સ શા માટે મૅન ઑફ ધ મૅચ?

ઇંગ્લૅન્ડનો ૨૬ વર્ષીય સ્પિન-ઑલરાઉન્ડર વિલ જૅક્સ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીત્યો હતો. તેણે પહેલાં તો ૨૧ બૉલમાં એક સિક્સર, ત્રણ ફોરની મદદથી ૨૯ રન કરીને રિકલ્ટન સાથે બીજી વિકેટ માટે પંચાવન રનની ભાગીદારી કરી હતી અને ત્યાર બાદ બે મહત્ત્વની વિકેટ પણ લીધી હતી. તેણે એક જ ઓવરમાં સૌથી ખતરારૂપ બૅટ્સમૅન નિકોલસ પૂરન (૨૭ રન) અને રિષભ પંત (ચાર રન)ને આઉટ કર્યા હતા અને ટીમમાં સૌથી વધુ ૩૫ રન કરનાર બદોનીનો કૅચ પણ ઝીલ્યો હતો.

#### પૉઇન્ટ્સના ટૉપ-ફોરમાં અફરાતફરીઃ

પૉઇન્ટ્સમાં મુંબઈ ૧૨ પૉઇન્ટ તથા +૦.૮૮૯ના રનરેટ સાથે બીજા સ્થાને આવી ગયું હતું, જ્યારે ગુજરાત ટાઇટન્સ (૧૨ પૉઇન્ટ, +૧.૧૦૪નો રનરેટ) પ્રથમ ક્રમે હતું. જોકે આ પૉઇન્ટ-સ્થિતિ દિલ્હી-બેંગલૂરુની રવિવારની રાતની મૅચ પહેલાંની હતી. ત્યારે દિલ્હી કૅપિટલ્સની ટીમ ૧૨ પૉઇન્ટ સાથે ત્રીજા ક્રમે અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુની ટીમ રનરેટના તફાવતને કારણે ૧૨ પૉઇન્ટ સાથે ચોથા નંબરે હતી. ■

# સ્નેહ અને પ્રતિકાએ ભારતને પહેલી જ મૅચ જિતાડી આપી

### મહિલાઓની ટ્રાય-સિરીઝમાં મંધાના-હર્લીન પણ ચમકી

કોલંબોઃ મહિલા ક્રિકેટરો વચ્ચેની વન-ડે ટ્રાયેન્ગ્યૂલર આજે અહીં શરૂ થઈ હતી જેમાં ભારતે યજમાન શ્રીલંકાને વરસાદના વિઘ્નો બાદ આસાનીથી હરાવી દીધી હતી. પ્રતિકા રાવલ (૫૦ અણનમ, ૬૨ બૉલ, સાત ફોર) આ મૅચની સર્વશ્રેષ્ઠ ખેલાડી હતી અને તેને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. મેઘરાજાની મહેરને લીધે ૩૯-૩૯ ઓવરની થઈ ગયેલી આ મૅચમાં ભારતને જીતવા ૧૪૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો અને એ અપાવવામાં પ્રતિકાનું સૌથી મોટું તથા સૌથી અગત્યનું યોગદાન હતું.

પ્રતિકા ઓપનિંગમાં રમવા આવી હતી અને ભારતે ૨૯.૪ ઓવરમાં ૧૪૯/૧ના સ્કોર સાથે જે બૉલમાં વિજય મેળવ્યો એના આગલા બૉલમાં પ્રતિકાએ લડાયક ઇનિંગ્સની બહુમૂલ્ય હાફ સેન્ચુરી પૂરી કરી હતી અને પછીના બૉલમાં હર્લીન દેઓલે (૪૮ અણનમ, ૭૧ બૉલ, ચાર ફોર) વિનિંગ ફોર ફટકારી હતી. જોકે મૅચ ત્યારે પૂરી થઈ જતાં હર્લીન બે રન માટે હાફ સેન્ચુરી ચૂકી ગઈ હતી.

બીજી ઓપનર સ્મૃતિ મંધાના (૪૩ રન, ૪૬ બૉલ, છ ફોર) સાથે પ્રતિકાએ ૫૪ રનની ભાગીદારી કરી હતી. ૫૯ બૉલમાં બનેલી ૫૪ રનની એ પાર્ટનરશિપમાંથી ૪૩ રન સ્મૃતિના અને ૧૧ રન પ્રતિકાના હતા. સ્મૃતિએ ૪૩મા રને વિકેટ ગુમાવ્યા બાદ પ્રતિકા-હર્લીનની જોડી છેક સુધી ટકી રહી હતી અને તેમણે ૧૨૦ બૉલમાં ૯૫ રનની અતૂટ ભાગીદારી કરીને ભારતને શાનદાર વિજય અપાવ્યો હતો.

શ્રીલંકાની છ બોલરમાંથી માત્ર ઇનોકા રણવીરાને એક વિકેટ મળી હતી. એ પહેલાં, સ્નેહ રાણાની ત્રણ વિકેટ અને દીપ્તિ શર્મા તથા શ્રી ચરનીની બે-બે વિકેટને લીધે શ્રીલંકન ટીમ ૩૯ ઓવર પણ પૂરી નહોતી કરી શકી અને ૩૮.૧ ઓવરમાં ૧૪૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી જેમાં ઓપનર હસિની પરેરાના ૩૦ રન હાઇએસ્ટ હતા.


હર્લીન-પ્રતિકાની જોડી વચ્ચે ૯૫ રન ભાગીદારી થઈ

આ ટ્રાય-સિરીઝમાં સાઉથ આફ્રિકાની ટીમ પણ ભાગ લઈ રહી છે અને હવે પછીની બીજી મૅચ ભારત તથા સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. ■

# અધધધ...ભારત યોગાસનની એશિયન સ્પર્ધામાં ૮૩ ગોલ્ડ જીત્યું

નવી દિલ્હીઃ ભારતે અહીં આયોજિત એશિયન યોગાસન સ્પોર્ટ ચૅમ્પિયનશિપમાં ધાર્યા પ્રમાણે પ્રભુત્વ જમાવ્યું હતું અને કુલ મળીને ૮૩ ગોલ્ડ મેડલ જીતી લીધા હતા. સ્વાભાવિક રીતે, ૨૧ દેશની આ સ્પર્ધામાં યોગાસનના ભારતીય સ્પર્ધકો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મ કરશે એવી અપેક્ષા હતી જેને તેમણે સાચી પાડી હતી.

ભારતે ૮૩ સુવર્ણ ચંદ્રક ઉપરાંત ત્રણ સિલ્વર અને એક બ્રૉન્ઝ સહિત કુલ મળીને ૮૭ મેડલ જીતી લીધા હતા.



જોકે ભારતની પ્રાચીન વિદ્યા યોગાસનની લોકપ્રિયતા મોંગોલિયા, ઓમાન તથા નેપાળમાં પણ છે અને એનો પુરાવો આ ત્રણ દેશે ટોચના પાંચ મેડલ-વિજેતા દેશોમાં સ્થાન મેળવ્યું એના પરથી મળે છે.

ખાસ કરીને એશિયામાં યોગાસન વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યું છે અને દિલ્હીની સ્પર્ધામાં ઉઝબેકિસ્તાન, શ્રીલંકા, થાઇલૅન્ડ, કઝાખસ્તાન અને ભુતાનના સ્પર્ધકોએ જે રીતે પર્ફોર્મ કર્યું એના પરથી સાબિત થાય છે કે યોગાસનની આવનારી સ્પર્ધાઓમાં આ દેશોના સ્પર્ધકો વધુ ચંદ્રકો જીતશે. ■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે.
પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| આસ્થા | EASY |
| આદર | WELCOME |
| આસાન | FAITH |
| આવકાર | BASIS |
| આધાર | RESPECT |

### ઓળખાણ પડી?

શ્રદ્ધાસ્થાન ધરાવતા દેશના ૧૨ જ્યોતિર્લિંગ પૈકી એક મહાકાળેશ્વર મંદિર કયા શહેરમાં સ્થિત છે એ જાણો છો?



અ) ભોપાલ બ) ઉજ્જૈન ક) પટના ડ) વારાણસી

### ગુજરાત મોરી મોરી રે

જ્ઞાન અને વિદ્યાની દેવી માતા સરસ્વતીનું એક માત્ર મંદિર ગુજરાતના કયા સ્થળે સ્થિત છે? આ મંદિરને ચક્રવર્તી સમ્રાટ સિદ્ધરાજ જયસિંહે સ્થાપિત કર્યું હતું.

અ) સિદ્ધપુર બ) સોનગઢ
ક) વેરાવળ ડ) પેટલાદ

### ઈર્શાદ

તું હાથની મુઠ્ઠી વાળી તો જો,
રેખાઓ બધી બદલાઈ જશે!
– શેખાદમ આબુવાલા

### માતૃભાષાની મહેક

ગરીબને પૃથ્વીની પરિક્રમા કરવાનો વિચાર આવી જાય, પણ એ વ્યવહારમાં ઘરની એક ભીંતથી બીજી ભીંત સુધીમાં પૂર્ણ થઈ જાય. કવિ ભાનુભાઇ વ્યાસ ‘સ્વપ્નસ્થ’ની ચોટદાર પંક્તિઓ આ વાતને પ્રભાવી રીતે રજૂ કરે છેઃ વિચારો એવા કે અવનિ પર રાજ્ય કરવું, પરિસ્થિતિ એવી કે રખડી રઝળી પેટ ભરવું.

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘હું પણ મારું ધુબકા ભાવથી ભીંજાવા’માં ધુબકા શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) લાગણી બ) લાકડી ક) ભૂસકો ડ) પાણી

### માઈન્ડ ગેમ

દર વર્ષે વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ પ્રકાશિત થાય છે. છેલ્લા ૮ વર્ષથી હેપ્પીએસ્ટ કન્ટ્રીનો ખિતાબ મેળવનારા દેશનું નામ જણાવો.

અ) નેધરલેન્ડ્સ બ) સ્વિડન
ક) બલ્ગેરિયા ડ) ફિનલેન્ડ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ધિ | ૨ કૃ | ૩ ત | | ૪ પ | છ | ૫ ડા | ટ | |
| લૌ | | ૬ શો | ર | ગુ | લ | | મી | | ૭ જ |
| કિ | | ૮ દ | સ | | ૯ કો | ૧૦ ર | સ | | વા |
| ૧૧ ક | ૧૨ સ | ર | | ૧૩ બે | | જા | | ૧૪ પ | બ |
| | ગી | | ૧૫ બે | ના | ૧૬ મ | | ૧૭ ક | ડ | દા |
| ૧૮ મા | ર | ૧૯ ફ | ત | | ૨૦ ક | ૨૧ સુ | ર | વા | ર |
| ળ | | ર | | ૨૨ પૌ | ર | વી | | | |
| ૨૩ ખા | રે | ક | | રા | | ધા | | ૨૪ આ | ૨૫ ભા |
| કી | | | ૨૬ પા | ણિ | ૨૭ ની | | ૨૮ કા | | રા |
| ૨૯ ય | કી | ન | | ૩૦ ક | મ | ળ | કા | ક | ડી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | | ૮ | | | ૯ | |
| ૧૦ | | | | ૧૧ | | | | ૧૨ | |
| | | | ૧૩ | | | | ૧૪ | | |
| ૧૫ | ૧૬ | | | | ૧૭ | | | | |
| | | | ૧૮ | | | | | | ૧૯ |
| ૨૦ | | | | | ૨૧ | ૨૨ | | | |
| | | ૨૩ | | | | | | ૨૪ | |
| | | ૨૫ | | | ૨૬ | | ૨૭ | | |
| ૨૮ | | | | ૨૯ | | | | | |

**આડી ચાવી**

૧. અગત્યતા, પ્રતિષ્ઠા ધરાવતું (૫)
૪. મશ્કરી, છળ, અનુકરણ (૪)
૭. કાપડ માપવામાં --- વપરાય (૨)
૮. સાહેબ, (અં.) (૨)
૯. કુરબાન, પાયમાલ (૨)
૧૦. સમૂહભોજન, ભોજન (૩)
૧૧. ત્વચા (૩)
૧૨. સૂર્ય (૨)
૧૩. ઘર, સ્થાન, રહેઠાણ (૩)
૧૫. વ્યવસ્થિત રીતે (૪)
૧૭. ભાગી જવું તે (૪)
૧૮. બધે જ, સઘળે (૩)
૨૦. છોકરીઓ--- પાઉડર ચહેરા પર લગાવે (૨)
૨૧. ધનુષ્ય કામઠું (૩)
૨૩. મોટી નૌકા (૩)
૨૪. --- કાપવું એટલે ઇજ્જત લેવી (૨)
૨૫. ચળ આવવી (૨)
૨૮. રખડું, મસ્તીખોર, મવાલી (૩)
૨૯. છૂટાછેડામાં કોર્ટ પત્નીને --- અપાવે (૬)

**ઊભી ચાવી**

૧. માથાકૂટ (૫)
૨. પચાવવું તે (૩)
૩. --- એક અંધેરી ને ગંડુ રાજા (૨)
૪. નાનો વીરડો (જો. છૂ.) (૩)
૫. રેલવેના બે ડબ્બાની વચ્ચે હોય (૩)
૬. વિવિધ પ્રકારનાં (૪)
૮. ટ્રેનો --- પ્રમાણે ચાલે (૬)
૧૧. શતરંજમાં ઊંટની--- ત્રાંસી હોય (૨)
૧૩. તાજમહાલ--- નો બનેલો છે (૬)
૧૪. બદમાશ, તોફાની (૪)
૧૬. ભણી, દિશાનિર્દેશ (૩)
૧૯. નામ પાડવાની વિધિ (૫)
૨૦. પછડાવું તે (૪)
૨૨. --- આપવી એટલે હરાવવું (૨)
૨૩. સામાન (૩)
૨૬. શૂર્પણખાનો ભાઇ (૨)
૨૭. ચીરો, ઘા (૨)

### સુડોકુ-૮૦૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૩ | ૬ | | | ૭ | | |
| | | | | | ૨ | | ૩ | ૫ |
| ૪ | | | | | | ૬ | ૯ | ૨ |
| ૩ | | | | | ૯ | ૫ | | |
| | ૬ | | | ૪ | | | ૨ | |
| | | ૨ | ૮ | | | | | ૯ |
| ૨ | ૫ | ૬ | | | | | | ૭ |
| ૧ | ૯ | | ૨ | | | | | |
| | | ૮ | | | ૫ | ૨ | | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૫ | ૨ | ૯ | ૮ | ૬ | ૭ | ૧ |
| ૨ | ૭ | ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૮ | ૯ |
| ૬ | ૮ | ૯ | ૫ | ૭ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૭ | ૫ | ૬ | ૧ | ૮ | ૯ | ૩ | ૪ | ૨ |
| ૯ | ૧ | ૩ | ૬ | ૨ | ૪ | ૮ | ૫ | ૭ |
| ૮ | ૨ | ૪ | ૩ | ૫ | ૭ | ૧ | ૯ | ૬ |
| ૩ | ૪ | ૭ | ૮ | ૬ | ૨ | ૯ | ૧ | ૫ |
| ૧ | ૬ | ૨ | ૯ | ૪ | ૫ | ૭ | ૩ | ૮ |
| ૫ | ૯ | ૮ | ૭ | ૧ | ૩ | ૨ | ૬ | ૪ |

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| શિખર | PEAK |
| તળેટી | LOWLAND |
| કળશ | PINNACLE |
| સંન્યાસ | RENUNCIATION |
| ભિક્ષા | ALMS |

ઓળખાણ પડી?
કિષ્કિન્ધા

માઈન્ડ ગેમ
હિમાચલ પ્રદેશ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
નામ લીધા વિના

ગુજરાત મોરી મોરી રે
દ્વારકા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) નિતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજીતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) નિખીલ બંગાળી (૧૪) અમીષી બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) નૂતન વિપીન શાહ (૨૦) પુષ્પા પટેલ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) મહેશ દોશી (૨૪) વણા સંપટ (૨૫) અલકા વાણી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલીયા (૨૮) દિપીકા દોશી (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) તાહેર ઔરંગાબાગવાળા (૩૨) શીરીન ઔરંગાબાગવાળા (૩૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) નિતીન જયંતીલાલ બજરીયા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હીના દલાલ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ

# બજારની વધ ઘટનો આધાર ભારત-પાક વચ્ચે તણાવની સ્થિતિ અને કોર્પોરેટ પરિણામો પર

નવી દિલ્હીઃ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ પ્રવર્તમાન ભારત -પાક વચ્ચે વધેલા તણાવ અને જાહેર થયેલા ગત નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિકગાળાના કોર્પોરેટ પરિણામોની ઈક્વિટી માર્કેટ પર અસર જોવા મળશે, એવું વિશ્લેષકો જણાવી રહ્યા છે. જોકે, આગામી પહેલી મેના રોજ ગુરુવારે મહારાષ્ટ્ર દિન નિમિત્તે બજાર સત્તાવાર ધોરણે બંધ રહેવાની હોવાથી કામકાજનાં માત્ર ચાર જ સત્ર રહેશે.

જોકે, ઉપરોક્ત પરિબળો ઉપરાંત ગત સપ્તાહ દરમિયાન વિદેશી સંસ્થાકીય રોકાણકારોની નીકળેલી લેવાલી જળવાઈ રહે છે કે કેમ તેમ જ ટૅરિફને લગતાં અહેવાલોની સાથે વૈશ્વિક બજારનાં વલણની પણ સ્થાનિક બજાર પર અસર જોવા મળશે, એમ સૂત્રો જણાવે છે. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૮ વ્યક્તિઓનું મૃત્યુ થવાના પગલે ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવમાં વધારો થવાથી છેલ્લાં બે સત્રમાં નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. આજથી શરૂ થઈ રહેલા સપ્તાહમાં એક રજા આવી રહી હોવાથી કામકાજના માત્ર ચાર સત્ર રહેશે અને નવા મહિનાનો આરંભ પણ થશે. આથી રોકાણકારોની નજર એપ્રિલ મહિનાના ઑટોમોબાઈલના વેચાણના ડેટા ઉપરાંત એપ્રિલ મહિનાના પીએમઆઈ ઈન્ડેક અને આઈઆઈપી ડેટા પર મંડાયેલી રહેશે.

સપ્તાહ દરમિયન મુખ્યત્વે ભારત-પાક વચ્ચેના રાજકીય-ભૌગોલિક તણાવ બાબતે થતી હિલચાલ રોકાણકારોનાં રડાર પર રહેશે. આ સિવાય બીપીસીએલ, આઈઓસી, બજાજ ફાઈનાન્સ, ટીવીએસ મોટર અને અલ્ટ્રાટેક સિમેન્ટ જેવી કંપનીઓનાં જાહેર થનારા નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ત્રિમાસિકગાળાના પરિણામો રહેશે, જ્યારે વૈશ્વિક સ્તરે ટૅરિફ અને વેપાર નીતિ અંગેનાં અહેવાલોની બજાર પર અસર જોવા મળશે, એમ રેલિગેર બ્રોકિંગ લિ.ના વિશ્લેષક અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે છેલ્લાં બે સત્રમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહ્યું હોવા છતાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૦.૮૩ ટકા અથવા તો ૬૫૯.૩૩ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૮૭.૭૦ પૉઈન્ટ અથવા તો ૦.૭૮ ટકાનો સુધારો નોંધાયો હતો.

આગામી થોડાં સત્ર દરમિયાન ભારત-પાક વચ્ચેનાં રાજકીય-ભૌગોલિક તણાવને કારણે બજારમાં ચંચળતા જોવા મળી શકે એમ મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ હેડ સિદ્ધાર્થ ખેમકાએ જણાવતાં ઉમેર્યું હતું કે ગત નાણાકીય વર્ષનાં ચોથા ત્રિમાસિકગાળાનાં કોર્પોરેટ પરિણામોની મોસમને ધ્યાનમાં લેતાં સ્ટોક આધારિત વધઘટ જોવા મળી શકે છે. આ સપ્તાહે ખાસ કરીને અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઈનાન્સ, ટ્રેન્ટ, અંબુજા સિમેન્ટ જેવી લાર્જ કૅપ કંપનીઓનાં પરિણામો જાહેર થનાર છે.

ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્તાહના અંતે શુક્રવારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ જાહેર કરેલા પરિણામોમાં માર્ચ અંતનાં ત્રિમાસિકગાળામાં ચોખ્ખા નફામાં ખાસ કરીને કંપનીએ રિટેલ બિઝનૅસમાં સ્ટોરનું તાર્કિકરણ કરવાની સાથે ટેલિકોમ સેગ્મેન્ટનાં માર્જિનમાં સુધારો કરતાં ૨.૪ ટકાની વૃદ્ધિ દાખવતા મુખ્યત્વે તેલ અને પેટ્રોપેદાશનાં વેપારમાં ઊંચા ખર્ચને કારણે થતી નુકસાની સરભર કરી હતી. વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીનો કોન્સોલિડેટેડ ધોરણે ચોખ્ખો નફો રૂ. ૧૯,૪૦૭ કરોડ અથવા તો શૅરદીઠ રૂ. ૧૪.૩૪ રહ્યો હતો જે ગત સાલના સમાનગાળામાં રૂ. ૧૮,૯૫૧ કરોડ અથવા તો શૅરદીઠ રૂ. ૧૪ની સપાટીએ રહ્યો હતો.

આજથી શરૂ થઈ રહેલા સપ્તાહ દરમિયાન જાહેર થનારા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય આર્થિક ડેટાઓની બજાર પર અસર જોવા મળશે. આગામી ૨૮મી એપ્રિલના રોજ ભારતના માર્ચ મહિનાના ઔદ્યોગિક ઉત્પાદનના ડેટાની જાહેરાત થશે, જે દેશનાં ઉત્પાદન અને ઔદ્યોગિક ક્ષેત્રનો ચિતાર આપશે, એમ બજાજ બ્રોકિંગ રિસર્ચે જણાવ્યું હતું. વધુમાં જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું કે છેલ્લાં આઠ સત્રથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય બજારમાં પાછા ફર્યા છે ત્યારે હવે પહલગામની આતંકી ઘટના પછી આગામી દિવસોમાં તેઓની લેવાલી જળવાઈ રહે છે કે નહીં તે જોવું રસપ્રદ રહેશે.

# રિન્યુએક્સ ૨૦૨૫માં બાયોગૅસ ક્ષેત્રે ₹ ૨૦૦ કરોડનાં રોકાણની બાંયધરી

નવી દિલ્હીઃ તાજેતરમાં યોજાયેલા રિન્યુએબલ એનર્જીનાં એક્ઝિબિશન 'રિન્યુએક્સ ૨૦૨૫'માં બાયોગૅસ ક્ષેત્રમાં રૂ. ૨૦૦ કરોડ કરતાં વધુ માત્રામાં રોકાણની બાંયધરી મળી હોવાનું ઈન્ડિયન બાયોગૅસ એસોસિયેશન (આઈબીએ)એ એક યાદીમાં જણાવ્યું છે. હાલમાં ઈન્ફોર્મા માર્કેટ્સ દ્વારા ગત ૨૩થી ૨૫ મે દરમિયાન ચેન્નાઈમાં નંદમબક્કમ ખાતાને ચેન્નાઈ ટ્રેડ સેન્ટર ખાતે યોજાયેલા ત્રણ દિવસીય પ્રદર્શનમાં બાયોગૅસ ઉદ્યોગે રૂ. ૨૦૦ કરોડ કરતાં વધુ માત્રના રોકાણ માટે સમજૂતી કરાર (મેમોરન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ) થયા હોવાનું એસોસિયેશને જણાવ્યું હતું.

એકંદરે રિન્યુએક્સ ૨૦૨૫એ બાયોએનર્જી, સૌર અને વિન્ડ એનર્જી, એનર્જી સ્ટોરેજ અને મેનેજમેન્ટ ક્ષેત્ર સહિત તમામ હિસ્સેધારકોને એકત્રિત કર્યા હતા અને સહયોગ તથા વિકાસલક્ષી ચર્ચા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. તેમાં ખાસ કરીને બાયોએનર્જી સંશોધનો, ટકાઉ ભાગીદારી અને નીતિવિષયક ચર્ચા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આથી ઉદ્યોગના વ્યવસાયિકો, રોકાણકારો અને નીતિઘડવૈયાઓનો મજબૂત પ્રતિસાદ જોવા મળ્યો હોવાનું એસોસિયેશને યાદીમાં જણાવ્યું હતું.

ચેન્નાઈમાં અમે સૌ પ્રથન વખત બાયોગૅસ ક્ષેત્રની ક્ષમતા પ્રદર્શિત કરી હતી.

અમારી પારસ્પરિક ચર્ચાઓની ફળશ્રુતિરૂપે ઘણાં જોડાણો થયા છે અને મુખ્યત્વે દક્ષિણ ભારતમાંથી બાયોએનર્જી સોલ્યુશન્સ માટે ખૂબ રસ જોવા મળ્યો હોવાનું આઈબીએનાં ચેરમેન ગૌરવ કેડિયાએ જણાવ્યું હતું.

રિન્યુએક્સ ૨૦૨૫ એ ટેક્નોલૉજી, પાયાકીય નવીનતા અને સુરેખ નીતિ દર્શાવી છે. તેમ જ બાયોએનર્જી ભારતની ઊર્જાનાં ભવિષ્યને ફરીથી આકાર આપવામાં મુખ્ય અને મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે એવો નિર્દેશ આપ્યો છે, એમ એસોસિયેશનનાં પ્રમુખ એ આર શુક્લાએ જણાવ્યું હતું.

# પ્રાઈસ સપોર્ટ સ્કીમ હેઠળ ૩.૯૨ લાખ ટન તુવેરની પ્રાપ્તિ

નવી દિલ્હીઃ સરકારે અત્યાર સુધીમાં પ્રાઈસ સપોર્ટ સ્કીમ (પીએસએસ) હેઠળ ૩,૯૨,૦૦૦ ટન તુવેરની પ્રાપ્તિ કરી હોવાનું કૃષિ મંત્રાલયે તાજેતરમાં એક યાદીમાં જણાવ્યું છે.

મંત્રાલયે ૧૩.૨૨ લાખ ટન તુવેરની પ્રાપ્તિ માટે મંજૂરી આપી છે અને પ્રાપ્તિ લઘુતમ ટેકાના ભાવથી કરવામાં આવી રહી છે. વાસ્તવમાં સ્થાનિક બજારમાં સંભવિત ભાવ ઉછાળાને નિયંત્રણમાં રાખવા માટે સરકારે ૧૦ લાખ ટન તુવેરનો બફર સ્ટોક રાખવાની નેમ રાખી છે.

અત્યાર સુધીમાં અથવા તો ગત બાવીસમી એપ્રિલ સુધીમાં થયેલી ૩.૯૨ લાખ ટન તુવેરની પ્રાપ્તિનો લાભ ૨,૫૬,૫૧૭ ખેડૂતોને મળ્યો છે. અન્ય કૃષિ ચીજોની જેમ તુવેરની પ્રાપ્તિ પણ નાફેડ અને એનસીસીએફનાં ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર અગાઉથી રજિસ્ટર્ડ થયેલા ખેડૂતો પાસેથી કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે જ્યારે અમુક કૃષિ ચીજોના ભાવ નિર્દષ્ટ લઘુતમ ટેકાના ભાવ કરતાં નીચે ઊતરે ત્યારે પ્રાઈસ સપોર્ટ સ્કીમ અમલી કરવામાં આવે છે. અગાઉ વર્ષ ૨૦૨૫માં અંદાજપત્રના પ્રસ્તાવોની જાહેરાતમાં સરકારે કઠોળના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે વર્ષ ૨૦૨૮-૨૯ સુધી તમામ ઉત્પાદક રાજ્યોમાંથી કેન્દ્રીય એજન્સીઓ મારફતે તુવેર, મસૂર, અડદ અને મગની પ્રાપ્તિ કરવામાં આવશે, એવી બાંયધરી આપી હતી.

# ટ્રમ્પની ટૅરિફ નીતિને કારણે આ વર્ષે વૈશ્વિક વેપાર ઘટશેઃ વિશ્વ વેપાર સંગઠન

જિનિવાઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફ નીતિમાં બદલાવ અને ચીન સાથે ટૅરિફને કારણે સર્જાયેલી મડાગાંઠને કારણે આ વર્ષે વૈશ્વિક વેપારોમાં ૦.૨ ટકા જેટલો ઘટાડો થવાની શક્યતા છે અને તેમાં પણ જો ટ્રમ્પ રેસિપ્રોકલ ટૅરિફની નીતિ આગળ ધપાવશે તો વેપાર પર વધુ માઠી અસર થશે, એમ વિશ્વ વેપાર સંગઠન (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન-ડબ્લ્યુટીઓ)એ જણાવ્યું છે.

ગત સોમવારે ડબ્લ્યુટીઓએ ગ્લોબલ ટ્રેડ ફોરમમાં જાહેર કરેલા ટૅરિફની સ્થિતિ અંગેના અહેવાલમાં જણાવ્યું હતું કે ઉત્તર અમેરિકા પર ઊંચા ટૅરિફના દર ન હોવા છતાં આ વર્ષે તેની નિકાસમાં ૧૨.૬ ટકાનો અને આયાતમાં ૯.૬ ટકાનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. વધુમાં ટૅરિફ નીતિને ધ્યાનમાં લેતાં તૈયાર કરવામાં આવેલા અહેવાલમાં જણાવ્યું હતું કે અગાઉ એમ જણાઈ રહ્યું હતું કે વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬માં વૈશ્વિક વેપારોમાં વિસ્તરણ જોવા મળશે, પરંતુ ટ્રમ્પના ટૅરિફ વૉરે સંગઠનનાં અર્થશાસ્ત્રીઓને તેનાં અંદાજોમાં ઘટાડો અથવા તો કાપ મૂકવાની ફરજ પાડી છે.

જો, ટ્રમ્પ મોટા ભાગના દેશો પર ઊંચા ટૅરિફથી અનુસરશે અને વેપારની અનિશ્ચિતતા વચ્ચે ગૂડ્સના વૈશ્વિક વેપારમાં ૧.૫૦ ટકા જેટલો ઘટાડો થશે. નોંધનીય બાબત એ છે કે ટ્રમ્પે આકરા ગણાતા રેસિપ્રોકલ ટૅરિફનો અમલ ૯૦ દિવસ મુલતવી રાખ્યો છે આથી ૭૦ જેટલા દેશો પાસે અમેરિકા સાથે કરાર કરવા માટેનો અવકાશ છે. જોકે, તેમણે ચીનથી થતી આયાત સામે ૧૪૫ ટકા જેટલા ઊંચા ટેરિફ લાદ્યા છે અને કેનેડા તથા મેક્સિકો સાથે વાટાઘાટો કરી રહ્યા છે.

એકંદરે રેસિપ્રોકલ ટૅરિફની ૯૦ દિવસની મોકૂફી છતાં હાલમાં વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા તથા આર્થિક વૃદ્ધિની ભીતિ તોળાઈ રહી હોવાનું ડબ્લ્યુટીઓનાં ડિરેક્ટર જનરલ ગોઝી ઓકોન્જો ઈવીલાએ એક યાદીમાં જણાવ્યું હતું.

અમારા મતાનુસાર વેપાર નીતિ અંગેની અનિશ્ચિતતાને કારણે વેપારનાં પ્રવાહ પર માઠી અસર પડી રહી છે, નિકાસ ઘટવાની સાથે આર્થિક પ્રવૃત્તિઓ પણ મંદ પડી રહી હોવાનું ડબ્લ્યુટીઓનાં ચીફ ઈકોનોમિસ્ટ રાલ્ફ ઓસાએ યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે ટૅરિફ એ વેપાર નીતિનું લીવર છે જેનાં ઘણી વખત અણધાર્યા પરિણામો આવતા હોય છે. વિશ્વમાં વધી રહેલા વેપાર અંગેના તણાવનાં સંજોગોમાં સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી વેપાર બંધ રહે તે વધુ મહત્ત્વનું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# વિદેશી હૂંડિયામણની અનામત ૮.૩૧ અબજ ડૉલર વધી

મુંબઈઃ ગત ૧૮મી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૮.૩૧ અબજ ડૉલર વધીને ૬૮૬.૧૪૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ સાથે જ સતત સાતમાં સપ્તાહમાં વિદેશી હૂંડિયામણની અનામતમાં વધારો જોવા મળ્યો છે. આ પૂર્વેના સપ્તાહે અનામત ૧.૫૬૭ અબજ ડૉલર વધીને ૬૭૭.૮૩૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, ગત સપ્ટેમ્બર, ૨૦૨૪માં અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી, પરંતુ ત્યાર બાદ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં બાહ્ય પરિબળોને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા બજારમાં હસ્તક્ષેપ કરવામાં આવતો હોવાથી અનામતમાં ઘટાડો જોવા મળ્યો હતો. દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૩.૫૧૬ અબજ ડૉલર વધીને ૫૭૮.૪૯૫ અબજ ડૉલરના સ્તરે રહી હતી. નોંધનીય બાબત એ છે કે તેમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યૅન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૪.૫૭૫ અબજ ડૉલર વધીને ૮૪.૫૭૨ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨૧.૨ કરોડ ડૉલર વધીને ૧૮.૫૬૮ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૭૦ લાખ ડૉલર વધીને ૪.૫૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે માહિતીમાં ઉમેર્યું હતું.

## ગુજરાત

# ગુજરાતના કરદાતાઓએ વર્ષ ૨૦૨૪-૨૫માં ₹ ૧.૨૮ લાખ કરોડ ઇન્કમ ટેક્સ ભર્યોઃ બાવીસ હજાર કરોડ રૂપિયા રિફંડ મેળવ્યું

અમદાવાદઃ ગુજરાતના કરદાતાઓએ વર્ષ ૨૦૨૪-૨૫માં અધધધ રૂ. ૧.૨૮ લાખ કરોડ ઇન્કમટેક્સ ભર્યો હતો. ગુજરાત ઇન્કમટેક્સની આવક રેકોર્ડ બ્રેક રૂ. ૧ લાખ કરોડને પાર પહોંચી છે. જેમાં કોર્પોરેટ કરતાં વ્યક્તિગત કરદાતાઓની આવકમાં આશ્ચર્યજનક વધારો થયો છે. આમ ગુજરાતમાં ગ્રોસ રૂ. ૧.૨૮ કરોડના ઇન્કમટેક્સની આવકમાંથી પહેલી વખત નેટ આવક રૂ. ૧.૦૫ કરોડ થઇ છે. જેથી ટેક્સ કલેકશન સાથે ગુજરાત દેશના વધુ ટેક્સ કલેક્શન કરતા રાજ્યોની અગ્ર હરોળમાં યથાવત્ રહ્યું છે. જેમાં મહારાષ્ટ્ર, દિલ્હી અને તમિળનાડુનો સમાવેશ થાય છે.

ગત વર્ષ કરતાં ઇન્કમટેક્સનું ૧૪.૩૭ વધારે કલેકશન થયું છે. ગુજરાતમાં રૂ. ૨૨,૯૩૫ કરોડના કરદાતાઓએ રિફંડ મેળવ્યા છે. આમ ઇન્કમટેક્સ ગુજરાતની ગ્રોસ આવકમાંથી રિફંડ બાદ કરતા પહેલી વખત રૂ. ૧ લાખ કરોડને આંકડો પાર થયો છે. દેશમાં ઇન્કમટેક્સની ગ્રોસ આવક રૂ. ૨૭.૦૨ લાખ કરોડની થઇ છે. જેમાં ગત વર્ષ કરતા ૧૫.૫૯ ટકાનો વધારો નોંધાયો છે. ગ્રોસ આવકમાંથી ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે કોર્પોરેટ કંપનીઓને રૂ. ૨.૮૫ લાખ કરોડ અને વ્યક્તિગત કરદાતાઓને રૂ. ૧.૯૦ લાખ કરોડનું રિફંડ આપ્યું છે. આમ કુલ રૂ. ૪.૭૬ કરોડનું રિફંડ આપી ઇન્કમટેક્સને નેટ આવક રૂ. ૨૨.૨૬ કરોડ થઇ છે. જે નેટ આવકમાં ગત વર્ષ કરતા ૧૩.૫૭ ટકા વધારો થયો છે. ઇન્કમટેક્સને નેટ કલેકશનમાં કોર્પોરેટ કંપનીઓનો રૂ. ૯.૮૬ કરોડની સામે વ્યક્તિગત કરદાતાઓનો રૂ. ૧૧.૮૨ કરોડનો ટેક્સ મળ્યો છે.

# ગોંડલમાં ઘમસાણ વચ્ચે અલ્પેશ કથીરિયાને જયરાજસિંહનો પડકારઃ ચૂંટણીમાં વરરાજા બનીને આવજો, જનતા જવાબ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગણેશ ગોંડલે યુવા પાટીદાર નેતાઓ અલ્પેશ કથીરિયા, મેહુલ બોઘરા અને જીગીશા પટેલને ગોંડલમાં આવવાની ચેલેન્જ આપી હતી. આ પડકાર સ્વીકારી ત્રણેય નેતાઓ તેમના સમર્થકો સાથે ગોંડલની મુલાકાતે આવતા ગોંડલમાં સામાજિક અને રાજકીય ઘમસાણ શરૂ થયું હતું અને શહેરમાં તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. અલ્પેશ કથીરિયાએ કહ્યું હતું અમે આખો દિવસ ગોંડલમાં રહીશું પરંતુ, તેઓ સવાર ૧૦ વાગે આવ્યા અને સાડા અગિયાર વાગે ગોંડલથી રવાના થઇ ગયા હતા. આ દરમિયાન તેમને ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

આ મુલાકાત અલ્પેશ કથીરિયાએ ફરી એકવાર ગોંડલને મિર્ઝાપુર સાથે સરખાવ્યું હતું. આ સમગ્ર મામલે બંને પક્ષના સમર્થકો સામસામે આવી ગયા હતા. જાડેજા પરિવાર સમર્થકોએ કાળા વાવટા ફરકાવી અલ્પેશ કથીરિયાનો વિરોધ કર્યો હતો. તો બીજી તરફ અલ્પેશ કથીરિયાના સમર્થકોએ ગોંડલ મિર્ઝાપુર હોવાની વાતને સમર્થન આપ્યું હતું.

આ સમગ્ર પરિસ્થિતિને પગલે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહના નિવાસસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી. જયરાજસિંહ જાડેજાએ આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, ગોંડલને ખોટી રીતે બદનામ કરવામાં આવી રહ્યું છે. ગોંડલમાં અઢારે વરણ અમારા પરિવાર સાથે છે. લોક રોષ જોઈને ગોંડલ છોડીને જતું રહેવું પડ્યું છે. અમને જનતાનો વિશ્વાસ મળ્યો છે. આગામી દિવસોમાં નગરપાલિકા, માર્કેટિંગ યાર્ડ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી આવી રહી છે. અણવર બનીને નહીં, વરરાજા બનીને આવજો. ગોંડલની જનતા તમને જવાબ આપશે.

જયરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગોંડલની અંદર મારા ખ્યાલથી હું જે રીતે ૩૦ વર્ષની મારા જાહેર જીવનમાં પડેલો છું. મારા જાહેર જીવનની અંદર ગોંડલમાં ક્યારેય મેં અશાંતિ જોઈ નથી. હાલની જો વર્તમાન સમયની વાત કરવામાં આવે તો ગોંડલની અંદર જે શાંતિ છે જે શાંતિનો માહોલ છે. ૧૮ આલમનો એક અવાજ છે. એ રીતે ગોંડલમાં મને ગુંડાગીરી જેવું કઈ દેખાતું નથી. જે રીતે ગોંડલ ગામને બદનામ કરવામાં આવ્યું ગોંડલ છે તે મિર્ઝાપુર છે. ગોંડલની અંદર ગુંડાગીરી છે.

ગોંડલની અંદર પાટીદારોની જમીન પડાવી લેવામાં આવે છે. એક પણ પાટીદારની જમીન જો મેં કે મારા પરિવારે પડાવી લીધી હોય. મેં કે મારા પરિવારે તો આ તમારી સામે બેસીને ઊભો થાવ ત્યારે મારું જાહેર જીવન છોડી દેવાની મારી તૈયારી છે. જેવી રીતે ખોટા આક્ષેપ કર્યા એનાથી જનતાની અંદર આક્રોશ વધ્યો છે.

જે રીતે ગોંડલની જનતાએ જવાબ આપી દીધો છે આનાથી મોટો મારો અવાજ નથી ગોંડલની જનતાનો અવાજ છે એ મારા માટે સર્વોપરી છે.

# ગોંડલમાં પાટીદાર નેતાઓની એન્ટ્રીથી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈઃ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ જાડેજાએ સુલતાનપુરમાં યોજાયેલી એક જનસભામાં આપેલા પડકારને પાટીદાર યુવા નેતાઓ અલ્પેશ કથીરિયા, મેહુલ બોઘરા અને જીગીશા પટેલે સ્વીકારી લેતાં ગોંડલમાં પ્રવેશ કર્યો હતો. રવિવારે પાટીદાર સમાજના યુવા નેતાઓની મુલાકાતને પગલે મામલો વણસ્યો હતો. પાટીદાર નેતાઓના આગમન પહેલા, ગોંડલમાં રસ્તાઓ પર મહિલાઓના ટોળાએ, કથીરિયા હાય હાય ના નારા લગાવ્યા હતા. ગોંડલમાં તેમની ઉપસ્થિતિને પગલે પોલીસ દ્વારા સવારથી જ રીબડા, આશાપુરા ચોકડી અને ગોંડલના મુખ્ય ચોક પર બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. સ્થાનિક પોલીસે જણાવ્યું હતું કે, કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટે સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે. રીબડા ગામથી ગોંડલના આશાપુરા ચોકડી સુધી ૧૯ પીઆઈ-પીએસઆઈ અને ૧ ડીવાયએસપી સહિત કુલ ૧૫૫ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે ગોંડલ અને આસપાસના વિસ્તારોમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

TENDER NOTICE

Sealed Tenders are invited for Repairs & Painting Works of

NATRAJ (BORIVALI) C.H.S. LTD.

Sodawala Lane, Opp. Prabodhan Thakre Natya Gruh, Borivali (W), Mumbai - 400092.

Blank Tender documents available at

M/s. CONQUISTUS PROJECT MANAGEMENT CONSULTANCY. PVT. LTD.,

B/8, Sai Aastha C.H.S.Ltd., Mulji Nagar, Saibaba Mandir Road, Borivali (West), Mumbai - 400092.

Ph.: 022 2862 0757

Resourceful and experienced Contractors only need apply.

Tender available from 28/04/2025 to 04/05/2025 AT CONSULTANT'S OFFICE

Tender Submission on 05/05/2025 by 6.00 pm AT SOCIETY OFFICE

Tender Cost Rs. 5,900/- inclusive of GST (Non Refundable)only in Cash.

# સુરતમાં પાંચ બાળકે રમત-રમતમાં ચપ્પુના ઘા ઝીંકી ૧૬ વર્ષીય કિશોરની હત્યા કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ભેસ્તાન વિસ્તારમાં ૧૬ વર્ષના કિશોરની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. આ બનાવમાં પોલીસે તપાસ હાથ ધરતા ૧૬ વર્ષીય કિશોરની હત્યા અન્ય ૫ બાળકોએ કરી હોવાનું બહાર આવ્યું હતું. મળતી માહિતી મુજબ સુરતના ઉન પાટિયા પ્લેટેનીયમ પ્લાઝા રોયલ પાર્કની સામે ખુલ્લા પ્લોટમાંથી એક વ્યક્તિની લાશ મળી આવી હતી.

બનાવની જાણ પોલીસને થતા ભેસ્તાન પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોચી હતી. પોલીસે તપાસ કરતા મૃતકની ઓળખ ઉન પાટિયા આસમાનગર પાસે રહેતા ૧૬ વર્ષીય અનસ ફકરૂદિન શેખ તરીકે થઇ હતી. તેની ચપ્પુના ઘા ઝીકી હત્યા કરવામાં આવી હતી. આ મામલે ભેસ્તાન પોલીસે ગુનામાં સંડોવાયેલા બાળકો મળી આવ્યા હતા અને તેમની પૂછપરછ કરતા તેમણે ગુનો કરેલાની કબુલાત કરી હતી. જેથી કુલ પાંચ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોને તાબામાં લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આ સમગ્ર મામલે પોલીસે જણાવ્યું હતું કે, પાંચ આરોપી બાળકો છે જે પૈકી એકની ઉમર ૧૦ વર્ષ છે, બીજા બેની ઉમર ૧૨-૧૨ વર્ષની છે એકની ઉમર ૧૩ વર્ષ છે અને એકની ઉમર ૧૪ વર્ષની છે. આ પાંચેય બાળકો અને મૃતક કિશોર બધા સાથે જ રમતા હતા બધા મિત્રો હતા, પરંતુ રમતા રમતા આ બાળકોનો ઝઘડો થયો હતો. મૃતક કિશોર આ બાળકોને ચીડવતો હતો અને ગાળો બોલતો હતો.

# સુરતના યુવાનોએ વંદે માતરમના નારા સાથે શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં પહલગામમાં પર્યટકો પર આતંકવાદીઓ દ્વારા ધડાધડ ગોળીઓ વરસાવીને ૨૬ નિર્દોષોની કતલ કરવામાં આવી હતી, જેમાં ત્રણ ગુજરાતીઓ પણ મોતને ભેટ્યા હતા. આ ઘટનાને પગલે સમગ્ર દેશમાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને એક જ સૂરે આતંકવાદને નેસ્તનાબુદ કરવાનો અને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવાનું આહ્વાન કરી રહ્યા છે. એવામાં સુરતના ચાર જેટલા યુવકોએ શ્રીનગરના લાલચોકમાં પહોંચીને ભારત માતાકી જય અને વંદે માતરમના નારા સાથે તિરંગો લહેરાવ્યો હતો. સુરતથી શ્રીનગર પહોંચેલા યુવકોએ જણાવ્યું હતું કે, અમે પાકિસ્તાનીઓને બતાવવા માગીએ છીએ કે આતંકવાદી હુમલાથી અમે ડરી નથી ગયા. અમે તમારા મનસૂબા ક્યારેય પૂરા નહીં થવા દઈએ. અમે શ્રીનગરના લાલચોકની વચ્ચો વચ્ચે જઈને 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારા વચ્ચે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો છે. અમારી લોકોને પણ અપીલ છે કે, આતંકવાદીઓથી ડર્યા વિના અહીં ફરવા આવો. આપણે તેમના મનસૂબા ક્યારેય સફળ થવા દેવાના નથી. અમે જ્યારે લાલચોક પહોંચ્યા, ત્યારે અમારી વ્હાઈટ ટી-શર્ટ પર 'હમ હિન્દુ હૈ, માર દો ગોલી' લખીને ગયા હતા. આ સમયે ત્યાં ઉપસ્થિત આર્મીના જવાનોએ કોઈ વિરોધ નહતો કર્યો, પરંતુ સ્થાનિક પોલીસ દ્વારા અમને અટકાવીને આવી ટી-શર્ટ પહેરવા બાબતે પૂછવામાં આવ્યું હતુ. જો કે અમે પણ સ્પષ્ટ જણાવી દીધું હતું કે, પહલગામમાં આતંકવાદીઓએ પ્રવાસીઓને તેમનો ધર્મ પૂછીને મોતને ઘાટ ઉતાર્યા હતા. આથી જ અમે અમારો ધર્મ બતાવવા માટે લાલચોક ખાતે આવ્યા છીએ.

# સુરત ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં મેગા સર્ચ ઓપરેશન, ગેરકાયદે વસવાટ કરતા ૨૩૮ શંકાસ્પદ સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં મેગા સર્ચ ઓપરેશન હાથ ધરીને ગેરકાયદેસર રીતે વસવાટ કરતા કુલ ૨૩૮ શંકાસ્પદ બાંગ્લાદેશી શખ્સોને સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસે શોધી કાઢ્યા હતા. પોલીસે અલગ અલગ ટીમો બનાવીને બારડોલી, પલસાણા, કડોદરા, કામરેજ,કીમ, કોસંબા, માંડવી, ઓલપાડ તાલુકા વિસ્તારોમાંથી ૧૩૦ અને ૧૦૯ શંકાસ્પદ બાંગ્લાદેશી ઘૂસણખોરોની ધરપકડ કરી હતી અને હાલ તેઓની નાગરિકતા અંગે વેરિફિકેશન અંગેની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત ગ્રામ્ય જિલ્લા એલસીબી, એસઓજી, પેરોલ ફર્લો સ્કવોડની ૪ ટીમ તેમજ બારડોલી ટાઉન, બારડોલી રૂરલ, પલસાણા, કડોદરા, કામરેજ, કીમ, કોસંબા, માંડવી સ્થાનિક પોલીસની કુલ ૮ ટીમો મળી સુરત જિલ્લામાં પોલીસની કુલ ૧૨ ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમો દ્વારા ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકોને શોધી કાઢવા મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને ગેરકાયદેસર રીતે વસવાટ કરતા શંકાસ્પદ બાંગ્લાદેશીઓને શોધી કાઢ્યા હતા જેમાં ૨૬ એપ્રિલના રોજ ૧૩૦ અને ૨૭ એપ્રિલના રોજ ૧૦૯ શંકાસ્પદ બાંગ્લાદેશીઓ મળી આવ્યા હતા જેઓને સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે લાવી તેઓની પૂછપરછ કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલવે - રતલામ

ટેલિકોમ મટિરિયલનો પુરવઠો, ઈનસ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ

ટેન્ડર નં.: Sand-RTM-25-Tele-02. તારીખઃ 24/04/2025. પશ્ચિમ રેલવેના રતલામ ડિવિઝનના રેલ મેનેજર (એસ એન્ડ ટી)એ નીચેના ટેલિકોમ કાર્ય માટે ઈ-ટેન્ડર આમંત્રિત કર્યા છે. **કાર્યનું નામઃ** નાગડા-ભોપાલ, ઉજ્જૈન-ઈંદોર, ચીતોડગઢ-રતલામ, ખંડવા સેક્શનના સંબંધમાં ટેલિકોમ મટિરિયલનો પુરવઠો, ઈનસ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગઃ મિડીયા ઓટો ચેન્જઓવરનો ઉપયોગ કરીને યુએફએસબીઆઈ અને બીપીએસી માટે એન્ડ ટુ એન્ડ ડાર્ક ફાઈબર કનેક્ટિવિટીની જોગવાઈ. **કાર્યનો અંદાજિત ખર્ચઃ** રૂ. 1,52,04,278.59/- (રૂ. એક કરોડ બાવન લાખ ચાર હજાર બસ્સો ઈઠોતેર અને ઓગણસાઈઠ પૈસા). **ટેન્ડર દસ્તાવેજનો ખર્ચઃ** શૂન્ય. **અર્નેસ્ટ મની ડિપોઝિટઃ** રૂ. 2,26,000/- **કાર્ય પૂરો કરવાનો સમયગાળોઃ** છ (૬) મહિના. **ઈ-ટેન્ડર ડોક્યુમેન્ટ સુપરત કરવાની તારીખ અને સમયઃ** ૧૯-૦૫-૨૫ ૧૫:૦૦ કલાક સુધી. **ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** ૧૯-૦૫-૨૫ના ૧૫-૩૦ કલાક પછી. **ઓફરની વેલિડિટીઃ** ટેન્ડર ખોલવાની તારીખથી ૬૦ દિવસ. ટેન્ડર વેબસાઈટ https://www.ireps.gov.in પર જોઈ શકાય છે. ટેન્ડરર/બિડર પાસે ક્લાસ- III ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ અને IREPS પોર્ટલ પર રજિસ્ટ્રેશન હોવું જરૂરી. ફક્ત રજિસ્ટર્ડ ટેન્ડરર/બિડર ઈ-ટેન્ડરિંગમાં ભાગ લઈ શકશે. બધા જ સંબંધિત દસ્તાવેજો ઈ-ટેન્ડરિંગમાં સહભાગી કરતી વખતે અપલોડ કરવા જરૂરી.

ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી)
રતલામ ડિવિઝન, વેસ્ટર્ન રેલવે

SNP-10

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# ‘તમામ પાકિસ્તાનીઓનો પત્તો લાગ્યો’

## ▶ આવું કહીને ફડણવીસે વિનંતી કરી કે અમુક પાકિસ્તાની નથી મળતા એવા ખોટા સમાચાર ન ફેલાવો ▶ શું તેમનો ઈશારો એકનાથ શિંદે તરફ હતો?

(અમારા પ્રતિનિધિ તરફથી)

પુણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યમાં પાકિસ્તાની નાગરિકો ગુમ થઈ ગયા હોવાના અહેવાલોને રદિયો આપતાં કહ્યું હતું કે બધાનો પત્તો મળી ગયો છે અને તેમના દેશનિકાલ કરવાની ખાતરી આપી હતી.

ફડણવીસે કહ્યું કે કેન્દ્રના નિર્દેશો અનુસાર રાજ્યમાંથી પાકિસ્તાની નાગરિકોને દેશનિકાલ કરવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

પુણેમાં પત્રકારોને સંબોધતાં તેમણે કહ્યું હતું કે, ‘રાજ્યના ગૃહ પ્રધાન તરીકે, હું તમને વિનંતી કરું છું કે આ મુદ્દા પર કોઈ ખોટા સમાચાર ન ચલાવો. મહારાષ્ટ્રમાં કોઈ પાકિસ્તાની નાગરિક ગુમ નથી અને તે બધાનો પત્તો મળી આવ્યો છે. તે બધાને દેશનિકાલ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યમાં કોઈ પાકિસ્તાની નાગરિક બાકી રહેશે નહીં. કાલ સુધીમાં બધાને પાછા મોકલી દેવામાં આવશે,’ એમ મુખ્ય પ્રધાન ફડણવીસે જણાવ્યું હતું.

આવું કહી શું ફડણવીસે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ભણી ઇશારો કર્યો હતો જેમણે કહ્યું હતું કે, લાપતા ૧૦૭ પાકિસ્તાનીઓને શોધી કઢાશે અને તેમને ત્યાં ને ત્યાં જ ઠોકાશે.

મુખ્ય પ્રધાન પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનના એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે પુણેમાં આવ્યા હતા.

બાવીસમી એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. તેના કારણે બંને દેશો વચ્ચે તણાવ



વધી ગયો છે, જેના કારણે ભારતે ૨૭ એપ્રિલથી પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા તમામ વિઝા રદ કરવાની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્ર પોલીસે રાજ્યભરમાં વિવિધ વિઝા પર રહેતા પાકિસ્તાની નાગરિકોને શોધી કાઢવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે.

રાજ્યમાં પાણીની સ્થિતિ વિશે બોલતાં ફડણવીસે કહ્યું હતું કે, ‘એપ્રિલ અને મે મહિનામાં ડેમમાં પાણીનો સંગ્રહ ઓછો છે. પાણીના સંગ્રહ અંગે આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં, રાજ્યના તમામ ડેમમાં પાણીનો સંગ્રહ ૩૮ ટકા છે.’ ■

### ગુમ ૧૦૭ પાકિસ્તાનીને શોધશું અને ત્યાં જ ઠોકશુંઃ એકનાથ શિંદે

મુંબઈઃ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે ૧૦૭ પાકિસ્તાની નાગરિકોના ગુમ થવાની અફવાઓ ખોટી છે. બધાને શોધી કાઢવામાં આવ્યા છે. તેમને દેશની બહાર મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કોઈપણ પાકિસ્તાની નાગરિકને અહીં રહેવાની મંજૂરી આપવામાં આવશે નહીં. મને આશા છે કે રવિવાર સાંજ સુધીમાં અથવા સોમવાર સવાર સુધીમાં તેઓ તેમના દેશમાં પાછા જશે. રાજ્યના ગૃહપ્રધાન યોગેશ કદમે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં કુલ ૫,૦૨૩ પાકિસ્તાની નાગરિકો હાજર છે. લગભગ ૧,૦૦૦ પાકિસ્તાની નાગરિકો ટૂંકા ગાળાના વિઝા પર આવ્યા છે, જેમાં મેડિકલ વિઝાધારકોને વધારાના બે દિવસનો સમય આપવામાં આવ્યો છે. તે જ સમયે, ૪,૦૦૦ નાગરિકો લાંબા ગાળાના વિઝા પર રહી રહ્યા છે. આમાંથી ૧,૦૦૦ સાર્ક વિઝાધારકો છે જેઓ ફિલ્મ, દવા, પત્રકારત્વ અને વ્યક્તિગત કાર્ય માટે આવ્યા છે. કેટલાક પાકિસ્તાની નાગરિકો ૮-૧૦ વર્ષથી રાજ્યમાં રહી રહ્યા છે અને કેટલાકે અહીં લગ્ન પણ કર્યા છે. ઘણા લોકોએ ભારતીય નાગરિકતા માટે પણ અરજી કરી છે. સુરક્ષા જાળવવા માટે રાજ્યભરમાં શંકાસ્પદ નાગરિકોની સઘન તપાસ અને દેખરેખ રાખવામાં આવી રહી છે. ■

# ‘કહેવું સહેલું, કરવું મુશ્કેલ’

## ઉદ્ધવ-રાજ ઠાકરેના પુનઃમિલનની ચર્ચાઓ વેગ પકડી રહી છે, શિવસેના (યુબીટી) અને મનસેના નેતાઓ સાવચેતી ભર્યા નિવેદન આપે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરે અને તેમના અલગ થયેલા પિતરાઈ ભાઈ રાજ ઠાકરે વચ્ચેના સંબંધો ફરી સુધરી જવાની વધતી અટકળો વચ્ચે શિવસેના (યુબીટી) અને મનસેના નેતાઓએ નોંધ્યું છે કે સંભાવના આશાસ્પદ છે, પરંતુ વ્યક્તિગત સંબંધો અને સંગઠનાત્મક જોડાણને લગતા પડકારોનો ઉકેલ હજુ બાકી છે.

ઠાકરે પિતરાઈ ભાઈઓએ સંભવિત પુનઃમિલનની અટકળોને વેગ આપ્યો છે, જે સૂચવે છે કે તેઓ તેમના વિભાજનના લગભગ બે દાયકા પછી ‘તુચ્છ મુદ્દાઓ’ને બાજુ પર રાખીને એક થઈ શકે છે.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના સર્વેસર્વા રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે મરાઠી માણસોના હેતુ માટે એક થઈ શકાય છે, જ્યારે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ નાના વિવાદોને ભૂલી જવાની તૈયારી દર્શાવીને ભાર મૂક્યો હતો કે રાજ્યના હિતોનો વિરોધ કરનારાઓને સાથે ન રાખવા જોઈએ.

શિવસેના (યુબીટી)એ શનિવારે તેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર એક રહસ્યમય પોસ્ટ મૂકી, જેમાં કહ્યું હતું કે, ‘મુંબઈ અને મહારાષ્ટ્ર માટે એક થવાનો સમય આવી ગયો છે. શિવસૈનિકો મરાઠી અસ્મિતા (ગૌરવ)ના રક્ષણ માટે તૈયાર છે.’

બંને પિતરાઈ ભાઈઓ હાલમાં વિદેશમાં છે. રાજ ઠાકરે એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં અને ઉદ્ધવ ઠાકરે મેના (જુઓ પાનું ૪) ▶▶

# ઈડીની ઑફિસમાંની આગમાં મહત્ત્વની ઘણી ફાઈલ્સ ખાખ

## બેલાર્ડ એસ્ટેટમાં આવેલા ઈડીની કાર્યાલયમાં ભીષણ આગમાં કોઈ જાનહાનિ નહોતી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફોર્ટમાં બેલાર્ડ એસ્ટટ પરિસરમાં આવેલી એન્ફોર્સમેન્ટ ડીરક્ટોરેટ (ઈડી)ની ઓફિસ બિલ્ડિંગમાં શનિવાર મોડી રાતે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

બેલાર્ડ એસ્ટેટમાં ગ્રાન્ટ હોટલ નજીક કરીમભોય રોડ પર ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળનું કૈસર-એ-હિંદ બિલ્ડિંગ છે, જેમાં ઈડીની ઓફિસ આવેલી છે. શનિવારે મોડી રાતના ૨.૩૧ વાગે બિલ્ડિંગના ચોથા માળે અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટનાસ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી. વહેલી સવારના ૩.૩૦ વાગ્યે ફાયરબ્રિગેડે આગને બે નંબરની જાહેર કરી હતી.


આગ બુઝાવવા માટે આઠ ફાયર એન્જિન, છ જેટી, એક વોટર ટેન્કર, વોટર ક્વિક રિસ્પોન્સ વેહિકલ વગેરે યંત્રણા સાથે મોટી સંખ્યામાં ફાયરબિગ્રેડના જવાનો, અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગ ઝડપથી ફેલાઈ રહી હોવાથી ફાયરબિગ્રેડે સવારના ૪.૧૭



**આગ લાગી કે લગાવાઈ?** બેલાર્ડ એસ્ટેટમાં ઈડીની ઑફિસમાં લાગેલી આગમાં અનેક ફાઈલ્સ ખાક થઈ જતા હવે આગ લાગી કે લગાવાઈ એવો સવાલ પણ પુછાઈ રહ્યો છે. (અમય ખરાડે)

વાગે તેને ત્રણ નંબરની જાહેર કરી હતી. ફાયરબ્રિગેડની ભાષામાં ત્રણ નંબરની આગ એટલે મોટી અને ભીષણ આગ કહેવામાં આવે છે. તેને પગલે વધુ ફાયર એન્જિન બોલાવવામાં આવતા તેની સંખ્યા ૧૨ અને જેટીની સંખ્યા સાત થઈ ગઈ હતી. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા (જુઓ પાનું ૪) ▶▶




## મહાયુતિના નેતાએ ૨૧૦૦ રૂપિયાનો છેદ ઉડાડતા કહ્યું,

# ‘લાડકી બહેનો ૧૫૦૦ રૂપિયાથી જ ખુશ છે’

મુંબઈઃ મહાયુતિ સરકાર દ્વારા વિધાનસભાની ચૂંટણી પહેલા લાડકી બહીણ યોજના શરૂ કરવામાં આવી હતી. આ અંતર્ગત મહિલાઓના ખાતામાં ૧૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. જો સરકાર ફરી સત્તામાં આવશે તો આ રકમ વધારીને ૨૧૦૦ રૂપિયા કરવાનું વચન આપ્યું હતું. આ વચન પૂરું ન કરવા બદલ મહિલાઓમાં પહેલેથી જ નારાજગી છે. અન્ય સરકારી યોજનાઓનો લાભ લેનારી બહેનોને ૧૫૦૦ રૂપિયાને બદલે ૫૦૦ રૂપિયા મળશે એવું કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ લાડકી બહેનોએ કપાળ કૂટ્યું હતું. આ દરમિયાન મહાયુતિના એક નેતાએ કહ્યું છે કે લાડકી બહેનો ૧૫૦૦ રૂપિયાથી ખુશ છે.

રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા અજિત પવારે મહારાષ્ટ્ર ગૌરવ મંગલ કળશ યાત્રાનું આયોજન કર્યું હતું. આ યાત્રાની તૈયારીઓ કરવામાં આવી છે અને મુક્તાઇનગર તાલુકામાંથી આદિશક્તિ મુક્તાઇના દર્શન સાથે ઉત્તર મહારાષ્ટ્રથી પ્રસ્થાન થશે. આ પ્રસંગે અન્ન અને ઔષધ ખાતાના પ્રધાન નરહરિ ઝિરવાળે આદિશક્તિ મુક્તાઈના દર્શન કરીને યાત્રાનો પ્રારંભ કર્યો હતો. આ યાત્રામાં માજી પ્રધાન અનિલ પાટીલ સહિત પાર્ટીના વરિષ્ઠ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે નરહરિ ઝિરવાળે લાડકી બહીણ યોજના અંગે નિવેદન આપ્યું હતું. ■

## સાંતાક્રુઝમાં જૂથ અથડામણઃ દુકાનોની તોડફોડ, ત્રણ ઘાયલ

મુંબઈઃ સાંતાક્રુઝ વિસ્તારમાં કોઇ બાબતે થયેલા વિવાદ બાદ બે જૂથ અથડામણ થતાં દુકાનો તથા વાહનોની તોડફોડ કરવામાં આવી હતી, જેને કારણે વાતાવરણ તંગ બન્યું હતું. જૂથ અથડામણમાં ત્રણ જણને ઇજા પહોંચી હોઇ વાકોલા પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

સાંતાક્રુઝ પૂર્વમાં ગોલીબાર રોડ પર શનિવારા રાતે બે જૂથ સામસામે આવી ગયા હતા અને તેમની વચ્ચે અથડામણ થઇ હતી. અજાણ્યા શખસોએ ત્યાર બાદ એ વિસ્તારમાંની દુકાનો તથા વાહનોની તોડફોડ કરી હતી.

ઘટનાના સીસીટીવી ફૂટેજમાં આરોપીઓ હાથમાં બાંબુ લઇને દુકાનોની તોડફોડ કરતા નજરે પડ્યા હતા. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે ત્યાં બંદોબસ્ત ગોઠવી દીધા બાદ આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હતો. પોલીસ સીસીટીવી ફૂટેજને આધારે આરોપીની ઓળખ મેળવી રહી છે. ■

## ફડણવીસે ખખડાવતા પોલીસ વિશે એલફેલ બોલનારા બુલઢાણાના વિધાનસભ્યે માફી માગી લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના શિંદે જૂથના બુલઢાણાના વિધાનસભ્ય સંજય ગાયકવાડે બે દિવસ પહેલા પોલીસ વિરુદ્ધ વાંધાજનક નિવેદન આપ્યું હતું. જોકે, હવે ગાયકવાડે પોલીસ વિશે વિવાદાસ્પદ નિવેદનો આપવા બદલ ભારે કિંમત ચૂકવી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આની નોંધ લીધા બાદ, સંજય ગાયકવાડ સામે કેસ નોંધવામાં આવ્યો. આ પછી, સંજય ગાયકવાડે હવે મહારાષ્ટ્ર પોલીસની માફી માગી છે અને કહ્યું હતું કે તેમનો હેતુ પોલીસનું મનોબળ તોડી પાડવાનો નહોતો.

શુક્રવારે ગાયકવાડે મહારાષ્ટ્ર પોલીસ વિશે વાંધાજનક નિવેદનો આપ્યા હતા. ગાયકવાડે પોલીસની કાર્યક્ષમતા પર સવાલ ઉઠાવતા એવું કહ્યું હતું કે મહારાષ્ટ્ર અને ભારત સિવાય દુનિયામાં પોલીસ જેટલો બિનકાર્યક્ષમ કોઈ વિભાગ નથી. ત્યારબાદ, મુખ્ય પ્રધાન અને ગૃહ પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગાયકવાડના નિવેદનની નોંધ (જુઓ પાનું ૪) ▶▶

# પંજાબ નેશનલ બૅન્કનું જયાં ૧૩,૦૦૦ કરોડનું કૌભાંડ થયેલું ત્યાં આજકાલ કૉફીની ચુસ્કીઓ લેવાય છે

મુંબઈઃ હીરાના વેપારી નીરવ મોદી અને તેના કાકા મેહુલ ચોક્સી સાથે સંકળાયેલા કરોડો ડોલરના કૌભાંડ માટે કુખ્યાત મુંબઈની પંજાબ નેશનલ બેન્ક (પીએનબી)ની બ્રેડી હાઉસ શાખા હવે કેફેમાં ફેરવી દેવામાં આવી છે.

અહીં આવતા લોકો આરામદાયક ખુરશી અને સોફા પર બેસીને મ્યુઝિક સાંભળી ઓર્ગેનિક કોફીની લિજ્જત માણતા હોય છે. કાકા - ભત્રીજાએ બેંક સાથે રૂ. ૧૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કર્યા પછી સર્જાયેલી અંધાધૂંધીની સરખામણીએ આ વાતાવરણ એકદમ ભિન્ન છે.

દક્ષિણ મુંબઈના ફોર્ટ વિસ્તારમાં આવેલી બ્રેડી હાઉસની ઇમારતનો આ પરિસર એક




**ક્યા થા, ક્યા હો ગયાઃ** આ ફોર્ટમાં આવેલી એ જ ઈમારત છે જ્યાં આવેલી પંજાબ નેશનલ બૅન્કમાં હજારો કરોડોનું કૌભાંડ થયેલું અને આજે હવે અહીં કોફી હાઉસ છે. (પીટીઆઈ)

સમયે દેશને હચમચાવી નાખનાર સૌથી મોટા નાણાકીય કૌભાંડના કેન્દ્રમાં હતો. નીરવ મોદી અને તેના કાકા મેહુલ ચોક્સીએ માર્ચ ૨૦૧૧થી નવેમ્બર ૨૦૧૭ ની વચ્ચે બેંકની બ્રેડી હાઉસ શાખાના અધિકારીઓને લાંચ આપીને એલઓયુ અને વિદેશી લેટર્સ ઓફ ક્રેડિટ (એફએલસી) નો ઉપયોગ કરીને (જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**